પ્રકરણ - ૭ મું

:: વિક્રમોર્વશીય ::

વિદ્વાનોને સામાન્ય મતે આ કવિનું બીજું નાટક છે. છેક વેદકાળથી પુરૂરવા અને ઉર્વશીની કથા જુદે જુદે સ્વરૂપે કહેવાતી આવી છે. ઘણાં પુરાણો અને મહાભારતમાં પણ તે મળે છે. ઋગ્વેદના પહેલા અને દશમા મંડળમાં તથા બ્રાહ્મણગ્રંથોમાં પણ તે છે. પહેલા મંડળમાં માત્ર ઇશારો છે. દસમાં મંડળમાં રાજા અને ઉર્વશીનો સંવાદ છે. શતપથ બ્રાહ્મણમાં તે ફરી કહેવાઇ છે. પણ ત્યાં તેનો વાતાતન્તુ સ્પષ્ટ નથી. વિષ્ણુપુરાણ, મત્સ્યપુરાણ, બૃહત્કથાદિમાં તે મોટેભાગે પ્રાચીન કથાના રૂપમાં ધાર્મિકબોધ આપવાના હેતુથી કહેવાઇ છે. તેમાંથી મત્સ્યપુરાણની કથા સાથે નાટકના વસ્તુને વધારેમાં વધારે સંબંધ છે. – સાદ્રશ્ય છે. કોની કોનાપર કેટલી અસર તે નક્કી કરવું મુશ્કેલ છે, પણ કાલિદાસે એને, કેટલાક અંશો ગાળી નાંખીને, તેમજ કેટલાક ઉમેરીને પોતાના હેતુને અનુરૂપ બનાવવામાં ભારે કલાસૂઝ બતાવી છે.

નાન્દી પછી, નાટકના ~~કાર્યનું ઉપસ્થાન~~ કાર્યની શરૂઆત, આકાશમાર્ગમાં થાય છે. કુબેરનું ઉપસ્થાન કરીને પાછી વળતી અપ્સરાઓમાંથી, હિરણ્યપુરનો કેશી દાનવ, ઉર્વશી અને ચિત્રલેખાને પકડીને લઇજાય છે. અપ્સરાઓ મદદમાટે બુમરાણ મચાવી મૂકે છે. તે સાંભળી સોમનો પૌત્ર રાજા પુરૂરવા વિગતો જાણી, તેમને આશ્વાસન આપી, તેમને પાછા લાવવા ઉપડે છે. અપ્સરાઓ હેમકૂટ શિખરે તેની રાહ જોતાં થોભે છે. રાજા થોડાજ સમયમાં તેમને છોડાવી રથમાં પાછો વળે છે. બેભાન ઉર્વશીના સૌંદર્યથી તે આકર્ષાય છે. ભાનમાં આવતાં ઉર્વશી પણ તેના રૂપ, પરાક્રમ, અને અભિજાત વર્તનથી

આકર્ષણ અનુભવે છે. ચિત્રલેખા તે વાત કળી જાય છે. બધાં હેમકૂટને શિખરે ઉતરે છે અને મળે છે. એટલામાં ઇંદ્રે તેમને છોડાવવા મોકલેલો ગંધર્વરાજ ચિત્રરથ ત્યાં આવી પહોંચે છે. શિષ્ટાચાર પછી, રાજા તે વખતે ઇંદ્રને મળવા જવાની અનિચ્છા બતાવી, અપ્સરાઓને તેની સાથે મોકલે છે. ઉર્વશી જતાં જતાં પોતાનો હાર લતામાં ભરાયાનું બહાનું કાઢી તીરછી નજરે તેના તરફ જોતી જોતી જાય છે. રાજા નિઃશ્વાસ મૂકે છે.[1]

કાશીરાજપુત્રી રાણી ઔશીનરીની દાસી. રાજાની અન્યમનસ્કતાનું કારણ વિદૂષક પાસેથી કુશળતાપૂર્વક જાણી લે છે. રાજકાજથી પરવારેલો રાજા વિરહવ્યથામાં વિનોદ મેળવવા વિદૂષક સાથે પ્રમદવનમાં જાય છે. વસંતઋતુનું સૌન્દર્ય જોતા-માણતા, વર્ણવતા તે બેઉ ત્યાં વાતો કરે છે. રાજા ઉર્વશી વિષયક અભિલાષ પ્રગટ કરે છે. ત્યાં ઉર્વશી ને ચિત્રલેખા તેને મળવા આવી પહોંચે છે. બેઉ તિરસ્કરિણીથી ગુપ્ત રહીને તેનો વિશ્રબ્ધ વાર્તાલાપ સાંભળે છે. ઉર્વશી રાજાનો પ્રેમાલાપ સાંભળીને પ્રભાવથી ઉપજાવેલા ભૂર્જપત્ર ઉપર પ્રેમ સંદેશ લખે છે અને ફેંકે છે, બેઉ રાજાને છેવટે મળે છે, પણ વિશેષ વાત થાય તે પહેલાં જ દેવદૂતનો સંદેશ સંભળાય છે, કે "દેવરાજ ઇન્દ્ર લોકપાલો સાથે ભરતમુનિએ રચેલા" લક્ષ્મી સ્વયંવર"નો પ્રયોગ જોવા ઇચ્છે છે". બેઉ રજા લઇ ચાલ્યાં જાય છે. રાજાએ ઉર્વશીના પ્રેમસંદેશવાળું ભૂર્જપત્ર વિદૂષકને આપેલું, તે નયનવિનોદ માટે જોવા માગે છે. પણ અપૂર્વરૂપના દર્શનથી મુગ્ધ વિદૂષકના હાથમાંથી તો તે પડી ગયું છે. બેઉ તે શોધવા લાગે છે. પવન ભૂર્જપત્રને ઉડાડી રાજાને મળવા આવતાં રાણીના નૂપુરમાં ભેરવે છે. તે વાંચી તે લઇને રાણી અપ્સરાકામુક રાજા પાસે આવે છે. નિરાશ રાજાને તે ધરે છે, રાણી માટે બહુમાન ધરાવતો રાજા કશો ખુલાસો કરી શકતો નથી. તે રાણીને પ્રસન્ન કરવા પ્રણિપાત કરે છે તેને

૧: અંક – ૧

અવગણીને રુષ્ટ રાણી ચાલી જાય છે.[૨]

રાણીએ પ્રિયાનુપ્રસાદનવ્રત કર્યું છે તેની ઉજવણી પ્રસંગે હાજર રહેવા કંચુકી રાજાને વિનવે છે. તે સ્વીકારી વિદૂષક અને રાજા "મણિહર્મ્ય" મહેલની અગાશીમાં જાય છે. તે કંઈક વહેલા પહોંચે છે. રાજા પોતાની સ્થિતિ વિદૂષક પાસે વર્ણવે છે – પોતાની મદનબાધા ગ્રસ્ત દશાનો તેને ખ્યાલ આપે છે, ત્યાંજ આકાશમાર્ગે અભિસારિકા વેશ ધારિણી ઉર્વશી ચિત્રલેખા સાથે ત્યાં આવી પહોંચે છે. લક્ષ્મી સ્વયંવરમાં લક્ષ્મીનું પાત્ર ભજવતી અને રાજાના પ્રેમમાં પરવશ બની ભાન ભુલેલી ઉર્વશી, વારુણીનું પાત્રભજવતી મેનકાના એક પ્રશ્નના જવાબમાં જ્યાં "પુરુષોત્તમમાં" કહેવાનું હતું ત્યાં પુરુરવામાં" એમ કહી નાખે છે. ક્રોધેભરાયેલા ભરતમુનિ તેને "તને દિવ્યસ્થાન નહીં રહે" એવો શાપ આપે છે, પણ પોતાના રણસહાય રાજર્ષિ પુરુરવાનું પ્રિય કરવા ઇંદ્ર તેનો અનુગ્રહ કરે છે. ઉર્વશીથી થયેલા સંતાનનું રાજા મ્હોં જુએ ત્યાં સુધી તેને તેની સાથે રહેવાની અનુમતિ આપે છે. તે પછી જ ઉર્વશી અભિસારિકા વેશે આવી છે, પણ તેઓ પ્રગટ થાય તે પહેલાં વ્રતવેશધારિણી રાણી પરિજનો સાથે આવી પહોંચે છે. તેને માટેનો રાજાનો પ્રેમ જોઈને ઉર્વશી વિષાદમાં પડે છે. આ વિસંવાદમાં યે તે રાણીના પ્રભાવની પ્રશંસા કરે છે. ચિત્રલેખા તેને ધીરજ આપે છે. રાણી ચંદ્રકિરણોનું પૂજન કરે છે. ચંદ્રની સાક્ષીએ "જેને રાજા ચાહતા હોય કે જેનું મન રાજામાં લાગ્યું હોય" તેની સાથે પ્રેમપૂર્વક વર્તવાનો નિર્ણય જાહેર કરે છે અને જાય છે. તેના ગયા પછી ઉર્વશી અને ચિત્રલેખા પ્રગટ થાય છે, પ્રેમાલાપ ચાલે છે, ચિત્રલેખા રાજાને ઉર્વશીની સોંપણી કરી વિદાય થાય છે.[3]

૨: અંક –૨

3: અંક – 3

રાજા અને ઉર્વશી ગંધમાદનવનમાં વિહાર કરવા જાય છે. ત્યાં વિદ્યાધરદારિકા ઉદયવતી પર રાજાને નજર ઠેરવી રહેલો જોઇ ઉર્વશી ક્રોધે ભરાય છે. રાજાનો અનુનય ન સ્વીકારતાં ભાન ભૂલીને સ્ત્રીઓને નિષિદ્ધ કુમારવનની સીમામાં પ્રવેશે છે અને લતા બની જાય છે. વ્યાકુળ અને ઉન્મત્તવત્ રાજા તેને શોધતો ત્યાં જ ભટકે છે. વર્ષાગમને તે સ્થળનું સૌન્દર્ય ઓર ખીલી ઉઠે છે. રાજાની વિરહવ્યથા વધી જાય છે. તે જુદાં પ્રાણી - પદાર્થોને તેના સમાચાર પૂછવા લાગે છે. જવાબ ન મળતાં જાત જાતના તર્કવિતર્ક કરે છે. તેની ઉન્મત્તતામાંયે તેની સમજ અને વિચારશીલતા દેખાય છે. આ બધું નિરૂપણ પ્રકૃતિવર્ણન અને માનવભાવના નિરૂપણનો એક અત્યંત સુંદર નમૂનો છે. છેવટે રાજા થાકે છે. એટલામાં તેને એક ચમકતી વસ્તુ દેખાય છે. પાસે જઇને જુએ છે તો એક રત્ન! પણ તેનાથી જે પ્રિયાને તે શણગારત તેજ તો છે નહીં. તે તેને લીધા સિવાય જતો રહેવા તૈયાર થાય છે, ત્યાં એક મુનિ તે વિયોગી પ્રિયજનોનું શીઘ્ર મિલન કરાવનાર સંગમનીય મણિ છે એમ કરી તે લઇ લેવાની આજ્ઞા કરે છે. રાજા તે પ્રમાણે કરી મણિને મસ્તકે ધારણ કરે છે. તેવામાં ત્યાં એક લતા જોતાં તેને તેના પ્રત્યે ઉર્વશી પ્રત્યે હોય તેવો જ પ્રેમ ઉભરાય છે. તે તેને ભેટીપડે છે. તેમ થતાં જ તે લતા ઉર્વશી બની જાય છે. રાજાને પોતાના સદ્ભાગ્યમાં શ્રદ્ધા બેસતી નથી. તેણે આંખો તો મીંચી રાખેલી હતી. તે ધીરે ધીરે તે ખોલે છે. ઉર્વશી ક્ષમા માગી શું બન્યું હતું તે જણાવે છે. બેઉ મેઘવિમાનમાં બેસી રાજધાની પ્રતિષ્ઠાન આવવા નીકળે છે.[૪]

૪: અંક - ૪

પર્વને દિવસે ~~સ્નાન~~ સ્નાન કરવા પરિવાર સહિત આવેલા રાજાનો સંગમનીય મણિ ઉઠાવીને એક ગીધ ઉડી જાય છે. રાજા તેને શિક્ષા કરી શકે તે પહેલાં તે બાણની મર્યાદા બહાર જતો રહે છે. સાંજે તે જે ગોપુર બેસે ત્યાં તેને શિક્ષા કરી તે મણિ લાવવાની રાજા આજ્ઞા કરે છે. એટલામાં કોઇના બાણથી વિંધાયેલા તે ગીધ પાસેનો મણિ લઇને કંચુકી પ્રવેશ કરે છે. બાણપરના નામાક્ષરો વાંચી રાજા પોતાને પુત્રવાન જાણે છે. તેવામાં ચ્યવનાશ્રમમાંથી એક તાપસી સોળવર્ષના કુમારને લઇને આવે છે અને તે ઉર્વશીની થાપણ છે, તેણે આશ્રમધર્મની વિરુદ્ધ આચરણ કર્યું છે, માટે મહર્ષિ ચ્યવનની આજ્ઞાથી તે તેને ઉર્વશીને પાછો સોંપવા આવી છે, એમ જણાવે છે. રાજા તેને પાસે બેસાડી લાડ લડાવે છે. ઉર્વશી આવે છે, રાજાપાસે બેઠેલા પુત્રને ઓળખે છે, વાત દરમ્યાન તેને ઇંદ્રે કરેલા સમયની યાદ આવે છે અને તે આંસુ સારે છે. રાજાને બધી વાતની ખબર ~~કરી વનમાં~~ પડતાં તે પોતાના પુત્ર આયુનો રાજ્યાભિષેક કરી વનમાં જવાનો નિર્ણય કરે છે. બધાં ખેદ અનુભવે છે. ત્યાં આકાશમાર્ગે મહર્ષિ નારદ અપ્સરાઓ સાથે પધારે છે. નજીકના ભવિષ્યમાં દેવાસુરયુદ્ધ થવાનું છે તેમાં ઇંદ્રને તેની સહાયની આવશ્યકતા છે માટે તેણે શસ્ત્ર ત્યાગ ન કરવો, ઇંદ્રે ઉર્વશીને રાજાના જીવનપર્યંત તેની સાથે રહેવાની અનુજ્ઞા આપી છે, એવો ઇંદ્રનો સંદેશ આપે છે. રાજા તે માથે ચડાવે છે. બધાં નિરાંત – આનંદ અનુભવે છે. મહર્ષિ નારદ આયુનો યુવરાજ પદે અભિષેક કરે છે. ભરતવાક્યસાથે નાટક પૂરું થાય છે.

૫: અંક – ૫

મૂળ કથાનકમાં કવિએ કરેલા ફેરફાર અને ઉમેરા કલાપોષક છે. મૂળમાં તો ઉર્વશી પુરૂરવા સાથે રહેવા માટે શરતો કરે છે. એક, તેણે પાળેલાં ઘેટાંના રક્ષણની, અને બીજી અવસ્ત્રદશામાં પોતાની નજરે નહીં પડવાની. ઉર્વશી વિનાના ઉદાસ સ્વર્ગમાં તેને પાછી લાવવાનું બીડું ગંધર્વો ઝડપે છે. એક મેઘલી રાતે તેનાં મેંઢાંને લઇ જવા માંડે છે. તેમનો અવાજ સાંભળી ઉર્વશી રાજાને મહેણું મારે છે. અંધારામાં ઉર્વશીની નજરે પોતે નહીં પડે એમ માનતો અવસ્ત્ર રાજા, ગંધર્વોની પાછળ પડે છે. ગંધર્વો વીજળીનો ચમકાર ઉપજાવે છે અને તે ઉર્વશીની નજરે પડે છે. તે પાછો આવે છે ત્યારે તો ઉર્વશી તેનો ત્યાગ કરીને ચાલી ગઇ છે એમ જુએ છે. વર્ષો સુધી તે તેની શોધમાં ભટકે છે. છેવટે કુરૂક્ષેત્રમાં એક સરોવરે તેને જુએ છે. બેઉ વચ્ચે સંવાદ થાય છે. છેવટે ઉર્વશી વરસમાં એક દિવસ તેની સાથે રહેવાનું સ્વીકારે છે. તેને આઠ પુત્રો થાય છે. બીજા વિકલ્પોમાં, વિષ્ણુ અને પદ્મપુરાણ પ્રમાણે, મિત્રાવરૂણના શાપથી ઉર્વશીને પૃથ્વીપર આવવું પડે છે. તેનારૂપથી મુગ્ધ થઇ પુરૂરવા તેની સાથે લગ્ન કરે છે. ગંધર્વો તેને સ્વર્ગમાં પાછી લાવે છે. તે, વર્ષમાં એક જ દિવસ પોતાની સાથે રહે તેથી પુરૂરવાને સંતોષ નથી. તે સદા પોતાની સાથે રહે એમ તે ઇચ્છે છે. ગંધર્વો તેને એક "સ્થાલી" આપે છે. તે પાછો વળે છે, પણ પોતે છેતરાયો છે એમ લાગતાં તેને વનમાં નાંખી દઇ પાછો જાય છે. તો ત્યાં કોઇને જોતો નથી. વનમાં પાછો આવી જુએ છે તો સ્થાલી પણ નથી. તેને સ્થાને શમી અને અશ્વત્થનાં બે વૃક્ષો ઉગ્યાં છે. તે બેઉની એક એક ડાળ કાપી લાવે છે. યજ્ઞો કરે છે, પરિણામે તેને ગંધર્વલોકમાં ઉર્વશીનો સહવાસ પ્રાપ્ત થાય છે.

બૃહત્કથા પ્રમાણે, વિષ્ણુભક્ત પુરૂરવા ઉર્વશીને જોઇને તેના પ્રેમમાં પડે છે. વિષ્ણુભગવાનના સંદેશથી તે ઉર્વશી સાથે રહે છે. દેવાસુર સંગ્રામમાં તેના પરાક્રમથી ઇંદ્ર વિજયી બને છે. તેના ઉપલક્ષ્યમાં થયેલા સમારંભમાં રાજા રંભાની ભુલ કાઢે છે. તુંબુરૂને યે અપમાનજનક લાગે તેવું બોલે છે. તેથી, વિષ્ણુભગવાનને પ્રસન્ન કરતાં સુધી ઉર્વશીનો વિયોગ સહન કરવાનો તેને શાપ મળે છે. તે તપદ્વારા ભગવાન વિષ્ણુને પ્રસન્ન કરી ઉર્વશીને પાછી મેળવે છે.

મત્સ્યપુરાણ પ્રમાણે, ચંદ્રનો પૌત્ર અને બુધનો પુત્ર પુરૂરવા સાતદ્વીપ વતી પૃથ્વીનો રાજા છે. તે સો અશ્વમેધયજ્ઞો કરે છે. તેના પરાક્રમથી કેશી અને બીજા અનેક દાનવો નાશ પામે છે. તેથી આકર્ષાઇ ઉર્વશી તેના સાથે પરણે છે. ધર્મ અર્થ અને કામ, તે કોને વધારે મહત્ત્વ આપે છે એમ રાજાને પૂછે છે. અને તે ધર્મને વધારે મહત્ત્વ આપે છે એમ જાણી અર્થ અને કામ તેને અર્થલોભથી પતન અને પ્રિયાવિરહનો શાપ આપે છે. ધર્મ તેને પ્રસન્ન થઇને દીર્ધ અને પુણ્યમય સુખી જીવનનું વરદાન આપે છે. ~~સે—ક્રિપ્રસ્થ~~ ને ઉર્વશી અને ચિત્રલેખાનું હરણ કરી જતા કેશીદાનવનો વાયવ્યાસ્ત્રથી નાશ કરે છે. ઇંદ્ર તેનો મિત્ર બની તેને વધારે પ્રતાપ આપે છે. લક્ષ્મીસ્વયંવરમાં પ્રમાદ થતાં ઉર્વશીને શાપ થાય છે. તે પંચાવન વર્ષ સુધી ~~રાજા—રાજા~~ રાજાનો વિયોગ સહન કરવાનો છે. તદનુસાર ગંધમાદન પર્વત પર, ભુલથી કુમારવનમાં પ્રવેશ કરતાં તે લતાબની જાય છે. અને વિયોગ સહે છે. અંતે બેઉનું મિલન થાય છે અને તેમને ૮ પુત્રો થાય છે.

આ બધી કથાઓમાં ચમત્કારિક અતિમાનવ તત્ત્વો ભરપૂર છે. કાલિદાસે માનવ અને અતિમાનવ પાત્રો રાખ્યાં છે. છતાં તેમનામાં માનવભાવોનું આરોપણ કર્યું છે. ઉર્વશી અહીં હૃદયહીન અપ્સરા નથી. તે રાજાના પરાક્રમે આકર્ષાય છે

અને તેના પ્રેમમાં પડે છે. તેનામાં સ્ત્રીસહજ ઇર્ષ્યા, લજ્જા, અધીરાઇ, પ્રેમ અને વાત્સલ્યના ભાવો છે. ચિત્રલેખા તેનું સખીકૃત્ય સહજ રીતે કરે છે. રાજા ધીરોદાત્ત પ્રકારનો નાયક છે. તે તો માનવસહજ છેજ. નાટકનું કાર્ય હેમકૂટ, પ્રતિષ્ઠાન સ્વર્ગ અને ગંધમાદન વચ્ચે વહેંચાઇ ગયું છે. રાણી ઔશીનરી સુંદર, પ્રતાપી, પતિપ્રેમી અને સ્ત્રીસહજ ઇર્ષ્યાવાળી છે. તે પાત્ર કવિએ ઉમેર્યું છે. તેથી ~~સંઘર્ષ~~ સંઘર્ષની રેખા આવે છે, પણ સંઘર્ષ જામતો નથી. તેની ઉદારતાથી રાજાનો માર્ગ સરળ થઇ જાય છે. ભરતમુનિનો શાપ, ઇંદ્રનો ~~ઉર્વશીનો~~ શાપ અને છેવટે દર્શાવેલી કૃપા, નાટકને સુખાન્ત બનાવે છે. વિયોગી મનુષ્યો પરનાં પ્રકૃતિની અસરનું નિરૂપણ સુંદર રીતે થયું છે. પાંચમો અંક આખો ઉમેરો છે. તે નાટકને સ્વાભાવિક સુખદ અંત તરફ લઇજાય છે. આ રીતે નાટક, પ્રથમ દૃષ્ટિએ જ પ્રેમ, મિલન અને વિરહ, ઘાત અને પ્રત્યાઘાત, સ્ત્રીસહજ ઇર્ષ્યા અને ઉદારતા તથા અદ્ભુત પ્રસંગોના રંગો રજૂ કરે છે. વિલ્સને આ નાટકના વિષયમાં એક રૂપક રહેલું કલ્પ્યું છે. તે પ્રમાણે પુરૂરવા તે સૂર્ય અને ઉર્વશી તે ઉષા છે. દિનાદિ અને દિનાંતે તે થોડો વખત સાથે રહે છે. બાકીનો સમય પુરૂરવા એકલો ભટકે છે.

માલવિકાગ્નિમિત્ર નાટક કરતાં અહીં પ્રકૃતિને ઘણું વધારે મહત્ત્વ મળ્યું છે. હેમકૂટ, પ્રમદ્વન અને ગંધમાદનના સૌંદર્યનું નિરૂપણ તથા તેની અસર સુંદર રીતે નિરૂપાયાં છે. વર્ષા, ચંદ્રોદય, મધ્યાહ્ન, સંધ્યા આદિનાં વર્ણનો સુંદર સ્વભાવોક્તિમય છે. કવિત્વની દૃષ્ટિએ પણનાટક સરસ છે. રમણીય પાણીદાર મોતીજેવા શ્લોકો તેમાં ઘણા છે. ઉપરાંત આખો ચોથો અંકજ કવિત્વમય છે. તેમાં રાજાના કાર્યની સાથે સાથે જે પાર્શ્વસંગીત અને અપભ્રંશ ગાથાઓવાળા અંશનું ગાન છે

તે નવીન પ્રકારની યોજના છે એમ શ્રી ભગીરદાસ માને છે.[6]
તે અંશો ક્ષેપક છે કે મૂળ કવિની રચના છે તે વિવાદાસ્પદ પ્રશ્ન રહયો છે. પણ, આ અંકની રજૂઆત કુશળતાથી કરવામાં આવે તો તે અત્યંત આકર્ષક ~~થઈ કરવામાં~~ થઇ શકે તેમ છે. રાજાનું કાર્ય અને ઉક્તિઓ કવિત્વમય હોવા છતાં, એકલાં તો, ઘણાં આકર્ષક નથાય, પણ રાજા રંગમંચપર આવે, કોઇ પ્રાણીકે પદાર્થને જુએ, મળે, તેને ઉર્વશીના સમાચાર પૂછે, જવાબ ન મળે, તે ચાલ્યો જાય, ફરી પાછો આવે, તે દરમ્યાન બીજું પ્રાણી કે વસ્તુ કે દૃશ્ય રજૂ થાય અને તે તેને પૂછે, અને સાથે જ પેલી રૂપકાત્મક અને તેની માનસિક સ્થિતિપર પ્રકાશપાડતી ગાથાઓ વગેરે ગવાયા કરે તો, તે નૂતન પ્રકારની યોજના આકર્ષક નીવડે તેમ છે.

કોઇ કોઇ તો તેને શાકુન્તલ કરતાંય ઉંચે સ્થાને મૂકે છે.[7] પણ તે માટેની દલીલો ભાગ્યેજ પ્રતીતિકર લાગે છે. કાવત્વ અને માનસનિરૂપણ તેમાં અગત્યનાં છે, પણ શાકુન્તલની તુલનાએ કાર્યની દૃષ્ટિએ તેમાં નિર્બળતા છે. એ વાત ભાગ્યેજ ઢાંકી રહે છે. નાટકનું આખું એ વાતાવરણ Romantic અદ્ભુત રસિક છે. પ્રથમ દૃષ્ટિએ પ્રેમ, દૈવી શસ્ત્રોની શક્તિનું પ્રદર્શન, ગંધમાદન, હેમકૂટ અને સ્વર્ગમાં બનતા પ્રસંગો, શાપની શક્તિ, તિરસ્કરિણી અને સંગમનીયમણિના પ્રભાવ આદિ એવા અંશો છે. સુંદર અને આકર્ષક દૃશ્યો, ભાષા, ભાવ અને અલંકારની છટા, ઔચિત્ય, લાલિત્ય, ઝમક, કવિતા રસ અને ધ્વનિ એ બધાને કારણે આ નાટક મહાકવિ કાલિદાસનું એક મહત્ત્વનું સર્જન છે જ.

૬: શ્રી ભગીરદાર: The Indian drama - P. 91 ff.
૭: શ્રી એચ. એચ. વિલ્સન

રણછોડભાઇ ઉદયરામ – ૧૮૬૮ જૂન

અનુવાદક ગુજરાતી નાટકસાહિત્યના પિતા ગણાય છે. ગુજરાતી રંગભૂમિમાં રસ, તેનો ઉત્કર્ષ કરવાનો સન્નિષ્ઠ અભિનિવેશ, અને તે માટે સક્રિય કાર્ય, તેનાં કારણો છે. તેમણે રચેલાં નાનાંમોટાં મૌલિક, અનુદિત નાટકો અને માલવિકાગ્નિમિત્ર તથા વિક્રમોર્વશીય નાટકોના અનુવાદો તેના નમૂના છે.

પ્રસ્તાવનામાં તે કાલિદાસે માલવિકાગ્નિમિત્ર, વિક્રમોર્વશીય, અભિજ્ઞાન શાકુન્તલ એ ક્રમમાં નાટકો લખ્યાં છે એમ સ્વીકારે છે. તેમાં છેલ્લાં બેની શ્રી એચ. એચ. વિલ્સનકૃત તુલના અને શ્રી એ. વી. હમ્બોલ્ટકૃત "વન"ના પ્રવેશની પ્રશંસા ટાંકે છે અને લખે છે:

"ભાષાંતર ઔપચ્છંદસિકા, મંદધટી, કુટિલિકા, વૈતાલીય, ખુરક, ભિન્નક, ખંડક, જંભલિકા, આક્ષિપ્તિકા, દ્વિપદિકા, અપરવક્ત્ર, ઇત્યાદિ મૂળમાં અપ્રસિદ્ધ છંદો છે, તે વા ભાષાંતરમાં રાખવાને બદલે ઘણું કરીને પ્રસિદ્ધ છંદમાં રાખવાનું મને ઠીક લાગ્યું છે તે પ્રમાણે મેં કર્યું છે. તેમજ ચોપાયા છંદ, મરાઠી ચાલની સાખી પ્રમાણે સુંદર રીતે ગવાય છે. મનહર છંદ મનોહર રીતે ધ્રુપદને રાગે ગવાય છે. તેજ રીતે ગાતાં શોભે તેવા છંદોમાં મેં રાખ્યા છે. ભાષાંતર કરવામાં મૂળની સાથે વધારે સંબંધ રાખી ગુજરાતીમાં શોભતી વાક્યરચના કરવા ઉપર ધ્યાન રાખ્યું છે."[૮]

૮: પ્રસ્તાવના પૃ. ૭-૮

પૌરાણિક સંદર્ભો વિશેના પરિશિષ્ટમાં વ્યક્તિઓ અને સ્થાનોનો પરિચય આપ્યો છે.

મૂળ નાટકમાં અંકો છે પણ પ્રવેશો નથી. પાશ્ચાત્ય નાટકો અને રંગભૂમિપર તે કાળમાં ભજવાતાં નાટકોની વ્યવસ્થાની અસરથી પ્રવેશરચના કરી છે, કેમકે તેમણે રંગભૂમિને ધ્યાનમાં રાખીને રચનાઓ કરી છે, તે નાટકો ભજવાય ત્યારે એવા જતા, પ્રોત્સાહન આપતા અને નટાદિને સૂચનાઓ પણ આપતા.

પહેલા અંકના અંતિમ દૃશ્યનું સાદું ચિત્ર પણ મૂક્યું છે. જે સાધારણ જ છે. પૃ.૧૨માં થોડાં વાક્યો – ઉક્તિઓ તળે ઉપર કર્યાં છે.

નાન્દી: મનહરછંદ:

જેને વેદમાં વદે છે પવિત્ર પુરુષ એક,
અવની આકાશ વ્યાપી રહેલો જણાય છે,
બીજા કો વિષય વિષે પ્રવેશ ન જેનો એવો
ઇશ્વર એ શબ્દ, જેમાં સાર્થક થાય છે,
અંતરમાં નિયમિત પ્રાણાયામ કરે તેવા
મુમુક્ષ પુરુષોતણા યત્નથી શોધાય છે,
એવો મહાદેવ ભોળો તમારું કલ્યાણ કરો.
સ્થિર ભક્ત યોગ વડે જે પોતે સધાય છે.

પ્રસ્તારી હોવાછતાં ભાષાંતર સરળ છે. મૂળનો અર્થ રજૂ કરે છે. રેખાંકિત ૧ વધારાનું છે. બીજું સુલભ માટે છે. તેમાં અર્થ થોડો બદલાય છે. (મૂળ સાથે તુલના કરવામાં પ્રા. રા. બ. આઠવળેકૃત ૧૯૫૭ની આવૃત્તિ ઉપયોગમાં લીધી છે.)

अलमतिविस्तरेण: હવે એટલો વિસ્તાર બસ છે" – ગુજરાતીને અનુકૂળ કરવામાં વાક્યરચના બદલી છે અને વિસ્તાર કર્યો છે.

પૃ. ૧ अये किं नु खलु० "આકાશમાં ગમન કરનારા જનોને અકસ્માત આવો કરુણાભરેલો અવાજ સંભળાય છે. તેનું કારણ શું હશે વારું? અહં, એ તો મેં જાણ્યું.

રેખાંકિત ૧. अवकाशे માટે છે. ૨. कुररीणामिव શબ્દ માટે છે. ૩. ચરોતરી પ્રયોગ છે.

અંક ૧માં શરૂઆતથી પહેલો, રાજા બેઉ અપ્સરાઓને છોડાવીને પાછો ફરે છે. ત્યાં સુધી બીજો, ઉર્વશી ચિત્રલેખાને ખસવાનું કહે છે, ત્યાં સુધી ત્રીજો પ્રવેશ છે. તેથી, અને બીજા અંકોમાં યે પ્રવેશ કર્યા છે, તેથી, ભજવવામાં સરળતા થવાનો સંભવ ખરો. અનુવાદકે ઉક્તિઓમાં સ્થળે સ્થળે ફેરફાર કર્યા છે. ઘણા ન જેવા છે. તેથી તેટલે અંશે અનુવાદ શિથિલ અને મૂલાપસારી થાયછે. જેમકે,

અપ્સરાઓ: "રક્ષણ કરો, રક્ષણ કરો, જેઓ દેવોના પક્ષપાતી હોય તેઓ અથવા જેમનાં આકાશ તળે ગતિ હોય તેઓ અમારું રક્ષણ કરો." અહીં "તળે"માં અર્થ બદલાય છે. "આકાશમાં" વધારે સારું, યોગ્ય થાત.

રાજાની ઉક્તિમાં "અહો અપ્સરાઓ" ઉમેરો છે. अवलेपात् માટે "બળાત્કારથી" કર્યું છે. "શ્રી પાર્વતીના રૂપનો ગર્વ છોડાવવાવાળી" ભૂલ છે. મૂળ છે લક્ષ્મીના રૂપના ગર્વનો પ્રત્યાદેશ."

શ્લોક ૨ : મનહર:

મેઘ ચૂરેચૂરા થઇ રેણુપદ પામી જઇ,
રથને અગાડી ભાગે ઉડી આવી જાય છે,
પૈડ્યાંનું ભ્રમણ થાય તેથી આરાઓની માંહ્ય,
જાગે બીજી આરાવલી નવી પેદા થાય છે.

ઘોડાના માથા પરની પ્રસરેલી કલગીને
ચિત્રમાં ચિત્રેલી એવી અચલ દેખાય છે,
વાયુવેગ થકા મધ્યભાગની ધ્વજાનો પટ,
પાછળના ભાગપર આવીને શોભાય છે.

રેખાંકિત ભાગમાં શિથિલતા છે, સાથે સરળતા પણ છે. ચોથી પંક્ત મૂલાનુસારી નથી. "પંડ્યાંમાં" ચરોતરી અસર છે. "ચક્રોનું" ચાલત. શ્લોકોના સમશ્લોક અનુવાદ ભાગ્યે જ કર્યા છે. વૃત્તોમાં છે ત્યાંયે મોટે ભાગે મૂળનું વૃત્ત બદલ્યું છે. તે વૃત્તો પ્રાય: મૂળ કરતાં લાંબાં છે તેથી અનુવાદ શિથિલ, ઉમેરાવાળો બને છે, મૂળનું લાલિત્ય, રચનાકૌશલ અને ધ્વનિયુક્ત અર્થગૌરવ ઓછાં થઇ જાય છે.

શ્લોક ૬ ગીતિ

વિશાળ સ્તનમાં પળપળ ઉછળે મંદારપુષ્પનો હાર,
તે સુચવે છે એનો હ્રદયતણો કંપ થાય બહુ વાર.

स्तन न
कुसुमबन्धम् નો અર્થ ખોટો છે. મૂળમાં તો "સ્તનમધ્યે રહેલા હારચંદનથી," જે ઉચ્છ્વસિત થાય છે" એવો અર્થ છે.

"अनप्सरेव प्रतिभासिमे!" માટે આમ કરવું આપણ અપ્સરોને છાજે નહિ - શિથિલ છે.

શ્લોક ૭ શાર્દૂલવિક્રીડિતમાં છે. મૂળમાં મંદાક્રાન્તા છે આવિર્ભૂતે માટે:

રાત્રિ ચંદ્રપ્રકાશથી તમ હઠ્યે જેવી રૂડી થાય છે,
નૈશા અગ્નિની જ્વાળ ધૂમપટને ભેદેથી દેખાય છે
ગંગા તેડ ધસ્યે વડી મલિનને ચોખ્ખી પછી થાય છે,
તે રીતે વરતન્વી મોહ પટથી છૂટેલી દેખાય છે.

રેખાંકિત પદો પ્રાય: વધારાનાં છે. અનુવાદમાં મૂળનું લાલિત્ય આવતું નથી. તે શુષ્ક અને સાદો લાગે છે. એવું જ શ્લોક ૮માનું યે છે. શ્લોક ૧૦નો અનુવાદ મૂળને ઓછો જ અનુસરે છે:

સુતન્વી તને કો જુએ એકવેળા,
પછી તું વિના તે બને ખૂબ ઘેલા
સુમિત્રાઇ પાકો થયેલી સખીની,
પછી શી રહી વાત બાકી દુઃખીની.

મૂળની સુંદર ઉપમા છૂટી ગઇ છે. પં. ૩-૪માં ઉમેરો છે. ઉર્વશીની સ્વગતોક્તિ : अमृतं खलवस्य वचनम् ને માટે "ખરેખર તારાં વચનો અમૃત જેવાં છે." નિર્બળ છે. સૂચના વધારાની છે.

विषमावतारः નો અર્થ વિષય (પ્રવેશ ૩માં) અવતારઃ કર્યો છે. ૧૬મી કડી મૂળનો ૧૨મો શ્લોક છે. "આ આતુર સુભ્રુ જઇ, સમાન આતુર સખિયો શું શોભે, વાસવની શુભ શોભાવેલ વિષે ન્યમ જઇ કરી થોભે માં आर्तवी નો રેખાંકિત અનુવાદ ખોટો છે.

दिष्टया માટે "બહુ સારું થયું" અને पीडितम् માટે "ખૂબ બાળીને" અર્થ કરે છે તે અસુભગ, ગ્રામ્ય છે.

दिष्ट्या महेन्द्रोपकारपर्यन्तेन विक्रममहिम्ना शोभते भवान् - "મહાન ઉપકાર કરવાનો જે આપનો મહિમા તેથી કરીને આપ વૃદ્ધિ પામો છો". ખોટો અર્થ છે.

इत इत માટે "આ રસ્તે" અર્થ કરે છે.

પૃ. ૧૮ चित्रलेखाः दुर्मोचनीयेव॰ "મારાથી છોડાવી શકાવાય એમ નથી." રેખાંકિત ખોટો પ્રયોગ છે.

उर्वशी सस्मित स्मरतावदात्मवचनम्
"મશ્કરી કરવી જવા દે. છોડાવ એને" મૂળથી જુદું જ છે.

શ્લોક ૧૬

હે વેલ તેં પ્રિય કર્યું બહુ મારું ભારી
તેના રૂડા ગમનમાં ક્ષણ વિઘ્નપાડી
રાખી અરાલનયના જતીહાર ઝાલી,
વાંકી વળી નિહાળતાં ફરી મેં નિહાળી.

नपाङ्गनेत्रा માટે અરાલનયના કરે છે. બાકી ઉમેરા છે. અનુવાદ શિથિલ છે. उपश्लेषय માટે "ભેટ" પણ બરાબર ન ગણાય. "આ મારા ઉપર ઉપકાર કરનાર રાજાને ફરી જોઇશ વારૂ?" એ ઉર્વશીની ઉક્તિમાં ઉમેરો છે. શ્લોક ૧૮નો હરિગીતમાં પ્રસ્તારી અનુવાદ કર્યો છે:

મુજ અંતર ભેદી અપ્સરા મન માહરું ખેંચી લઇ,
નિજ ચિત્તના વચલા પ્રવેશની માંહ એ ઉડી ગઇ,
જ્યમ રાજહંસી કમળ કેરા નાળને ભેદી કરી
લઇ ખેંચી તંતુ માંહેલો ને ઊડે બહુ ધારણ કરી.

રેખાંકિત શુષ્ક, પ્રસ્તારી ઉમેરા છે. ચોટને હાનિ થાય છે.

અંક ૨ શ્લોક ૧નો મંદાક્રાન્તા ને બદલે મનહરમાં અનુવાદ નિર્બળ છે. પં. ૧-૨ તો છોડી જ દીધી છે. તેવું જ શ્લોક ૨માં પણ કર્યું છે. મૂળની ભભક આવતી નથી. મૂળમાં બેઉ સુંદર છે.

પૃ. ૨૮ राजा: माणवक प्रत्यवयवमशक्यवर्णनं तामवेहि। "મેં તેનો એકે એક અવયવનું વર્ણન તારા આગળ નથી કર્યું માટે..........." અર્થ ખોટો છે.

શ્લોક ૩

શણગાર તણો શણગાર થતાં,
ખરું ભૂષણ ભૂષણનું બનતાં
કહું મિત્ર શી વાત શરીર તણી,
ઉપમાન તણી ઉપમાન બની.

મૂળ प्रसाधन विधे: નો "ભૂષણ"અર્થ ખોટો છે. રેખાંકિત ઉમેરો છે. તે જ રીતે, दिव्यरसाभिलाषिणा માટે "મૃગતૃષ્ણાના રસાભિલાષી" પણ ખોટું છે. का गति: માટે"શો ઉપાય?" કરવાને બદલે "અહીંથી કિયે રસ્તે જવું?" તેવું એવું જ છે. રાજાની ઉક્તિ અને પાંચમો શ્લોક માત્ર એકસાદી ઉક્તિમાં પતાવ્યાં છે, તેમાં માત્ર ભાવાર્થ જ આવે છે. मणिशिला માટે "કૃષ્ણશિલાપટ્ટવાળું" અને उत्कंठा માટે "ઉચાટ"

બેઉ ભૂલો છે. શ્લોક ૭નું ભાષાંતર મૂળની ખૂબી ઉતારી શકતું નથી. શ્લોક ૮

એ અંગના નિરખતાં મોહિત થયલાં નયન ન ધિરજ ધરે,
પુષ્પિત રમ્ય વિટપની ઉપવન વેલી પગ નવ અસર કરે.

"નવ ધિરજ ધરે" એ नबध्नाति માટે છે તે અયોગ્ય.

શ્લોક ૯

પૂર્ણ ચંદ્રમાના જેવા મુખની મળવાની નહીં સેલી
તેમ છતાં ક્યમ અંગ વિશે આ અનંગચેષ્ટા રેલી,
પણ આનંદની ઊઠી રહી છે મારા મનમાં હેલી,
માટે ઇચ્છિત વસ્તુ મુજને પ્રાપ્ત થશે બહુ વેલી.

પણ શિથિલ ભાષાંતર છે.

પૃ. ૩-૪ मदनः खलु मां नियोजयति।

"મદન ખતરવટ થઇને લાગ્યો છે" માં લોકભાષાનો પ્રયોગ છે.

પૃ. ૩૮ कानु खल्वेषास्त्री अनेन प्रार्थ्यमाना०

"જેને માટે રાજા આટલું કરે છે તે તો મોજ મારતી હશે. એવી તે કઇ ભાગ્યશાળી સ્ત્રી હશે?" અનુવાદ ખોટો છે. ઉક્તિઓમાં યે કોઇ કોઇ સ્થળે વિપર્યય કે ઉમેરા કે શિથિલતા દેખાય છે.

શ્લોક ૧૦નો પંક્તિ ૩-૪નો અથ મૂળ અર્થ : એ સુવદના પ્રિયાને ચિત્રપટમાં પૂરી આલેખ્યાં પહેલાં જ મારી આંખો આંસુથી છલકાઇ જશે." છે. અનુવાદ:

આ મારા દિલમાંયે કામશરતો સાલ્યા કરે છે નકી,
સ્વપ્ને મેળવાનર ઊંઘ પછી તો આવે મને ક્યાંથકી.
મારાં તેમજ નેત્ર આંસુવણનાં ચોખ્ખાં થઇ ના જશે,
માટે દર્શન મિત્ર ચિત્રપટમાં પ્યારી તણાં ના થશે."

પં. ૩-૪માં કેવો તો વિપર્યય થઇ ગયો છે!

પૃ. ૪૦: हाधिक् એ ઉક્તમાં ઉર્વશી પોતાને ધિક્કારતી નથી. છતાં "અરે મને ધિક્કાર છે કે....."માં એવો અર્થ થઇ જાય છે.

नास्त्यगतिर्मनोरथानाम्   નું "દૈવને કશું
અશક્ય નથી." ભાષાંતર ખોટું છે.

પૃ. ૪૨ શ્લોક ૧૧-૧૨નો અનુવાદ ગદ્યમાં કર્યો છે.

શ્લોક ૧૪   વસંતતિલકાનું સવૈયામાં છે.

તુલ્યપ્રીતિનું સૂચવનારું રચ્યું રસિક રચનાથી જેહ,
મૂકી જેમાં પ્રીતિ પ્રિયાએ એવું એનું પત્ર જ એહ,
એતાં મુજને ભાસે જાણે મદિરઈક્ષણા કેરું મુખ,
ખુલ્લી આંખ્યોવાળા મારા મુખશું મળીને આપે સુખ.

રેખાંકિત ૧. ललितार्थबन्धम्   માટે. ૨.   पत्रेनिवेशित
ઉદાહરણ પ્રિયાયાઃ માટે છે. ૩. ઉમેરો છે. એથી જણાય છે કે
ભાષાંતર શિથીલ છે. ૪ માં ચરોતરી લઢણ છે.

ઉર્વશીની अत्रावयोः समविभागा प્रीતિः
નો "મારા મનોભાવ એના મનોભાવ સાથે બરાબર મળતા આવે
છે" અનુવાદ ખોટો છે.

શ્લોક-૧૬, "પુરૂષો" પ્રયોગ ગ્રામ્ય છે.

પૃ. ૪૬ શ્લોક-૧૭

તું જ્યારે જય શબ્દે બોલાવે છે મને પ્રિયાબાનું
ઈંદ્ર થકી પુરુષાન્તર થયલો જય શબ્દ જીત્યો હું માનું.

"બાનુ" પ્રયોગ તે વખતની રંગભૂમિની અસરને લીધે છે. પણ
કાલિદાસમાં તો એ શોભતો નથી. अगतः   નું "થયેલો"
વિપર્યયી ભાષાંતર છે.

પૃ. ૪૮. ઉર્વશી વિદુષકને માત્ર સસ્મિત વંદન જ કરે છે. "ત્યાં!
ભાઇ! તને પગ વંદન કરું છું." કથન વધારાનું. વિદૂષકનું
स्वस्तिमस्तु   વ્યાકરણ ક્લિષ્ટ છે.

પૃ. ૫૨-   तेन हृस्य विदितार्थो भवामि   નો "ત્યારે
તું એનો અર્થ જાણી લે" ખોટો અનુવાદ છે.   कौलीनम्
"પેલી બધાએ વાત ઉઘાડી પડી" વિસ્તાર છે.

દક્ષિણવાયુને ઉદ્દેશીને રાજાની શાર્દૂલવિક્રીડીતમાંની ઉક્તિનો અનુવાદ મનહરમાં છે. :

તું તો તારે વાસ કાજ વાસિત પુષ્પ પરાગ,
એકઠો થયેલો લતા ઉપરનો લે સુખે,
પણ પ્રેમપત્રિકા જે પ્રિયાસ્નેહ કેરો હાથ
તે હર્યેથી તને લાભ શો છે તે તું કે " મુખે,
સેંકડો સાધન આવાં વિનોદન કાજ કરી
કામાં જન નિજ જીવ ધારણ કરેલ કો,
તેને તો દેવાને દુ:ખ તું તો સારી રીતે શીખ્યો,
પણ ધારણ દેવાને ન શીખ્યો સમૂળગો.

રેખાંકિતમાં મૂળનો અર્થ આવતો નથી. ૨. વધારાનું છે. મૂળ ૪થી પંકિતમાં અંજનાનો પ્રેમ પ્રસંગ ઉલ્લેખ્યો છે તે છોડી દઇને ભળતું જ ભાષાંતર આપ્યું છે. મૂળની ચારૂતા તો નથી જ.

પૃ. ૫૬ રાજાની શાર્દૂલવિક્રીડિતની ઉક્ત : મનહર:

તાપથી પીડિત બહુ થયેલો જે મોર તેતો
વૃક્ષ મૂળ કેરા ઠંડા ક્યારામાં બેસે છે,
કર્ણિકાર કેરું ફૂલ ફાડીને ભ્રમર પોતે
શયન કરવાકાજ તેની માંહ પેસે છે.
તપ્ત પાણી તજી દઇ કારંડવ પક્ષીઓતે
નીર કેરી કમલિની સેવવાને જાય છે,
ક્રીડાગ્રહ કેરો કીર પિંજરાની માંહ બેસી,
પાણીપીવા માગતો તે મન્ન અકળાય છે.

છંદને કારણે ક્યાંક ઉમેરા કરવા પડયા છતાં આ, અનુવાદકની શક્તિનો સારો નમૂનો છે. તેવું જ પૃ. ૬૦ શ્લોક ૨૭નું શિથિલ હોવા છતાં મૂળના સુંદર ચિત્રનો સારો ખ્યાલ આપે છે.

प्रदोषावसर रमणीयः "સદાય સારો દેખાય છે",
બરાબર નથી. પૃ. ૬૨ गोत्रांकसुभगा માટે "પૂર્વ દિશા
લાલચટક થયેલી દેખાય છે" પણ ખરો અર્થ આપતું નથી.

પૃ. ૬૪ શ્લોક ૬ उदयगूढशशाङ्क मरीचिभिः
નો અનુવાદ ચોપાયામાં કર્યો છે:
ચંદ્ર કિરણ જે ઉદયગિરિતણી આડથી ગૂઢ રહેલો,
બા'ર નીસરી એ અંધારૂં દૂર કરે છે વે'લો,
પૂર્વ દિશા અંધારારૂપી કાપ્યાં કેશ સમારે,
તે જાણે કે સ્ત્રીની પેઠે નયન હરીને ઠારે.
મૂળનું લાલિત્ય ઓછું થયું છે. છતાં સારો છે. પૃ. ૬૪ વિદૂષક –
ननु दृश्यते सेव सा નો "મહારાજા! હમણાં અહીં
તે દેખાતી નથી" તદ્દન ખોટો અનુવાદ છે. शतगुणो છોડ્યું છે.
પૃ. ૬૮ શ્લોક ૧૦
નવાં પુષ્પનો શય્યા અથવા થંડા ચંદ્રકિરણ નીહાર
મલયજ ચંદન લેપ અંગ પર અથવા થંડા મણિનો હાર,
એમાંથી કોનાથી કંઈ પણ નહિ મુજ કામનિવારણ થાય,
થશે માત્ર તે તો દિવ્યાથી વા કંઈ તેની સુગેવ્રૃ કથાય.
પંક્તિ ૩–૪માં મૂળનો ભાવ કૈંક બદલાય છે. પૃ. ૭૪ ચિત્રલેખા:
"અસૂયાવિનાનું" તેં સરસ કહયું" ને બદલે "સખિ! તારા મનમાં
કાંઈક છે અને બોલે છે કાંઈક, તેથી મને લાગે છે કે તારે બે
મ્હોં છે"– ઉલટો અર્થ કર્યો છે તે ખરાબ છે.
न युक्तम् सुभाषितम् प्रत्याचरितुम् નો "વ્હાલાના બોલ
સામે બોલવું ઉચિત નહીં" પણ નિર્બળ જ. પૃ. ૭૬ રાણીની
ઉક્તિમાં ઉમેરો છે. औपहारिकान् मोदकान् માં = "આ
લાડુ આર્ય માણવક અને કંચુકીને વહેંચી આપ" અહીં કંચુકીનો
ઉમેરો કરવાથી બે ઉક્તિઓ વધી જાય છે. તેને માટે મૂળમાં
કશો આધાર નથી. પૃ. ૭૮માં મૂળમાં छिन्नहस्ते मत्स्ये पलायिते॰
માં "જાળ કપાઈ જતાં છટકી જતા માછલાને ધીવર કહે કે મને
પુણ્ય થશે" નો અનુવાદ તદ્દન અસંબધ્ધ કર્યો છે.: કોઈના હાથ

કાપીને કાપનાર તેની પાસેથી નાશી જવા માંડે તેને પેલો કપાયેલા હાથ વાળો કહે કે "જા ભાઈ! વહેલો નાશી જા! તું ઉગરશે તો મને પુણ્ય થશે, તેના જેવું આ થયું! :પ્રગટ: અહો રાણી સાહેબ મહારાજના ઉપર આપનો અભાવ થયો કે શું જે તમે એમને બીજાને સ્વાધીન કર્યા?" રેખાંકિત ભાગ પણ મૂળના અર્થને બદલે કૈંક જુદોજ અર્થ આપે છે. તેજ રીતે રાણી કહે છે.

आर्यपुत्र अनुल्लंघितपूर्वमया नियमः

મેં નિયમનું પહેલાં :કદી: ઉલ્લંઘન કર્યું નથી; ને બદલે "મારા વ્રતનું કામ હજી સમેટવાનું થોડું બાકી છે" - પણ અસંબદ્ધ અને વિપરીત અનુવાદ છે. ચિત્રલેખા: किं पुनः त्वया निराशयानिवर्त्यते માટે અચળ આશાને કેમ પાછી કાઢી લેવાય? ખોટો અનુવાદ છે.

પૃ. ૮૦ શ્લોક ૧૫ સમશ્લોકી:

પાડી નુપૂર શ્રાદ ગૂઢ કરણે થંડા કરે કાનને,
આવીને હળવે રહી કવ કરે ઢાંકે પછી નેનને,
આવે તેમજ મેલ મંદગતિથી ધીરે રહી ઉતરી
લાગે જે ચતુરા સખી ડગભરી તો થાય શાંતિ ખરી.

રેખાંકિત ૧ અપરિચિત પ્રયોગ છે. ૨. मन्दायमानाा बलाद् (आनीयते) નો અર્થ આવે છે, આણો. છતાં અનુવાદકને સમશ્લોકી અનુવાદ વધારે ફાવે છે એમ લાગે છે. પછીની ઉર્વશીની ઉક્ત બે ખંડમાં વહેંચી નાંખી છે. મૂળમાં આધાર ન હોય એવા પણ કેટલાક ઉમેરા કર્યા છે. જેમ કે ઉર્વશી: અહો! આતો નવાઈની વાત! વજ્રલેપથી મારા બંને હાથ જકડાઈ ગયા હોય તેમ મારાથી ઉપાડી શકાતા નથી. પૃ. ૮૪માં भवती માટે "પૂજ્યા" કરે છે. અંક ૨ની પ્રવેશ યોજના પ્રવેશ: ૧. વિદૂષક અને ચેટી, ૨. રાજા અને વિદૂષક, ૩. ઉર્વશી અને ચિત્રલેખાનું પ્રથમ આગમન, ૪. તે બેઉ ઉતરે છે ત્યાંથી, ૫. :પૃ. ૫૦: કાશીરાજ પુત્રીનો પ્રવેશ, એમ છે. અંક ૩માં પ્રવેશ પહેલો, મિશ્ર વિષ્કંભક, ૨. કંચુકીનું આગમન, ૩. રાજા અને વિદૂષક, - મ્હેલની અગાસી ઉપર, ૪. ઉર્વશી અને ચિત્રલેખા માર્ગમાં, ૫.

બેઉ મહેલની અગાસીમાં ઊતરે છે ત્યાંથી, ૬. રાણી અને પરિજનોનો પ્રવેશ.

અંક ૪. પ્રવેશ ૧ પ્રવેશક

૨. રાજાનો ઉન્માદ.

આ અંક આ અનુવાદનું વિશિષ્ટ અંગ છે. મૂળમાં જે અપભ્રંશ ગાથાઓ આવે છે તે કવિની હોવા વિશે શંકા છે. પ્રા. ગૌરીશંકર ઝાલાનેમતે તે પ્રશ્ન અનિર્ણિત છે. રણછોડભાઈએ તેમાંની ઘણીનો અનુવાદ કર્યો છે. તે રાજાના કાર્યને અનુસરીને નેપથ્યમાં ગવાય તેવી યોજના છે. પ્રથમ પ્રવેશની શરૂઆત જ ગાથાથી થાય છે.

"સૂર્યકિરણથી વિકસિત કુવ જેમાં તે સરતટની ઉપર છે, ~~ઉપરે છે~~, પ્રિયસખી વિયોગ વિમના, વ્યાકુલ સખી-સહિત થાતીશોક કરે. ચિત્રલેખા દુહો ~~કુરંગ~~ ગાતી ગાતી દિશાભણી જુએ છે." પછી પ્રવેશકનો અનુવાદ શરૂ થાય છે.

પૃ. ૮૬ સહજન્યા: એવા પ્રદેશને વિષે મઝા મારવી તેનું જ નામ મઝા - રેખાંકિત ઉમેરો છે. તે ઉપભોગને માટે છે. ઉમેરા ઠેર ઠેર એવા મળે છે. પછી દૂહો:

સ્નિગ્ધ સ્નેહથી સરઉપર સખી દુ:ખ સહી સખી કાય,
અતિ ઉન્હાં આંસુ વડે શોકાતુર બહુ થાય.

સહજન્યા: સખી! એનો સમાગમ કરાવાય એવો કાંઇ ઉપાય છે?
ચિત્રલેખા: પાર્વતીના પગના રંગથી ઉત્પન્ન થયેલ સંગમનીય
મણિવિના સમાગમ કરાવવાનો બીજો શો ઉપાય?

અને પ્રવેશકને અંતે લલિત:

મન થયું ઘણું ખિન્ન ફિકરે,
નિરખવા સખી ઝૂરતી ફરે,
દુઃખી ~~કુલ~~ ખીલ્યાં રડાં જે ઘણાં સરે,
નહિ વિહાર તો હંસી જઇ કરે.

પૃ. ૯૮ શ્લોક ૨૩

તાજા પલ્લવતણા સલ્લકી ઝાડે હેકે,
તેનો રસ સુગંધ મદ્યના જેવો બહેકે,
તે દયિતા નિજસુંઢ વડે આણીને આપે,
તેને ખાવા દઉં ભલે ભૂખ તેની ભાંગે,

પણ શિથિલ અને પ્રસ્તારી અનુવાદ છે. પછી ભેમેરી છે.

લલિત પ્રહાર કરી નમાવ્યું તરૂવર જનની,
એવા ગજપતિ બોલ હું તો પૂછું છું તુજને,
શશિકાન્ત જીતનાર મોહ ઉપજાવવાવાળી,
એવી મારી પ્રિયા આવતાં ક્યાંહી ભાળી?

તથા: જૂઈ પુષ્પથી ધવલ ચોટલો શશિસમકાન્ત સારી,
સુખકારક તેનું અવલોકન સ્થિર યૌવના ભારી,
તે મહકલ યુવતી! ને ગજપતિ પૂછું કો સંભારી,
તમ કેરી લાંબી દૃષ્ટિએ પડી એવી કો નારી?

છે. અને માટે મૂળમાં તો:

હે મદકલ, ગજયૂથપ, યુવતિઓમાં શશિકલા જેવી, જૂઈનાં ફૂલોથી વિચિત્ર વર્ણવાળા કેશ વાળી, સ્થિરયૌવના અને સુખદદર્શના તે, દૂરથીયે તારી નજરે પડી છે?

અનુવાદકે કેવો તો વિસ્તાર કર્યો છે તે આ તુલનાથી દેખાઇ આવે છે. શ્લોક ૨૫માંનો અનુવાદ મનહરમાં હોઇ પ્રસ્તારી છે. अर्थिजं શબ્દ છોડયો છે. મૂળનો અર્થ ઠીક ઉતરે છે. શ્લોક ૨૭ મૂળમાં અનુષ્ટુપમાં છે. તેનો માલિની છંદમાં અનુવાદ છે. મૂળમાં તો "હે પર્વતોના નાથ, તે સર્વાંગ-સુંદરી તે આ વનોદ્દેશમાં મારાથી વિરહિતા સુંદરીને જોઇ છે?" તેને બદલે,

સ્ફટિકમણિ શિલામાં નિર્મળા સૌ ઝરા છે,
બહુવિધ કુસુમોના શિર તોરા કર્યાં છે,
મનહર મધુગીતો કિન્નરો ગાય ગાવી,
પૃથ્વીધર પ્રિયા તું માહરી હે બતાવી.

આને અનુવાદ કહેવાય કે કેમ તે શંકા છે. શ્લોક ૨૮ (આઠવલે પૃ. ૧૦૦) મનહરમાં

અના છે તરંગ તે તો મારી પ્રિયતમા કેરા,
ભ્રૂકુટી કટાક્ષ જેવા સરસ શોભાય છે,
પક્ષિઓ પામેલાક્ષોભ, તેઓનો આ હાર તેતો
મારી પ્રિયાની મેખળા જેવી તે જણાય છે,
ફીણ કેરા જ ભાવ તે ખેંચાઇ વહી જાય તે,
સંક્ષે શિથિલ થતા વસ્ત્રસ્થાને થાય છે,
સ્ખલિત ગતિએ ચાલે, વાંકી, તે સર્વ પરથી
સહન ન થતાં પ્રિયા, નદી વહી જાય છે.

સરળ છતાં પ્રસ્તારી અનુવાદ છે. રેખાંકિત ઉમેરા છે. પંકિત ૩-૪ ના અનુવાદમાં છેલ્લી બે પંક્તિ તે સંક્ષેપ છે. અનુવાદનું પોત પાતળું પડે છે. પછી:

દયા યુકત ખગ ક્ષોભનું, તું જતાં પામ્યા તેવી,
સુરસરિતાને નીર, જવાને ઉત્સુક જેવી,
ભ્રમર તણો સમુદાય કરે ગણરવ તુજ માથે,
એવી સુંદરી પ્રિયા પ્રસન્નથા તું મુજ સાથે.

પછી : મનહર:

પૂર્વ દિશાના પવને ઉછાળેલી લ્હેરો રૂપી,
ઉંચા કર્યાં હાથ એવો જલનિધિનાથે,
કાંઠારૂપી ઊંચું નીચું થવા રૂપી તાળી દેઇ
મેઘ રૂપી અંગે નાચે સુરીતિની સાથ જે,

હંસ ચક્રવાક શંખ શૃંગાર તિલક સ્થાને
મગરો કમળ કીર્તિ કેરાં વસ્ત્ર થાય છે,
દશે દિશાઈથી તો નવો મેઘકાળ આવ્યો,
તેથી કરી સમુદ્રતો રાજી થઇ જાય છે.

આ બેઉ ઉમેરા છે. પ્રાપ્ય વાચનામાં તે માટે કશો આધાર નથી. કાવ્ય તરીકે સારા છે પણ ત્યાં કવિતાકલાકક્ષા અસમાન છે– જેમકે રેખાંકિતમાંઇમાં, તે પછી એક સવૈયો વધારાનો છે.

સુરસુંદરી નિતમ્બ ભારે, હંસગતિથી ચાલે જેહ,
પુષ્ટવળી ઉંચા ઘન સ્તન છે સ્થિર યૌવના નાજુક દેહ,
ગગન ઉજાસ પામતા વનમાં ન્યાળી મૃગનયના તે નાર
એના વિરહસમુદ્ર જમાંથી ઓ ભાઇ! તું મુજને તાર.

શ્લોક ૨૯નો અનુવાદ

પ્રિયવદ નારી તારી સાથે બાંધી જેણે જબરી પ્રીત,
તેનો ભંગ ન થાયે એવી જે મનમાં રાખે ચટક રીત,
એવો હું જે દાસ તાહરો તેનો શો ભાળે છે વાંક
કે જેથી માનિનીતું તો તજી બેઠી છે એવો રાંક

રેખાંકિત ૧ મૂળમાં રાજાનું વિશેષણ છે ને અહીં ઉર્વશીનું બને છે. રેખાંકિત રચના સારી હોવા છતાં "કે જેથી" જેવા સ્થળે ખટકે છે.

રાજા: અહોહો! ઉર્વશી આ માર્ગે ગઇ હોય એવાં ચિહ્‌ન દેખાય છે – ઉમેરો છે.

પૃ. ૧૦૪ : આઠવલે:. વત્સ પાછો લે, પાછો લે!

સંગમનીય છે આ તો નિપજેલો પાર્વતી ચરણ રંગે,
(આ) ધારણ કર્યે કરાવે શીઘ્ર સમાગમ પ્રિય જનને સંગે.

રેખાંકિત गृह्यताम् માટે છે. શ્લોકનો અનુવાદ સારો છે પણ "શું ભગવાન ચંદ્રમા! ભગવાન! આ ઉપદેશ કરીને મારાપર મોટી કૃપા કરી" ઉમેરો છે. મૂળતો છે: "અરે કોઇ

મૃત્યચારી મુનિ ભગવાન માગ પર અનુકંપા કરે છે. ભગવન્, આપના આ ઉપદેશથી અનુગ્રહ થયો. " એમ છે.

શ્લોક ૩૮ : પૃ. ૧૦૪: મૂળ શાર્દૂલવિક્રીડિત માં છે તેનો અનુવાદ મનહરમાં છે. કૈંક પ્રસ્તારી છતાં સારો છે. છેલ્લી પંક્તિ "કોપે તિરસ્કાર કરી રહેલી દેખાય છે" માટે મૂળ છે ~~जातानुतापेवसा~~ અર્થાત્ તેને અનુતાપ થયો હોય એવી તે છે" તે અર્થ બદલાઇ જાય છે.

ગાથાઓના અનુવાદમાંથી કેટલાક નમૂના :

શ્લોક ૧૪ પછી

દયિતા વિરહે કરી કલાની પામ્યું મુખ જેનું,
દુ:સહ દુ:ખે કરે ગમન બહુ ધીમું તેનું,
સંતત ચાલવે નીર, આંખ વ્યાકુળ છે જેની.
વ્યાપ્ત થયો બહુ તાપ વધી ડિલ બળતા તેની,
ખેદાયમાન થઇ અધિક, તે વંકવાન બહુ થાય છે,
એવા કાનની પાંહે આ ગજપતિ ભમતો જાય છે.

અને : ર. ઉ. પૃ. ૮૬:

શોકાગ્નિ અતિ ધીકતો, પ્રિય કરિણીનો વિયોગ બહુ દમતો,
જળમય આંખ્યો એવો, વ્યાકુળ થઇ ગજપતિ ફરે ભમતો.

તથા : એજ પૃ. ૮૭:

મર્મરશબ્દે મનહર તરુવર પલ્લવ કુસુમિત જે વનમાં
ઉન્મત પ્રિયા વિરહથી એવો ગજપતિ ભમે છે કાનનમાં.

તથા : એજ પૃઠ ૮૯:

એક ક્રમ વર્ધિત છે, ગુરુતર પ્રેમ રંગ જેહનો એવો,
હંસ તરુણસર માંહે રતિવશ થઇ કરે ક્રીડા એવો.

અને પૃ. ૯૧

તીક્ષ્ણ ખરીથી ખણતો ધરતીને આ અરણ્યમાં પોતે,
નિજ કામે લાગેલો, ભમે અચળ લીન થઇ સુકર એતે.

વગેરેમાં અનુવાદકનું છંદ:પ્રભુત્વ અને ભાષાનું લાલિત્ય ધ્યાન ખેંચે તેવાં છે.

અંક પાંચમો–પ્રવેશ ઘટના–પ્રવેશ–૧, વિષ્કંભક, ૨. ગીધદ્વારા સંગમનીય હરણ, ૩. તાપસી અને આયુનું આગમન, ૪. ઉર્વશીના આગમનથી. ૫. નારદના આગમનથી, છે. : રણછોડભાઇ પૃ. ૧૧૨:

गाढिलिखन्निव "રંગ દેતો હોય તેમ" – સારું ભાષાંતર નથી. પૃ. ૧૧૬ રાજા અને વિદુષકની વાતચિતમાં

પણ, પહેલાંતો એને પુત્ર જ ક્યાંથી હોય?

કેમ જે, જે ગર્ભધારણ કરે તેને તો,

સ્તન દીંટી કંઇ કાળી, લવલી ફળસમ પડે પીળું વદન,

કૈકન ઉપરે એવું કંઇ દિન સુધી રહયાં કરે બદન.

–બીજી પંક્તિ મન માન્યો ઉમેરો છે. મૂળમાં થોડા દિવસ સુધી તેનું વદન આળસભરી આંખો વાળું રહયું હતું" એમ છે તે છોડી દીધુ છે.

પૃ. ૧૧૮. દેવતાઓનાં રહસ્ય કોણ કલ્પી શકે? ને બદલે "ઘરડી થઇ ગયેલી સમજીને તમે એને તજી દો" એમ આપે છે તે અસુભગ છે. બાકી અંતસુધી અનુવાદ સરળ રીતે વહયે જાય છે.

અંતમાં :૧: મહાકવિ કાલિદાસ જેવાના સંસ્કૃત નાટકોનો ગુજરાતીમાં અનુવાદ થવા માંડ્યો તે સમયનો આ અનુવાદ છે.

:૨: બે ત્રણ સ્થળોને બાદ કરતાં અનુવાદક સમશ્લોકી અનુવાદ કરતાં નથી. તેમને સવૈયા, ચોપાયા, ગીતિ, મનહર, કાવ્ય છંદ જેવા છંદો પ્રત્યે પક્ષપાત લાગે છે. તેથી મૂળના અર્થમાં ઉમેરા કરવા આવશ્યક બન્યા છે. મૂળની ચોટ, શબ્દ લાલિત્ય, અર્થગૌરવ અને ધ્વનિને હાનિ પહોંચી છે. અલંકારોની ~~સાથે~~ ચોટ પણ નિર્બળ બને છે.

:૩: સંવાદોમાં પણ ~~સ્થાને~~ સ્થાને ઉમેરા ફેરફાર દેખાય છે.

ક્યાંક ક્યાંક અર્થવિપર્યય પણ થયો છે. મનમાન્યા ઉમેરા પણ છે. ક્યાંક ઉક્તિઓ વ્હેંચી નાંખી જુદાં જુદાં બે પાત્રોનાં મુખમાં મૂકી છે, તેમ કરવાનું કોઇ યોગ્ય કારણ જણાતું નથી. અર્થવિપર્યય તો ગંભીર બાબત હોઇ મૂળ કવિને ક્યાંક અન્યાય પણ કરે છે.

:૪: રંગમંચનો ખ્યાલ રાખ્યો છે. પ્રવેશ યોજનામાં સારી સૂઝ બતાવી છે. માત્ર અંક ૪માં રાજાના ઉન્માદનો પ્રવેશ ઘણો લાંબો થઇ ગયો છે. સંગમનીય મણિ મળે છે ત્યાંથી બીજો ખંડ કર્યો હોત તો ચાલત. કેટલાક ઉમેરા સામાન્ય લોકોને હસાવવા કર્યા લાગે છે. ક્યાંક ચરોતરી ભાષાની છાંટ પણ દેખાય છે.

:૫: અનુવાદકને છંદો પર સરસ કાબૂ છે. તે "રણપિંગલ" ના રચયિતાને શોભે તેવો છે. ચોથા અંકના શ્લોકો – ગાથા વગેરેના અનુવાદમાં છંદ પ્રભુત્વ, સરળતા, શબ્દ પસંદગી અને વર્ણાલંકારો – તેમ વર્ણસંગીત અનુવાદકની એ શક્તિનું સારું નિદર્શન છે. ત્યાં તેને યોગ્ય કાર્યક્ષેત્ર પણ મળે છે. અને તેમણે તેનો યોગ્ય લાભ પણ ઉઠાવ્યો છે.

:૬: તેના રચનાકાળ અને તત્કાલિન ગુજરાતી ભાષાની સ્થિતિ ધ્યાનમાં રાખીએ, અનુવાદકના નાટક ક્ષેત્રે કાર્ય, સંનિષ્ઠા, અભિનિવેશને ધ્યાનમાં રાખીએ, અનુવાદની સરળ પ્રાસાદિકતાનો વિચાર કરીએ, તો આ ગણનાપાત્ર સુવાચ્ય અનુવાદ છે એમ કહી શકાય.

કિલાભાઇ ઘનશ્યામ ભટ્ટ – ૧૯૯૮

શરૂઆતની લાંબી વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના આ અનુવાદની વિશેષતા છે. તેમાં ત્રણે નાટકોની સમાનતા બતાવી છે.[૯] જુદી જુદી હસ્તપ્રતો મેળવી સૂક્ષ્મ દૃષ્ટિથી ભાષાંતર કર્યું છે, તે કહે છે:

"માત્ર ભાષાનો ફેર કરવો એ કાંઇ ભાષાંતર ન કહેવાય. પદ્યની પદ્યરચના અને ગદ્યની ગદ્યરચના કરવી એતો માત્ર એક ખોળિયું કરવા જેવું છે. તેની પેલી તરફ કંઇક ચૈતન્ય જેવો અપૂર્વ પદાર્થ પડેલો છે. સર્વાંગશુદ્ધ એક ખોળિયું બનાવો, પરંતુ તેમાં જેમ આત્મા વિના કંઇક ચૈતન્ય ભાસતું નથી, તેમ પદ્યરચનામાં પણ આત્મારૂપી રસચૈતન્ય ન આવે ત્યાં સુધી તે જડ પદાર્થમય જ લાગે છે.

"લાલિત્ય, પ્રસાદ, માધુર્ય અને રસવત્તા એ કાલિદાસના કાવ્યના મુખ્યગુણ છે, અને જ્યાં સુધી ભાષાંતરમાં આ ગુણો ઘણે અંશે ઉતારવામાં ન આવે ત્યાં સુધી મૂળના કાવ્યની કિંમત વાંચનારને થઇ શકે જ નહીં.[૧૦]

"ભાષાંતરના સામાન્ય રીતે ત્રણ વિભાગ પાડી શકાય. શબ્દગ્રાહી, અર્થગ્રાહી અને ઉભયગ્રાહી. શબ્દગ્રાહી ભાષાંતરમાં પદ્યના શબ્દોની કોમળતાનો, તત્તદર્થદ્યોતક શક્તિનો, શબ્દોની પરસ્પર સાથેની સંકલનાનો સમાવેશ કરી શકાય. અર્થગ્રાહીમાં અર્થ, ભાવરસ, વગેરેનો આવિર્ભાવ થઇ શકે, અને ઉભય ગ્રાહીમાં પદલાલિત્ય,

---

૯: પ્રસ્તાવના, પૃ. ૧૩

૧૦: એજ, પૃ. ૧૫

માર્દવ, પ્રસાદ, અર્થ, ભાવ, રસ ઇત્યાદિ કાવ્યના સમગ્ર ગુણોનો સમાવેશ થઇ શકે."[11]

નાટકમાંના ચોથા અંકના ઘણા પ્રાકૃત શ્લોકોને પાછળથી ઉમેરેલા ગણી તેને માટે કારણો આપે છે. પછી કાલિદાસ વિષયક વિવિધ દંતકથાઓ આપે છે. :જેનો ઉલ્લેખ આ અભ્યાસના પ્રથમ પ્રકરણમાં કરેલો છે: તે ગૌડ સારસ્વત હતો, ધારાનગરીના એક વિદ્વાનની પુત્રીને પરણ્યો હતો એમ પણ કહે છે.

ઈ. સ. ૧૧મી સદીથી શરૂ કરીને પાછે પગલે તેના સમયનો વિગતે વિચાર કરે છે. જે મત સંતોષ કારક ન લાગે તેનો ત્યાગ કરતા જાય છે. અને છેવટે ઇ. પૂ. ૧લી સદીમાં તે થઇ ગયા એ મતને યોગ્ય માને છે, પણ તે માટેનાં તેમનાં કારણો સંતોષકારક કે પ્રતીતિકર લાગતાં નથી. છેવટે તો એ વ્યક્તિ ગત અભિપ્રાય, વલણ અને અટકળનો પ્રશ્ન જ રહે છે.

કવિની જન્મભૂમિ તરીકે તે કાશ્મીરનો સ્વીકાર કરે છે. હિમાલયનાં વર્ણનોની તાદૃશતા અને ઉષ્મા તેના પરિણામે છે એમ કહે છે. તેમની જાતિ, ધર્મ, વિવિધ બાબતો, દેશ અને લોકજીવન, ઇતિહાસ આદિનું જ્ઞાન ઉચ્ચકક્ષાનું છે એમ કહે છે અને તેમને અનુભવી, વિદ્વાન, બહુશ્રુત, નમ્ર, રસિક, વિલાસી અને સ્ત્રીઓ પ્રત્યે આદર અને ગૌરવનો ભાવ ધરાવનાર ગણે છે. ચાર કાવ્યો અને ત્રણ નાટકોને કવિની કૃતિ ગણે છે. તેમનો પરિચય આપે છે. તેમાં માલવિકાગ્નિમિત્ર નાટકમાં ઇરાવતીને સ્થાને રાણી ધારિણીનું નામ આપ્યું છે.[12]

૧૧: પ્રસ્તાવના, પૃ. ૧૬

૧૨: પૃ. ૧૧૭ સુધી :પ્રસ્તાવના:

અનુવાદ નાન્દી, શ્લોક ૧

જે અદ્વૈત વદાય છે શ્રુતિ વિષે વ્યાપી રહ્યો ભૂતલે,
જેમાં ઇશ્વર એ અનન્ય પદનું યાથાર્થ્ય આવી રહે,
રૂંધી પ્રાણ મુમુક્ષુથી સતત જે, શોધાય છે અંતરે,
તે આપો દૃઢ ભક્તિયોગ સુલભ સ્થાણુ સદા ક્ષેમને.

રેખાંકિત ૧માં અર્થ કંઈક બદલાય છે – ૨– शब्दो यथार्थाक्षरः ના ભાષાંતરમાં પણ એવું જ છે. બીજામાં અર્થ શિથિલ છે.

શ્લોક ૨માં પ્રથમ પંક્તિનો અનુવાદ બરાબર નથી. ૩જામાં क्रन्दन्ती નું "માગતી" કરે છે. :પૃ. ૮: "રાજા બહુ થયું, બહુ થયું", આક્રન્દ કરવું – જવાદો 'अलमाक्रन्दितेन નો વિસ્તાર છે. समाश्वसित "માટે ધીરજ રાખો, શાંત થાઓ" સ્વસ્થ થાઓ", એમ અનુવાદ કરે છે. बलवदत्र भवती परित्रस्ता "સોંસરુ પેસી ગઇ છે" એવો લોકવાણીનો પ્રયોગ કરે છે.

શ્લોક ૪ अग्रे यान्ति०

ઉડે આગળ ઝીણ આ રજસમી ચૂરા થતાં મેઘના,
આરાઓ મહીં ચક્રની ગતિ થકી દેખાય આરા નવા,
અશ્વોને શિર લાંબી આ કલગીઓ તે સ્તબ્ધ છે ચિત્રશી,
વાયુના રથવેગના વળી ધ્વજ, ખેંચાઇ સીધી બની.

રેખાંકિત अन्याभिवारावलीम् માટે છે. બાકી અનુવાદ સારો છે.

શ્લોક ૮ अस्याः सर्गविधौ०

શું આને ધડતાં પ્રજાપતિ થયો, પોતે શશિકાન્તિદ,
શું શૃંગાર રસે ભર્યો મદન કે, શું માસ પુષ્પાકર,
ઇચ્છા ગૈ વિષયોથકી જડ બન્યો જે વેદ ગોખ્યા થકી,
તે શું નિર્મી શકે મનોહર રૂડું આ રૂપ જુનો મુનિ?

રેખાંકિત અનુવાદ અસંતોષકર છે. અભ્યાસનો અર્થ ગોખવું ન થાય. શ્લોક ૧૦માં प्रत्यागत प्रसादम् નો અર્થ "નિર્મળ"માં આછો ઊતરે છે "પાછાવળેલા પ્રસાદવાળી" એ ધ્વનિ આવતો નથી. પૃ. ૧૭ "દાનવોને જીતવા તે કંઈ રમત વાત નથી" दुर्जयाः માટે આ ચાલુ વ્યવહારનો પ્રયોગ છે. અપ્સરાઓ પ્રાકૃતમાં બોલે છે. તેથી એ કર્યો હોય. संभावयामो राजर्षिम् નું "આસના વાસના કરીએ" – બરાબર નથી. માન કે અભિનંદન આપીએ એ અર્થ છે. दिष्टया નો અર્થ धन्यभाग्य કરે છે. પૃ. ૧૯ પર "સૈંકડો કલ્પ લગી મહારાજ પૃથ્વી પાલક હજો" ને બદલે "સૈંકડો કલ્પલગી મહારાજનું રાજ્ય અચળ તપજો" કરે છે તે પણ મુક્ત અનુવાદ છે. પણ આ બધામાં ગુજરાતી ભાષાની લઢણ લાવવાનો પ્રયત્ન સારો છે. 'અંગદ' કોણીથી ઉપર પહેરવાનું આભૂષણ છે તેને "પોંચી" કહે છે તે ભૂલ છે.

રાજા: અહો ગંધર્વરાજ "માટે અહો કોણ ગંધર્વરાજ?' એવો પ્રશ્ન છે તે બરાબર નથી. રાજા તેને ઓળખે તો છેજ. અહીં આનંદનો ઉદ્ગાર છે, પ્રશ્ન નથી. स्वामिहस्थम् માટે 'આપ અહીં હશો એમ ધારીને" પણ બરાબર નથી. અહીં ધારવાનો પ્રશ્ન જ નથી.

શ્લોક૧૫

> બળએ સાધ્યું મહેન્દ્ર કેરું,
> અમ જેવા થકી હાર પાય શત્રુ,
> પડઘો જ્યમ સિંહગર્જનાનો,
> સુણી નાસે ગજ પર્વતે પડેલો.

ભાષાંતર મુલાનુસારી નથી. તે કિલાભાઇ જેવાના અનુવાદમાં તો વિશેષ ખટકે.

અંક – ૨ : પૃ. ૨૩થી: માં निमन्त्रणिक: परमान्नेन માં "પરમાન્નેન" છોડે છે. परिसरे માટે "પાસેના ભાગમાં" અને अभिसंधेय: માટે "છેતરવો" निष्क्रामतीव માટે "બહાર નીકળવાનું કરે છે" – આ સામાન્ય જ પ્રયોગો છે. प्रस्थितासि માટે "નીકળી છું" કરે છે. વ્યવહારમાં વપરાતું હોય તો પણ તે વ્યાકરણ દુષ્ટ છે. "નીકળી છે" જોઈએ.

શ્લોક – ૨

> સૌકામેથી પ્રકૃતિની તમોવૃત્તિને કાઢવાનો,
> સૌ છે ઉદ્યોગ પ્રથમ સરખો, સૂર્યનો ને તમારો,
> થયો છે આ ક્ષણ નભવિષે, સૂર્ય મધ્યાહ્ન કાલે
> છઠ્ઠે ભાગે સુખ દિવસને આપશો છે નિરાંતે

રેખાંકિત ૧માં आलोकान्तात् નો અર્થ કર્યો છે. પં. ૨ માં મૂળમાં "સૂર્યનો અને આપનો અધિકાર સરખો છે" એમ છે. ૩: ज्योतिषामधिपति: માટે છે. ૪. आत्मन: छंदवती નું શિથિલ ભાષાંતર છે. પૃ. ૨૬માં अन्वर्थ्य पातेन માટે "પાછું પડે નહીં એવા" કર્યું છે તે "ઠીક જ". "જેનો પાત નિષ્ફળ જતો નથી" એવો અર્થ છે. दुष्ट दास्या: નો દાસી, अन्यथा નો "નિકર", किं भवान्तुष्णीमास्ते નો "કેમ કંઈ બોલ્યા નહીં" नियन्त्रिता નો "સજ્જડ કરી રાખી છે" शक्यमुत्कण्ठां विनोदयितुम् નો "ઉત્કંઠા શાંત થઈ જશે." અનુવાદ કર્યાં છે. તે મૂળનો આહ્લો – અસંતોષકારક પડઘો પાડે છે.

શ્લોક ૭

> રાતાં સ્ત્રીનખશાં મુખે કુરબકો છે શ્યામ બે પાસમાં,
> રાતાં ચોળ નવાં અશોક સહુઓ આ ખીલવા માંડતાં,
> બંધાતાં રજ પીળી અગ્રથી ઝુલે આંબે નવી મંજરી,
> આથી મિત્ર સુમુગ્ધ યૌવનદશા મધ્યે મધુ શ્રી રહી."

રેખાંકિત मेदोन्मुखं तिष्ठति માટે છે. બાકી અનુવાદ સારો છે. પૃ. ૩૧ પર अतिस्नेहः खलु कार्यदर्शी નો "પણ ઘણી પ્રીતિ માઠું કરી આપશે" ફિક્કો છે. મૂળ વાક્ય લોકોક્તિ જેવું બની ગયું છે.

તેજ રીતે सकलेन्दुमुखी માટે "ચંદ્રમુખી" उपवनलता માટે "લતા" विलोभ्यमाना માટે "ઠારી", प्रतीच्छति માટે "આવકાર દે છે" दुर्ललितम् માટે "ગાંડી નજર" त्रिदशप्रतिपक्षाः માટે "રાક્ષસો" કંઇક ઊણપવાળા અનુવાદ છે. ક્યાંક ઉમેરા કરે છે. જેમકે किमिदानी पृच्छसि માટે "હવે મને ક્યાં ચાલી એમ શાને પૂછે છે?" "હા એમ જ"" ઉર્વશીની ઉક્તિમાં ઉમેરા છે.

પૃ. ૩૪ પર हीनसत्त्वहृदय માટે "અધીરા હૈયાં" અને आपन्नानुकम्पी માટે "પરદુઃખે દાઝનારા" પણ નિર્બળ છે.

શ્લોક ૧૧ : માલિની વૃત્તમાં: મૂળ છે. : "હૃદયકામનાં બાણોથી અંદર હંમેશાં વિંધાયેલું છે. તો હે મિત્ર, સ્વપ્નમાં સમાગમ કરાવનારી નિંદ્રા શી રીતે આવે? તે સુવદના પ્રિયાનું ચિત્રમાં આલેખન પુરું કરતા પહેલાં હે સખે, મારી આંખો આંસુ સૂની નહીં હોય "એમ છે. તેનું ભાષાંતર છુટ્ટા હાથનું છે.

શરમ મદનના સાલે હૈયે નિરંતર તો પછી,
ક્યમ કરી મળે નિદ્રા સ્વપ્ને સમાગમ આપતી,
છબી ચિતર તા પેલાં આવી, સખે, સુતનુતણી,
મમનયનથી આંસુ ધારા ક્ષણે શમતી નથી.

પૃ. ૩૬ नागरकः માટે "ચતુર", પૃ. ૩૭ अत्रा - वयोः समविभागा प्रीतिः માટે "ત્યારે હવે આપણી બંનેની સરખે સરખી પ્રીતિ ખરી", પૃ. ૩૮માં उपगमनकातरम् માટે "એમની પાસે જતાં બીતાં", કરે છે. "સંકોચ થાય છે" એમ જોઇએ. પૃ. ૩૯માં आचारं तावत्प्रतिपद्यस्व માટે "જરા ભારમાં રહે જે" - આ અનુવાદો પણ નિર્બળ ગણાય.

શ્લોક ૧૭

જય શબ્દ ન જે છાજે ઈંદ્રના વિણ અન્યને,
ધન્ય માનું હું આત્માને, જે ~~આપે નમતું~~ એવું જય કહે.

રેખાંકિત માટે મૂળ "બીજા માટે નહીં વપરાયેલ" અને "ખરેખર હું જય પામ્યો છું" અર્થ છે.

શ્લોક ૧૮

શૃંગાર આદિ રસ આઠ થકી ભરેલો,
જે છે પ્રયોગ ભરતે તમને શિખાવ્યો,
એવા ચહે લલિત આજ પ્રયોગે તેનો,
ભેગા મળી સુરપતિ સહ લોકપાલો.

રેખાંકિત प्रणीतम् અને ललिताभिनयम् માટે બરાબર અનુવાદ નથી. મૂળ "લોકપાલો સાથે ઈંદ્ર જોવા ઇચ્છે છે" તેને બદલે અહીં ઇંદ્રને બદલે લોકપાલો કર્તા બને છે.

પૃ. ૪૦-૪૨થી આગળ અંક ૩ામાં પણ ईश्वरनियोग प्रत्यर्थी માટે "તમારા પ્રભુની આજ્ઞા તોડાવવા" ~~વેદ~~ વૈફલ્ય चक्षुषः संप्रति માટે છે, "નેત્ર તો જાણે સૂનાં સૂનાં લાગે છે." प्रमादेन માટે બેભાનમાં ननु इतो भवेत् इतो भवेत् માટે "આટલામાં ને આટલામાં જ હશે." चीवर માટે 'વસ્ત્ર', ~~कौलिनम्~~ कौलीनम् માટે 'પોગળ', तेन हि अस्य गृहीतार्थ भवामि તે "માટે તેનો શો અર્થ છે તે જાણવું જોઈએ". : મૂળ: 'તો તેનો અર્થ હું જાણું": सर्वथा हतोऽस्मि માટે "મારું સર્વ ધૂળ મળ્યું" सखे किमत्र प्रतिविधेयम् માટે "ભાઇ, હવે શી વલે?" न ते दिव्यम् स्थानम् भविष्यति માટે "તારાથી સ્વર્ગમાં નહીં રહેવાય" त्वयि दृष्ट संतानो भवति માટે "તને સંતાન થાય ત્યાં સુધી" એવા નબળા - અસંતોષકર અનુવાદો છે. છેલ્લા તો રાજા

ઉર્વશીના સંતાનનું મુખ જુએ ત્યાં સુધી તેની સાથે રહી શકે એવો સમય છે. તેતે પ્રમાણે રહે પણ છે. માત્ર સંતાન જોયા ત્યાં સુધીની વાત નથી. એટલે અહીં મૂળનો અર્થ બદલાય છે તે અયોગ્ય છે. શ્લોક ૨૦ પં. ૩-૪માં પણ કંઈક અર્થ બદલાય છે. મૂળ અર્થ ઉતરતો નથી. લેખક ક્યાંક ક્યાંક ઉમેરા " " આવાં ચિહ્નોમાં મૂકે છે. તે બીજા પાઠપરથી લીધા છે એમ જણાવે છે. પણ તે પાઠ વિષે વધારે નિર્દેશ કરતા નથી.

स्वागतम्, दुरागतम् નો કાલિદાસે કુશળ ઉપયોગ કર્યો છે. રાજા મોઢેથી રાણીનું સ્વાગત કરે છે, પણ વિદુષક તે વખતે તેનું આગમન મુશ્કેલીમાં મૂકે તેવું – दुरागतम् છે એમ કહે છે. આ ધ્વનિ અને શબ્દપ્રયોગપટુતા અનુવાદમાં આવતાં નથી, તો કેટલેક સ્થળે લોક પ્રચલિત પ્રયોગ કરવાથી તે રંગભૂમિને યોગ્ય બને છે, પણ મૂળનો પડઘો નિર્બળ બને છે.

અંક ૩, શ્લોક ૧

રે ઉદ્યોગી ગૃહસ્થ પૂર્વવયમાં જે ~~અર્થ-ને~~ અર્થને પામવા
પુત્રોને ઘરબાર સોંપી પછી તે વિશ્રાન્તિ લેવા જતા.
સોસે વૃદ્ધ થતાં મહા! શરીરને સેવારૂપી કેદમાં,
રાણીવાસનું કામ રક્ષણ તણું છે કષ્ટદાતા મહા!

માં રેખાંકિત માટે अपहृतभर: અને सेवाकारा परिणतिरहो નો અનુવાદ શિથિલ છે.

શ્લોક ૨.

કોરીને જ્યમ વાસયષ્ટિપર આ બેસાડીયા હોયના,
સંધ્યા વીતી જતાં મયૂર દીસતા, નિદ્રાથી ઘેરાયલા,
ધોળી ધૂમની ધૂમ આ નીકળતી તે જાળીયામાંહીથી
ભાસે છે વલભી પરે ભ્રમવડે પારાવતો-ના સમી.

આચારે થઇ શુદ્ધ પુષ્પ બલિનાં સ્થાનો વિષે ગોઠવી,
સંધ્યામંગલ દીપિકા પ્રગટતી શુદ્ધાન્તવૃદ્ધા વળી
– માં રેખાંકિત પદોમાં પ્રસ્તાર છે. પણ અનુવાદ સરળ થયો છે.

શ્લોક ૬ : પૃ. ૫૩:

ઉદય ગૂઢ મરીચિથી ચંદ્રનાં,
અહીં થકી તમ દૂર હઠી જતાં,
અલકબંધનથી જ્યમ શોભતું,
નયનહારિ દીસે મુખ પૂર્વનું.

રેખાંકિત પદો संयमनाद, हरिवाहनदिंगमुखम् ના અનુવાદ છે. રેખાંકિત ૧. तमसिदूरमित: प्रतिसारिते નો ભેદ બદલાયો છે. પૃ. ૫૬ પર नीलांशुक માટે, "કાળી સાડી" અને પૃ. ૫૮ अवर्गाशे માટે "અગાશી" કરે છે. પૃ. ૬૧ तद् वाचंयमोमैव માટે તમે લગાર જીભ ઠેકાણે રાખજો, અને संवृत्ताकार: માટે "ઠાવકા થઇને" પણ પ્રસ્તારી અનુવાદ છે. જો કે પ્રયોગની દૃષ્ટિએ તે સારા પણ ગણી શકાય.

પૃ. ૭૯ અંક ૪ શ્લોક ૧

નાવિન ઘેન આ ઘેરાયો છે ન કામી નિશાચર,
સુરધનુ નભે ખેંચાયું, આ ન હોય શરાસન
જળની વરસે ધારા, આતો નથી નથી બાણની,
કનકવરણી વિદ્યુલ્લેખા, પ્રિયા નથી ઉર્વશી.

રેખાંકિત ૧ दृप्त માટે છે. ૨. વધારાનું છે.

પૃ. ૮૧ શ્લોક ૩, પં. ૪માં धर्मच्छेदात् માટે "શાંતિથાતાં" કર્યું છે. તેજ રીતે "હું મારા તાપની પરિવૃદ્ધિની ઉપેક્ષા કરું છું તે અયોગ્ય છે" ને સ્થાને "મનના પરિતાપની વૃદ્ધિ થશે એમ ધારવું વૃથા જ છે" ખોટો અનુવાદ છે. किम् "શામાટે" ને બદલે "શાં" કરે છે. મૂળ ધ્વનિ છે, એથી ફાયદો શો?

પૃ. ૮૨ कंदली નું "કેળ" કરે છે. પૃ. ૮૬ शीतलं सम्प्रगाहु: માટે "સૌ ખરેનાનું ઘારે,' શ્લોક ૧૫માં प्रणम्य त्रिथिव માટે 'મિત્રકાર્યો,' પૃ. ૮૯ પર अवकाश: માટે 'સ્થળ જોઈએ,' કરે છે. શ્લોક ૨૧માં तस्या: છોડ્યું છે. આ બધાં નિર્બળ સ્થાનો છે. શ્લોક ૧૪માં મૂળની એક ગીતિની બે કરવા જતાં અનુવાદમાં પ્રસ્તાર અને નિર્બળતા આવ્યાં છે, જે કે તે મૂળાવિરોધી છે.

શ્લોક ૨૨

મધુકર મદિરાક્ષી કેરીકે નું પ્રવૃત્તિ, વરતનું અથવા

મેં નથી કૈં દીઠેલી

> કમ્મળ કરી બહુ વાધે, પદ્મમાં પ્રીતિ ત્હારી,
>
> મુખ પવનની એના જે નલીધી સુગંધી.

રેખાંકિત ૧. મૂળમાં "મારી" ના અર્થમાં मैं છે. છેલ્લી પંક્તિનો અર્થ બદલાઈ જાય છે – વિપર્યય થાય છે.

પૃ. ૯૧ શ્લોક ૨૬

> અધિક સુંદર માંસલ ગાત્રની,
>
> મદનને વશ આ વનમાં કહીં,
>
> નિરખી છે ગજરાજ ઘટસ્તની,
>
> પૃથુ ~~નિતંબિની~~ નિતંબ નિતંબિની માહરી.

રેખાંકિત ૧ श्रयति पर्वसुसंनता ૨. अनंगपरिग्रहा 3. अल्पपुंचान्तरा માટે છે. તે નિર્બળ છે. છેલ્લામાં તો અર્થ પણ બદલાય છે.

શ્લોક ૨૮: પૃ. ૯૨:

> મંદારનાં કુસુમપની વાસવાળી,
>
> છે વેણીને જે અતિશોચ્ય તેની,
>
> તે વલ્લભા દુર્લભ હાલ છે તો,
>
> હું શીદ એને કરું આંસુભીનો.

રેખાંકિત अधिवासिता માટે "હે સુવાસિત" અર્થ છે. વાસ શબ્દ ગુજરાતીમાં કંઇક ખરાબ અર્થમાં વપરાય છે. તેથી પર્યાયપસંદગી યોગ્ય નથી.

પૃ. ૯૬ મૂળ, स्थाने मनोरमाममेयम् માટે "આમને આનંદ આપે છે. તે યોગ્ય જ છે." ને બદલે "ઠીકઠીક", આતો મારી મનોરમા છે." કરે છે ત્યાં અર્થ બદલાઇ જાય છે. "ગૌરી ચરણ રાગથી બનેલો" એ અર્થ પણ આવતો નથી. શ્લોક ૪૩નો અનુવાદ પ્રસ્તારી છે.

અંક પાંચમો પૃ. ૧૦૦ तिथिविशेषः માટે "સપરમો દહાડો" અને दुकूलोत्तरच्छेदे માટે "રેશમી રૂમાલ" કર્યું છે. તે યુગમાં રૂમાલ વપરાતા ન હતા. વસ્ત્ર કહેવું જ વધારે ઉચિત.

પૃ. ૧૦૧માં आलिखन्निव "લીટાપાડતો" दिङ्गमुखे માટે દિશાનો, बाण पथ मतीत: માટે "બાણવાગે તેની પેલીપાર" પણ એવા નિર્બળ અનુવાદો છે.

પૃ. ૧૦૩ પર ननु परिगतार्थोऽस्मि कृतो भवता નો "આપે મને આ વાત કહેલી છે" ને બદલે મહારાજ, 'આપે મને હવે ખરેખરી ~~વાત~~ સમજણ પાડી! પણ અસંતોષકારક છે.

શ્લોક ૬ : પૃ૦ ૧૦૩:

આ મારવા યોગ્ય બાણે તમારે,
વિંધાયલો બાણ તણે સપાટે,
આકાશથી રત્નની સાથ પક્ષી,
પડયો બીજા તંબુની પાસ આવી" માં प्राप्यापराधो

चितमन्तरिक्षात् એ ખંડનો અર્થ આવતો નથી.

શ્લોક ૧૦માં उत्संगवर्धित માટે "હાથના ઉછેરતાણો, અને કિં"આ/માટે" – "શાકામે" ને બદલે કર્યા છે. गृध्रः માટે બાજ, ~~कुशकर्त्ता~~ उपहारिका माટे "બીન્યા વગર" संयमुयमान शिखण्डकः માટે "મોં ઉપરથી બાબરી ખસેડે છે એવો,"

પૃ. ૧૦૯ પર पितुराशंधयितामव માટે "કહ્યાગરો", आयास्यति માટે "અકળાઈ જાય છે" वंशकर: માટે "વંશજ", શ્લોક ૧૮માં सहौभर: માટે "સ્વકાર્ય કરી શકે", વગેરે અનુવાદ નિર્બળ કે ક્યાંક અર્થવિપર્યયવાળાં ઉદાહરણ છે.

શ્લોક ૧૫નો મૂળઅર્થ "વંશની પ્રતિષ્ઠા પ્રાપ્ત થવાથી મને મહાન આનંદ થયો છે ત્યારે હે સુંદરિ! તું કેમ રુદન કરે છે? પુષ્ટ ઉંચા સ્તનપરથી સતત વરસતાં આંસુથી તું તારી છાતી પરના હારની પુનરુક્તિ કરે છે."

પામીકુમાર, ફરીથી તુજને મળ્યે હું,
ને હર્ષને સમય સુંદરી શે રડે તું,
ધાડાં ઉંચાં સ્તનની ઉપર આંસુડાંની
ધારા કરે શીદ તું મોતનમાળ જેવી–?

–માં પૂરો પ્રગટ થતો નથી. શ્લોક ૧૮માં कलभोद्भुपिसन् છોડ્યું છે. શ્લોક ૧૯માં निकष માટે "ગોરોચના ના ગુટિકા", आयुष्यमानेधि માટે "કુશળો રહે જે", પૃ. ૧૧૬ પર "અભિષેકની સામગ્રી લાવ", ની પહેલાં ચીવરાભ્યની છોડ્યું છે. वृयस्ततोया "માટે વહેંચાયેલાં જળવાળી"ને બદલે "પોંચતાં" કર્યું છે. તે બધાં ઉદાહરણો અસંતોષકારક છે.

આ અનુવાદના કર્તા વિદ્વાન, સંસ્કૃતના શોખીન અભ્યાસી, કાવ્યશાસ્ત્રજ્ઞ અને અનુવાદતત્ત્વને સમજનારા છે. અનુવાદ એકંદરે સરળ, પ્રવાહી, પ્રાસાદિક અને મુલાનુસારી છે. પણ કેટલેક સ્થળે તેને સરળ અને લોકવાણીની લઢણવાળો બનાવવા જતાં પર્યાયપસંદગી પર ઓછું ધ્યાન રહ્યું છે. તેથી કોઈ કોઈ સ્થળે શુષ્કતા કે ફિક્કાશ આવે છે. બીજા પ્રતોના અભ્યાસ અને તેને આધારે ફેરફાર કે ઉમેરા કરવાનો પ્રયત્ન તેમની અભ્યાસનિષ્ઠા બતાવે છે, પણ તેનેમાટેના આધાર ભાગ્યેજ ટાંક્યા છે. ફેરફારો માટે પાદટીપમાં જ્યાંજ્યાં નોંધ કે દલીલ કરી છે ત્યાં ત્યાં

તે કુશળરીતે કર્યા છે, તે પ્રતીતિકર પણ થાય છે. પાદટીપમાં ક્યાંક શ્લોકોનો સરળ મૂલાનુસારી ગદ્યાનુવાદ આપ્યો છે. જ્યાં અનુવાદ સમશ્લોકી નથી ત્યાં છંદને કારણે કંઈક ઉમેરવું કે છોડવું પડયું છે. એકંદરે અનુવાદ સારો છે.

દિ. બ. કેશવલાલ હ. ધ્રુવ - ૧૯૦૬ થી ૧૯૨૩.

આ અનુવાદની ઈ.સ. ૧૯૦૬ થી ૧૯૨૩ સુધીમાં છ આવૃત્તિ થઇ છે.[૧૩] સંસ્કૃતના રસિક વ્યુત્પન્ન સન્નિષ્ઠ વિદ્વાન અને અભિનિવેશ પૂર્વક સંસ્કૃત ભાષાના શિષ્ટ સાહિત્યને ગુજરાતીમાં ઉતારવાનો પ્રયત્ન કરનાર સ્વ. ધ્રુવ ગુજરાતના સાહિત્યરસિકો અને અભ્યાસીઓને જાણીતા છે. ગુજરાતીના એક સમર્થ વિવેચક શ્રી વિજયરાય વૈદ્યે "રસપાંડિત્યની દીપ્તિ" એ શબ્દોથી તેમનો પરિચય આપ્યો છે. તેમણે "વિક્રમોર્વશીયમ્" નો "પરાક્રમની પ્રસાદી" નામથી અનુવાદ કર્યો છે. મૌલિક સર્જન કરવાની શક્તિ હોવા છતાં, સંસ્કૃત સાહિત્યની રસિક પ્રશિષ્ટ કૃતિઓનો અનુવાદ કરવાનો તેમનો આગ્રહ જાણીતો છે.

પ્રસ્તાવનામાં અનુવાદક, કાલિદાસના દેશ અને કાળ વિષે, જુદા જુદા કાવ્યમાં વપરાયેલા છંદોને આધારે તે કૃતિઓની આનુપૂર્વી નક્કી કરવાનો પ્રયત્ન કરે છે, અને તે તે કવિઓએ યોજેલા છંદોની તેવીજ તુલના કરીને નિર્ણય ઉપર આવવા મથે છે. તેમ કરતાં વસુબન્ધુ, અશ્વઘોષ અને કાલિદાસને અનુક્રમે પહેલાં મુકે છે.[૧૪]

૧૩: શ્રી વિ. મ. ભટ્ટને મતે સાત -"પૂજા અને પરીક્ષામાં. પણ શ્રી વિલોચન કે. ધ્રુવ, છ થઇ છે એમ મારા પરના પત્રમાં લખે છે.

૧૪: પ્રસ્તાવના પૃ. ૧૬

તે સમયના ઇતિહાસનો વિગતે વિચાર કરીને સાણ્નો તે ઇ.સ. પૂર્વે બીજા સૈકામાં મુકે છે. કાલિદાસના વતન વિષેના જુદાજુદા મતોનો ઉલ્લેખ કરીને તે ઉજ્જયિની હોવાનું અનુમાન બાંધે છે.[15] કુમારસંભવ, માલવિકાગ્નિમિત્ર, વિક્રમોર્વશીય, મેઘદૂત, રઘુવંશ અને શાકુન્તલ એ તેમની કૃતિઓનો રચનાક્રમ હશે એમ માને છે. ઋતુસંહારને[16] તે છંદની કસોટીથી કાલિદાસનું માનતા નથી.

વિક્રમોર્વશીયમ્‌ને તે અપૂર્વ નાટક કહે છે. તેનો વિષય છેક ઋગ્વેદકાળના જેટલો જૂનો અને પછીના સાહિત્યમાં જાણીતો છે, તેમ કહી તેના સ્થળ, કાળ વિષે વિચારે છે. પણ પૃ. ૩૭થી તેમણે વાચનાના નિર્ણય ઉપર ધ્યાન આપ્યું છે; એક આરૂઢ વિદ્વાનને છાજે તેવી રીતે તેની ચર્ચા કરી છે. તે પ્રસ્તાવનાનું ઘણું મહત્ત્વનું અંગ છે. મૂળ સાથે વિસંવાદી લાગ્યાં હોય તેવાં સ્થળોએ તેમણે નવા પાઠ પણ કલ્પ્યા છે, તેની ચર્ચા બહુધા પ્રતીતિકર રીતે કરી છે. ચોથા અંકના અપભ્રંશ ગાથા વિભાગને તે ક્ષેપક ગણે છે : જોકે પરિશિષ્ટમાં તેનો અનુવાદ આપેલ છે: ડૉ. ભોગીલાલ સાંડેસરા તેમના સંપાદન કાર્યને અંજલિ આપતાં લખે છે "આ સંસ્કૃત સંપાદનકાર્ય પણ કેશવલાલની ગુજરાતી ભાષાપ્રત્યેની ભક્તિમાંથી જ ઉદ્‌ભવ્યું હતું. મુદ્રારાક્ષસનું એમનું ગુજરાતી ભાષાંતર પણ ૧૮૮૯માં પ્રગટ થયું હતું. એ સમયે એના સંસ્કૃત પાઠોમાં એમને ઘણી ભ્રષ્ટતાઓ માલુમ પડી. પરિણામે એ કૃતિનો વિવેચનાત્મક અભ્યાસ આરંભ્યો...... એમાં એમણે કલ્પેલા પાઠો પૈકી ૪૦ ટકા પાઠ હસ્તપ્રતોમાંથી ખરેખર મળી આવ્યા છે, એ ત્યારપછી વર્ષો બાદ જર્મન વિદ્વાન હિલેબ્રાન્ટે

૧૫: પ્રસ્તાવના પૃ. ૧૨

૧૬: એજ – પૃ. ૨૬

મુદ્રારાક્ષસનાં વાચનામાં નોંધેલાં પાઠાંતરોએ બતાવી આપ્યું છે."[17]

શ્રી રસિકલાલ છો. પરીખ નોંધે છે: "કેશવ હર્ષદ ધ્રુવની સંશોધન પદ્ધતિમાં કલ્પિત પાઠ મહત્ત્વનો ભાગ ભજવે છે. તે બધા સ્વીકારાતા નથી. કેટલાક ખોટા સિદ્ધ થાય છે, છતાં એમની કલ્પનામાં સૂક્ષ્મતા હોય છે. ઔચિત્ય હોય છે. વસ્તુસ્પર્શનો પ્રયાસ હોય છે........

"આમ પોતે તરંગના ઘોડા અને "અનુમાનની પાયરી" વચ્ચેનો તફાવત સ્પષ્ટ જાણે છે. એ બંનેને એક ગણવાની ભ્રમણા એમણે કદી સેવી નથી, પણ ઘણાને આ તફાવત સ્પષ્ટ રહેતો નથી, અને તેથી અનર્થપરંપરા ઉભી થાય છે. છતાં "આંતર પ્રમાણને આધારે યોજેલી કલ્પના" અને "અચોટ નિશાન બાજીની યોગ્યતા" જેનામાં હોય તેઓ આ સાહસ સમર્થ રીતે કરી શકે છે. કેશવ હર્ષદ ધ્રુવમાં આવી કલ્પના અને આવી યોગ્યતા હતી એ તેમનાં સંશોધનોના અભ્યાસીને પ્રતીત થઇ જાય છે."[18]

છતાં જે આવા પાઠોને કાંઇ હસ્તપ્રતનો ટેકો ન હોય તો તે ચિંત્ય કોટિમાં મૂકાય તેવા બની જાય છે. પરિશિષ્ટોમાં પોતાના નિર્ણયોને સાચા સાબિત કરવાને તેમણે પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. તેમાં મહાકાવ્યમાં છંદનો વપરાશ, દૃશ્યકાવ્યમાં છંદનો વપરાશ, વિલક્ષણ પાઠાંતરથી થતી ગલત પાઠની ઝાંખી, મૂળમાં ભળી ગયેલી ટિપ્પણી, ભજવનારે કરીનાંખેલો ફેરફાર, રંગનાથ અને કાટ્ય વેમનાં વંશવૃક્ષો આપેલાં છે.

૧૭: સ્વ.કેશવ હ. ધ્રુવ શતાબ્દિ પત્રિકા પૃ. ૧૬

૧૮: સ્વ. કે. હ. ધ્રુવ જન્મ શતાબ્દિ પત્રિકા પૃ. ૧૫

આ અનુવાદની છમાંથી મળી શકેલી ૧, ૨, ૬ ને આધારે પણ તેમણે દરેક આવૃત્તિએ પોતાના ભાષાંતરને કેવી રીતે મઠાર્યાં કર્યું છે, અનુવાદ વિષે તેમનો ખ્યાલ કેવો હશે -- મૂળ કવિ આ ભાષામાં લખે તો તે કેવું લખે, તેનો ખ્યાલ આપવો તે પણ જોવા મળે છે. દરેક આવૃત્તિએ તેમણે શ્લોકો અને ઉક્તિઓના અનુવાદમાં ફેરફાર કર્યા છે તે જોઈ શકાય છે. :કૌંસમાં બતાવેલા અંક તે તે આવૃત્તિ સૂચવે છે.:

શ્લોક ૧ નાન્દી

(૧) વિશ્વે વ્યાપક એક પુરુષ કરી વેદાંત જેને ભણે
સંજ્ઞા ઈશ્વરની જથારથધટે તેનેજ ના અન્યને,
શ્રી શોધે પ્રાણ મુમુક્ષુ અંતર વિષે શોધે વળી જેહને,
એવા શંભુ સુભક્તિએ સુલભ જે તે શંભુ હો સર્વને

રેખાંકિત ૧ रोदसी માટે છે. ૨. ઉમેરો છે. ૩. वेदान्तेषु यमाहुरे पुरुषम् માટે છે. ૪. ईश्वरशब्द: માટે છે. ૫. स्थिरभक्तियोगसुलभो માટે છે. અનુવાદ ચૂસ્તરીતે મૂળને અનુસરતો નથી. તેમાં અશક્તિ નહીં પણ અનુવાદકે માનેલી આ જ અનુવાદની યોગ્યતા જ કારણ છે, અને આજ વિલક્ષણતા છે. (૨) અને (૬)માં પંક્તિ ૩માં "રોધી" કર્યું છે. પંક્તિ ૪માં શંભુ ભાવની ભક્તિએ સુલભ જે તે શંભુહો સર્વને, છે. નાના ફેરફાર છે. આગળ, (૧) માં મારિષ છે (૨-૬) માં અરે વડા નટ" એમ કરે છે. અનુવાદક વિસ્તૃત પાદટીપ તો આપે છે જ. તો "વડાનટને" મારિષ કહેતા" બતાવી આ ફેરફાર ન કર્યો હોત તોપણ ચાલત. સૂત્રધારની ઉક્તિ પૃ. ૧ (૧) માં મૂલાનુસારી છે "જુઓ, રસિક સભાજનોએ પૂર્વકવિઓના લેખો બહુભાગે ભજવાયેલા જોયા છે. તેમના આગળ આજે વિક્રમોર્વશીય નામે નવીન નાટક ભજવવાનું છે માટે પાત્ર વર્ગને કહો કે સૌ પોતપોતાના પાઠ્યમાં

સાવધાન રહે, એટલું કામ કરો." અહીં રેખાંકિત ઉમેરો છે. :૨:
"સભાજનોને મેં પૂર્વે નાટકો પુષ્કળ ભજવી બતાવ્યાં છે, તેથી
આજે હું એમના આગળ વિક્રમોર્વશીય કિંવા "પરાક્રમની પ્રસાદી"
નામે નવીન નાટક ભજવવા માગું છું. માટે સૌ ખેલાડીને કહો
કે પોતપોતાના કામમાં સાવધ રહે, જુઓ, એટલું કરો.

પત્નીની ઉક્તિ, આવૃત્તિઓમાં અનુક્રમે સૂત્રધારની
ભાવની આજ્ઞા" "જી", "તૈયાર" અને "તૈયાર" એમ છે. અનુવાદક
આવૃત્તિએ આવૃત્તિએ કેવીરીતે ફેરફાર કરતા ગયા છે તે
ઉપરની ઉક્તિઓમાંથી દેખાય છે.

શ્લોક ૨ (૧):

પ્રણયી પ્રતિદાક્ષિણ્યે, અથવા સદ્ પુરુષ વસ્તુ પ્રતિ માને,
કૃતિકાલિદાસ કેરી, ધરિયે ધીરજથી આ ધ્યાને.

અનુવાદ મૂલાનુસારી છે. રેખાંકિત માટે તે મૂળ છે. मनोभिः अवहितैः

(૨:)માં

મ્હેરથી અરજ ઉપર મુજ, અથવા તો રસની લ્હેરની લ્હેરજથી
કૃતિ કાલિદાસ કેરી ધ્યાને ધરિયે જી ધીરજથી.

:૬: માં

મુજ પર રજ-મ્હેર-જથી અથવાતો રસની-લ્હેની- લ્હેરજથી
કરે છે. તેમાં રેખાંકિત ફેરફાર કર્યો છે. મૂળની પ્રથમ પંક્તિનો
ઉત્તરાર્ધ કેવો બદલાઈ જાયછે તે નોંધપાત્ર છે.

(૧) "પડદા પાછળ કારમી ચીસ સંભળાય છે
(૨) માં "કારમી" શબ્દ મૂકતો મૂક્યો છે
(૬) "પડદા પાછળ"ને બદલે "આકાશમાં" કર્યું છે.

પૃ. ૨ અરે હું "વિજ્ઞાપના કરી રહ્યો, એટલામાં આ ટળવળતી
ટિટોડી સરખી કારમી ચીસ આકાશમાં શી?
હાં ..... જાણ્યું,

(૩) વિનંતી કરું છું ને એકાએક .....હાં હાં સમજ્યો
(૬:) વિનંતી કરું છું તે દરમિયાન કોણે આ ટળવળતી.. હાં, સમજ્યો, " એમ કરે છે. ભાષાંતર મૂળ કરતાં બીજી અને છઠ્ઠી આવૃત્તિમાં જુદું પડે છે. કાલિદાસ શબ્દોથી કહે છે તે કરતાં વધારે તો સૂચવે છે તે જોતાં આ કેટલું યોગ્ય ગણાય?

શ્લોક ૩

નારાયણે ઉરૂથી નિર્મિત ઉર્વશી જે,
આરાધી અવ અલકેશ વળી હતી તે,
તેને બળે હરીજતાં વચમાં સુરારિ,
આ અપ્સરા જન કરે કલપાંત ભારી

રેખાંકિત માટે મૂળ "શરણ માટે આક્રંદ કરે છે" એમ છે.

આવૃત્તિ :૨: પંક્તિ ૧માં

નારાયણે સરજી ઉરૂથી ઉર્વશી જે,

અને પંક્તિ ૪માં આ અપ્સરા ટળવળે કરી ચીચિયારી છે, તો આવૃત્તિ :૬:માં પ્રથમ આવૃત્તિનો જ પાઠ રાખ્યો છે.

પંક્તિ ૨માં રેખાંકિત અંશમાં અનુવાદકે પોતાનું નામ ગુંથી લીધું છે. અહીં નારાયણ કર્તા બને છે. કૈલાસનાથ "અલકેશ" બને છે. क्रन्दति માટે "ટળવળતી" યોજ્યું છે. તો અપ્સરાના ગુણને માટે "અપ્સરાજ".

:૬:માં પૃ. ૩૫-૨ પર મેનકાની ઉક્તિ ના અમુક ભાગને ગાથા માની તેનો અનુવાદ કર્યો છે.

દારૂણ તપથી ડરતા ઇંદ્રનું સુકુમાર અસ્ત્ર એ કહાવે,
સ્વર્ગ ભુવન શોભાવે ને, લક્ષ્મીને પણ લજાવે.

આકૃતિ ૧-૨માં મૂલને અનુસરીને ગદ્યાનુવાદ છે. असुरावलेपात्

માટે "જુલમી અસુરો" સામે" समापत्तित दृष्टेन માટે ઓચિંતા દેખાયેલા", એમ અનુવાદ કરે છે. તે માટે 'અધવચ એકા એક ક્યાંથી એ" એમ કર્યું છે.

પૃ. ૪ પર "ચંદ્રના પૌત્રને એ યોગ્ય જ છે", ને માટે "ચંદ્ર ભગવાનના પૌત્રે સંતાપ હરવો યોગ્ય જ છે", કરે છે.

પૃ. ૬ રંભા: "અહીં પણ સર્વથા વિજયી થાઓ" ને બદલે (:૨:)માં "પ્રભુ કરે ને આ વખતે પણ એમનો સંપૂર્ણ વિજય થાય."

:૬:.......એમનો જયજય કાર થાઓ" કરે છે समाश्वसिहि માટે "સ્વસ્થ થા પ્રિયસખી! સ્વસ્થ થા" :આ. ૧માં: (૨–૬)માં હૈયું હાશરાખ બહેન! સ્વસ્થ થા."

તો ચિત્રલેખાની ઉક્તિમાં તેજ પદમાટે "સ્વસ્થ થા" અનુવાદ કર્યો છે.

શ્લોક ૪ (૧:)

ચોપાસે ધુળકોટ રૂપે ધીન આ, ઊંડે વટાઇ જઇ
ચક્કાર ભસંત ચક્રરજે, આરાજ આરામહીં
આયામી સ્થિર ચિત્ર તુલ્ય ચમરી છે અશ્વ શીર્ષે રહી,
દંડાગ્રે ~~સં~~ સરખી આણી સુધી ધજા વેગાનિલે છે રહી.

: ૨: આ જુઓ ધેનવૃંદ રેણું સમ આ, ઊંડે વટાઇ જઇ,
આરા એ રજ ચક્રના ભ્રમણથી વર્તાય આરા મહીં,
ચિત્રે ચિત્રિત તુલ્ય લાંબી ચમરી છે અશ્વ શીર્ષે રહી
દંડાગ્રે આણી સુધી સીધીજ ધજા વેગાનિલે છે રહી.

: ૬: અગ્રે રેણું સમાન આ ધેન જુઓ, ઊંડે વટાઇ જઇ,
આરા નૂતન ચક્રના ભ્રમણથી વર્તાય આરામહીં
..............લાંબી ચમરી...........
ટોચે વાંસની બાજુએ આણીસુધી સીધી ધજા છે રહી

અહીં યથ્યિગ્રે માટે "ટોચે વાંસનો" કર્યું છે તે સારો ફેરફાર છે એમ ભાગ્યેજ લાગે છે. પંક્તિની તુલના કરતા અનુવાદ બાબત સંતોષ ન થાય ત્યાં સુધી અનુવાદક કેવાકેવા ફેરફાર કર્યે જાય છે તે સમજાય છે. શરૂઆતમાં અનુવાદ વિષયક કલ્પનામાં મુલાનુસરણ મુખ્ય લાગે છે. તોપણ મૂળના ભાવને સાચવીને તેને ગુજરાતીમાં આકર્ષક રીતે કેમ ઉતારવો તે વિચાર પ્રાધાન્ય ભોગવે છે, એમ દેખાય છે.

પૃ. ૫ શ્લોક ૫.

:૧: ટળી ગયો ત્રાસ સુરારિનો સહી,
ત્રિલોક રક્ષી હરિના પ્રતાપથી,
નિશા શમંતી નલિની શી ભીરૂ છે,
સુદીર્ઘ નેત્રાબુજ આ વિકાસિયે;

:૨: ટળી ગઇ ભીતિ ભૂંડી સુરારિની,
તપે ત્રિલોકે પ્રભૂતાઇ વજ્રની
....
વિશાળ..................

અને :૬: ટળી ગયો છે ભય સૌ સુરારિનો,
પ્રતાપ જે વિશ્વપ વજ્રધારીનો,
ઉઘાડીયે આ દ્રગ દીર્ઘ, પદ્મિની
ખિલે વિકાસે જ્યમ જોડ પદ્મની

અહીં આવૃત્તિ દમાં જે "પદ્મની જોડ"ની વાત છે ત્યાં મૂળતો એકજ "પદ્મ"નો ઉલ્લેખ છે. ઉપમા પૂર્ણ કરવા - ઉર્વશીને બે આંખો છે માટે અનુવાદક "જોડ"ની વાત કરે છે. કાલિદાસતો "પદ્મ"ને જાતિવાચક તરીકે - સામાન્ય કમળનો ખ્યાલ આપવા માટે - વાપરે છે. ત્યાં સંખ્યા વાચકે પોતે જ કલ્પી લેવાની છે. બેઉનો દ્રષ્ટિભેદ સ્પષ્ટ દેખાય છે.

શ્લોક ૬

સુતનુ તણા કુસુમ સમા કુમળા ઉરનો હજી ન કંપ શમે,
એને હરિ ચંદનના સ્તન મધ્યે ઉચ્છ્વાસે કુસુમે.
સુમન સમા મહિલાના, કુમળા ઉરનો પ્રકંપ હજીયે,
કુચંશીચ હરિચંદનનાં, કુસુમો ઉપસ્યા કરી સૂચવે. : ૨:
ઉર ઉપરસુરતરુવરનાં ફરકે છે ફૂલ જેને જગવેજે,

હૃદય ન હજુય કુસુમસમ લઘુ લય થરથરાટ તજે. : ૬:

(: ૬:)નો અનુવાદ સારો છે. રેખાંકિત ખંડ માટે પોતે જ નોંધે છે "તે શબ્દોનો ઉચ્ચારજ હૃદયના થડકારનું સૂચન કરે છે.
कुसुमसमवन्धनम्   મૂળ પાઠમાં ફેરફાર કલ્પીને કર્યું છે.
શ્રી કિલાભાઇ ઘનશ્યામ પણ હરિચંદન લગાવેલ તેની છાતી રાજાની નજરે પડી હોય તેને શક્ય ગણતા નથી, પણ આ "સુરતરુવરનાં ફરકે છે ફૂલ" એ સ્થિતિ પણ કેટલે અંશે શક્ય હશે? મૂળગીતિની બીજી પંક્તિનો થડકાર પણ સુંદર છે. તેની આગળતો આ ઝાંખું લાગે છે.

શ્લોક – ૭ :૧:

અનો સર્જનહાર કાં બહુ હશે રૂપે રૂડો ચંદ્રમા
કાં પુષ્પો પ્રસવંત માસ, રસિયો શૃંગારમાં કામકાં,
સર્જેશી વિધ અન્યથા વિષયથી નિર્મુખને વેદના
અભ્યાસે જડને પુરાણ મુનિઓ મુર્તિ મહામોહના.

રેખાંકિત ૧. कान्तप्रभः માટે છે, ૨. पुष्पाकरः માટે છે,
૩. शृंगारैकरसः માટે, ૪. विषयव्यावृत्तकौतूहलो
માટે અને ૫. मनोहरमिदम् માટે છે. મૂળનું લાલિત્ય ઓછું ઉતરે છે.

(: ૨) પંક્તિ રમાં

કે ફૂલો પ્રસવંત માસ રસિયો શૃંગારનો કામવા
અને – ૪માં સર્જે શી વિધઅન્યથા.........." છે, તો
(: ૬) માં "શી રીતે સરજી શકે વિષયના વૈરી અને વેદના
વ્યાસંગે જડ એ પુરાણ મુનિઆ શ્યામા મહા મોહના.
– કરે છે. રેખાંકિત પદોમાં શબ્દ સૌન્દર્ય તો શોભ વધ્યો છે

એમ દેખાય છે. પણ ત્યાં અનુવાદ મૂળથી દૂર જતો પણ દેખાય છે.

उपकृतं खलु दानवैः માટે "ભૂંડા દાનવોએ ભલું કર્યું" अभयदायी માટે "વ્હારકરનાર" प्रत्यागत प्रसादम् માટે "ઝળહળતા", अवतार्यताम् માટે "નીચે વાળો" दत्तफलौ मे विषमावतारः માટે "આ વિષયભૂમિમાં અવતરવું અને હેલાખમવા તે પણ સફળ છે" એમ અનુવાદ કરે છે.

શ્લોક ૯ (૧)

રાગાંકુર રૂપરોમે અંકિત આ ~~અડ~~ ક્યું અંગ મુજ સ્હેજે,
રથના અથડાવાથી મૃગાક્ષીના અંગ શું આજે.

(૨) મુજ આ સ્કંધ ફરકતો, રાગાંકુર રૂપ રોમ પાંગર્યા,
મહીમાં રથ અથડાતા લલનાના સ્કંધ શું અડક્યો.

:૬: આ મમ અંસ ફરકતો રાગાંકુર..............
પથરે રથ અથડાતાં ~~લલનાના~~ અંસ શ્યામા ~~પ્રિયા~~ અડક્યો.

મૂળમાં, શ્લોક ૧૦ તરીકે,
રથના આંચકાથી રથાંગ જેવી શ્રોણીવાળી સુંદરીના ખભાને મારો ખભો અડક્યો તે રૂવાં ઉભાં થવાથી જાણે મદનનો અંકુર ઉત્પન્ન થયો "એમાં પથરે અથડાવાનો ઉલ્લેખ નથી." તુલના કરતાં અનુવાદકે કરેલો ફેરફાર સ્પષ્ટ થાય છે. :૧: दिष्टया માટે "ધન્યઘડી". :૨: "મુબારક"! "મુબારકા"
:૬: "આનંદ આનંદ કે............"કહે છે.

सखीसमागमने માટે :૧: માં "અને જે તમે આ તમારી સખીને મળ્યાં" (૨) એજ (૬)........કે પ્રેમી હૃદયોનો મેળાપ થયો" એમ કર્યું છે. (૬) માં દ્વિઅર્થી ધ્વનિ છે. મૂળતો સ્પષ્ટ છે. પણ અહીં તો રાજા એમ પણ કહે તો હોય કે મને પ્રેમી હૃદયનો મેળો થયો માટે આનંદ આનંદ છે. પણ કાલિદાસને આ ભાગ્યેજ અભિપ્રેત છે.

પૃ. ૧૧ પર ચિત્રરથની ઉક્તિઓ પણ પ્રસ્તારી છે. શ્લોક ૧૩, ૧૪, ૧૫ના અનુવાદોમાંયે છૂટ લીધી છે. પહેલી આવૃત્તિ કરતાં પછીની આવૃત્તિઓમાં તે વધતી જાય છે.

પૃ. ૧૨ ચિત્રલેખાની ઉક્તિમાં " इदं खलु लक्ष्मा............ .. यतिश्ये तावत् " છોડ્યું છે. અનુવાદની દલીલ એ છે કે ચિત્રલેખા મોં મલકાવે છે, એટલે એ ઉર્વશીના મનમાં રાજા માટે પ્રેમ ઉત્પન્ન થયો છે, તે જાણે છે. તેને છોડાવવાનો પ્રયત્ન કરવાનું કહે તો તેનો વિપરીત અર્થ થાય. એક રીતે આ વાત બરાબર છે. પણ ચિત્રલેખા માત્ર એકાવલીને જ, ને નહીં કે રાજા અને ઉર્વશીની પ્રેમગ્રંથિને માટે કહે છે. બીજી અપ્સરાઓ આ વાત જાણતી નથી તેમને ન જણાવવા માટે પોતેય એ નથી જાણતી, એવો દંભ ચિત્રલેખા ચાલુ રાખે તે શક્ય છે.

રાજાની ઉક્તિમાં :૧: "અહો ગિરિ ઉપરની વેલી" માટે આવૃત્તિ :૨: :૬: માં " પૃથ્વીપરની વેલી" નિરર્થક ઉમેરો છે. રાજાલતાને ઉદ્દેશીને કહે છે એ ભાવ ૧૬મા શ્લોકમાં આવી જાય છે.

શ્લોક ૧૮ (૧: (૨:)

છેદાયલા નાલથી હંસી જેમ,
ઊડે હરંતી જતી તંતુ તેમ,
ભેદાયલા દેહથી હૈયું હાવે,
લૈ અપ્સરા આ સ્વરગે સિધાવે.

અને :૬: માં,

છેદાયલા નાલથી તંતુ જેમ
ગ્રહી પળે હંસણી વ્યોમ તેમ.

કરે છે ત્યાં " मनो मे प्रसभं हरन्ती" અને पितुः पदं मध्यममुत्पतन्ती "પાંડો છોડયા જેવા છે. બીજા ખંડ માટે "સ્વરગે" કર્યું છે. પણ મૂળમાં નારાયણે ઉત્પન્નકરેલી ઉર્વશી વિષયક પુરાણ કથાનો સંસ્કાર જાગે છે. તે (पदं मध्यमं) થી અહીં "સ્વરગે" શબ્દથી તે જાગતો નથી. બાકીના અંશને

વધારે મહત્ત્વ આપ્યું છે તેથી અનુવાદ સામાન્ય જ ગણાય.

અંક ૨માં શરૂઆતના વિષ્કંભકમાં વિદૂષક અને નિપુણિકાના સંવાદમાં મૂળનાં લાંબા વાક્યોને સ્થાને ટૂંકાં વાક્યો કર્યાં છે, અને નાના નાના ઉમેરા પણ છે. પછીની આવૃત્તિઓમાં તેમાં ફેરફાર કરી તેને વધારે સ્વાભાવિક લઢણવાળાં કરવા પ્રયત્ન પણ કર્યો છે, તે સારો પણ છે, જેમકે आलिखितो वानर इव० માટે "અરે માણકો ભટ્ટ તો મ્હોં સીવીને આ ચોંટયો " જાણે ચિતરેલું માકડું સ્તો! "ચાલબાઇ! એને મળું".

आर्य वन्दे :- "નમસ્કાર ભૂદેવને"

विदुषकः: ઓય ઓયરે! પેલું રાજાજીનું રહસ્ય તો કમજાત ગોલીને દેખીને હૈયું ભેદીને નીકળી જવાનું કરે છે? :પ્રગટ: કેમ નિપુણિકાબાઇ, સંગીતનું મઝા મૂકીને ક્યાં ચલાવ્યાં?

: ૨: અહો! માણકા ભટ તો આ ચોટયા સુનમૂન! જાણે ચિતરેલું માંકડું સ્તો! મળું ભટજીને! :પાસે જઇ: નમસ્કાર ભૂદેવજી.

વિદૂષક : કલ્યાણમસ્તુ :સ્વગત: તોબા, તોબા! પેલી રાજાજીને છૂપી વાતનો આ ચેટકીને દેખીને નીકળી જવાનું જ કરે છે! :પ્રગટ: કેમ નિપુણિકાબાઇ! સંગીતની મઝા મૂકીને ક્યાં ચલાવ્યાં?

(૬) મોટે ભાગે (૨) ને અનુસરે છે "મૂકીને કહીં પગલાં ચલાવ્યાં" એટલો ફેરફાર છે. તો "ચેટકી"ને બદલે "દાસી"ને કર્યું છે.

: ૧: વિદૂષક :આઠવલેની આવૃત્તિ પૃ. ૨૪: "શું એમણેજ રહસ્યનો ભેદ કર્યો? તો પછી મારે જીભને કાબૂમાં રાખીને દુ:ખ શા માટે વેઠવું? ને બદલે

: ૧: માર્યા"..... ..થયું! મહારાજે પોતે જ ભચડ વેરી દીધું! શા માટે ત્યારે મ્હારે મ્હોડે ડૂચો દેઇ દુ:ખ વેઠવું?

: ૨: "થયું મહારાજે પોતે તો ભેદ ખોલી દીધો! ત્યારે મારે શા માટે મ્હોડે ડૂચો દઇ..... બાકીનામાં

:(૬), (૨)ને અનુસરે છે,

(૧) जयतु जयतु देवः "ઘણી ખમ્મા મહારાજને"

(૨) " " "ઘણી ખમ્મા રાજાધિરાજને"

(૬) " " "ઘણી ખમ્મા રાજાધિરાજ!"

શ્લોક (૧) માં

ખંતે મંડી રહીજ સરખી સ્વાધિકારે પ્રજાની
વૃત્તિ તમમય તેમને રવિ લોકમાંની,
મધ્યાહ્ને આ ક્ષણ ગગનની મધ્ય થંભે દિનેશે,
છઠ્ઠે ભાગે અવ દિવસના સુખ સેવે નરેશે.

: ૨: ખંતે મંડી રહીજ સરખી સ્વાધિકારે સુનીતે
અંધારું સૌ ભુવનનું હરે ભાનુને ભૂપ પોતે,
મધ્યાહ્ને આ ક્ષણ ગગનની મધ્ય થંભે દિનેશે
.................લે વિસામો નરેશે.

(૬) પં-૩ રોજે રોજે ક્ષણ ગગનની મધ્ય શોભે ગ્રહેશે
છઠ્ઠા ભાગે અવ દિવસના મોજ માણે નરેશે.

આમાં आलोकान्तात्, भासम् અને બીજી પંક્તિનો અનુવાદ આછો જ ઉતરેલો છે.

પૃ. ૧૬ विदूषकः "હાય! હાય માર્યા આતો!" કમજાત ગોલીએ મને છેતર્યો! નીકર મિત્ર આમ પૂછે નહીં."

: ૨: માર્યા તો! લુચ્ચી ચેટકીએ થાપ દીધી! નીકર.....

: ૬: માર્યા તો! નિપુણ કડીએ થાપ દીધી...........

પૃ. ૧૯ :૧: રાજા: નિશ્ચય સમજ મિત્ર, કે હું તને વ્હાલો છું તેથી તું આમ કહે છે (૨) :(૬:) ખાતરીથી સમજ જે, મિત્ર, કે તારી આ ગણત્રી વહાલઘેલી છે."

શ્લોક ૩ના પાઠમાં प्रसाधन विधेः ને બદલે प्रसाधनस्य પાઠ કલ્પ્યો છે. का गतिः માટે (૧) કમળપત્ની! (૨) અને (૬) વશે કે કવશે કાંઇ ના કહેવાશે? માં પ્રસ્તાર છે.

શ્લોક ૬ પં. ૩–૪

મોરી આમ્રની મંજરી પીળચટી આછીજે તેમ છે,
એતાં યૌવન મૌગ્ધ્ય મધુરી .... વિરાજે સખે.

: ૨: પં. ૪– રાજે બબનને કિશોરવયની મધ્યે .... મધુશ્રી સખે,

: ૬: ૩–૪ મોરી આમ્રની મંજરી કપિશ તે પાંખા પરાગે દિસે,
રાજે બબનને કુમાર વયની મધ્યે..............

સારો અનુવાદ છે.

अतिस्नेहः कार्यदर्शी માટે :(૧) "સ્નેહજ કાર્ય દર્શી છે" કર્યું છે તે વધારે મુલાનુસારી છે. (૨:) શું કહે છે મિત્ર! મનુષ્યની સ્થૂળ દૃષ્ટિ જે દેખતી નથી તે સ્નેહની ઝીણી દૃષ્ટિ દેખે છે. (૬:) એમ શું બોલે છે મિત્ર! સ્નેહ ત્રીજું નેત્ર છે તે સૌ ઉકેલ ઉકેલે છે. બેઉ મૂળથી જુદાં છે. રેખાંકિત ખંડમાં પુનરુક્તિ છે. ઉકેલતો લાવવાનો હોય, ઉકેલવાનો નહીં. પૃ. ૩૪ ચિત્રલેખા ननु भगवता देवगुरुणा.......... = મૂળ અર્થ છે : ૬: ગભરાઓ બહેન, અપરાજિતા આગળ વિઘ્ન જાય મારે છે એ ઓષધિ અંબોડે બાંધવાનું બતાવી દેવગુરુ બૃહસ્પતિએ આપણને અસુરોના ઉપદ્રવમાંથી મુક્ત કર્યા છે.

(૧) (૨) ગભરાઓ, બહેન, દેવગુરુએ આપેલી અપરાજિતાના બળે હવે તો આપણે અસુરોના ઉપદ્રવમાંથી મુક્ત થયાં છીએ.

(૬:)માં ફેરફાર છે અને તે કંઈક મુલાનુસારી અનુવાદ આપે છે.

ઉર્વશી : सखि, इदानीं प्रथमदर्शनात् सविशेषं प्रियदर्शनो महाराजः માટે

(૧) (૨) અલિ, "પ્રથમના કરતાં આજે મહારાજનું દર્શન અતિ મધુરું લાગે છે."

:(६:) માં ફેરફાર છે અને તે કંઈક મુલામુલાની અનુવાદ આપે છે.
ઉર્વશી : सखि, इदा
માટે
: १: : २: અલિ, "પ્રથમના કરતાં આજે મહારાજનું દર્શન અતિ મધુરું લાગે છે."
: ६: "અલિઆજે મહારાજનું દર્શન ઓર મધુરું લાગે છે. તેમાં પ્રથમ દર્શનનો ઉલ્લેખ છોડયો છે.
दुर्लभप्रणयिनी માટે (१) (२) માં "દુર્લભવલ્લભા" અને : ६: માં "વલ્લભા" કર્યું છે.
ઉર્વશીનો ઉક્ત.........आत्मानं विकत्थते / ને માટે
(१) અહો, આમને લ્હે લગાડી રગર ગાવ કઇ સુંદરી સૌભાગ્ય સાર્થક કરતી હશે?
: २: : ६: "અહો, આપને લ્હે લગાડી સૌભાગ્ય રળનારી સુંદરી કોણ હશે" આમાં રેખાંકિત પદોનો અર્થ આવતો નથી.
પૃ. २५ રાજ नास्त्यगतिर्मनो रथानाम् માટે
(१-२) મનોરથોના ઘોડા, તે જ્યાં ત્યાં જાય દોડયા"
(६) "મનફાળ ન ભરે તે ઓછી"
પૃ. ४२ પર "અહીં આપણી બેઉની પ્રીતિ સરખી છે" એ ઉર્વશીની ઉક્ત (:१) માં માણવકના નામે (:२)માં ઉર્વશી નામે (६:)માં ફરી માણવકના નામે ચડાવી દીધી છે.
मदनेनबलवर्द् बाध्यमानТ ० (१:) "કામના તાપથી હાલ હું બેહાલ છું" (२): "ત્યારથી કામ દેવ મને બહુ સંતાપે છે."
(६) "કામાગ્નિએ દેહ ધીક્યા કરે છે" એમ અનુવાદ છે.
પૃ. ३० પર सर्वत्र प्रमादी वैधेय: (१) "જે તે વાતમાં મૂર્ખાનું કાળજું જ ચોક નમળેછ શોધ શોધ હવે. (२) શોધ શોધ હવે, જે તે વાતમાં મૂર્ખાનું કાળજું ચોકજ ન મળે (६) કોઇએ વાત માં મૂર્ખાનું કાળજું ચોક જ ન મળે. સારી લોકોક્ત વાપરી છે. પણ वैधेय: અને प्रमादी ના અર્થ પૂરા ઉતરતા નથી.
નિપુણિકા: तदैव कौलीनम् प्रतिभाति /

(૧) શા સાહેબ, આ તો પેલીજ વાત જણાય છે. હું તો ધારું છું કે, મહારાજ પ્રત્યે ઉર્વશીનું કવન છે. તે માણકા ભટના બાવરાપણાને લીધે આપણે હાથ આવ્યું જણાય છે.

(૨)....."હું તો ધારું છું" ને બદલે, મને લાગે છે કે રાજાજી પર ઉર્વશીએ લખેલો કાગળ છે. ભટજીના રોલાપણાને લીધે એ કવિતા આપણે હાથ ચડી છે.

(૩) આ તો બા સાહેબ,પેલીજ વાતનો ફણગો ફૂટયો છે, "રાજાજી ઉપર ઉર્વશીએ કવિતામાં પત્ર લખ્યો છે તે આ મને લાગે છે કે ભટજીના વ્હીલા પણાને લીધે આપણે હાથ ચડયો.

દર આવૃત્તિએ કરેલા ફેરફારો સ્પષ્ટ છે.

(૧) પૃ. ૩૨ રાજા, અહો! દેવી! ભલું થયું! દેવી તમે પધાર્યાં તે.

માણવક: (સ્વગત) ભૂંડું થયું.

(૨) અરે! દેવી! પધારો પધારો, દેવીસારું થયું તમે આવ્યાં.

માણવક: ખોટું થયું. આટાણે આવ્યાં.

(૩) અહો દેવી! ઠીક થયું તમે આવ્યાં તે

માણવક: અઠીક થયું આટાણે તો.

અહીં ત્રણે સ્થળે મૂળના સ્વાગતમ્ - દુરાગતમ્ નો અર્થ ઉતારવાનો પ્રયત્ન સારો છે.

: મૂળ આથવલે પૃ. ૫૪: भवति, તેમના ભોજનમાટે ઉતાવળ કરો જે પિત્તને શમાવવામાં સફળ થાય. એ મૂળને માટે વિદૂષક: મહારાજ! એમને માટે મીઠું મીઠું ભોજન કરાવો, જેથી પિત્તની શાંતિથાય.

મૂળમાં વિદૂષક આ વચનો રાણીને કહે છે તે અહીં તે રાજાને કહેતો હોય તેમ નિરૂપ્યું છે.

(२) ચાલોમહારાજા! કાંઇ મીઠું ભોજન કરાવીએ એમને માટે, જેથી શાંતિ થાય

(૬) ચાલો રાણી સાહેબ, વ્હેલાં વ્હેલાં કંઇક મીઠું ભોજન કરાવિયે, જેથી એમને શાંતિ થાય.

આમ ફેરફાર કરીને છેલ્લી આવૃત્તિમાં મૂળનું અનુસરણ કર્યું છે.

રાણી: मा खलु लघुहृदयाहं .... :१: "હું ન હોઉં ક્ષુદ્ર હૃદયની, મનામણાં એ મૂલવાનારી"

(२) બાકી મનામણાંનું તો ઠીક છે, હું કોઇ એવી તુચ્છ હૃદયની ન હોઉં કે તેથી ફુલાઇ જાઉં.

(૬) હું કાંઇ પામર હૃદયની નથી કે મનામણાંથી પોમાઇ જાઉં.

આમ ફેરફાર અનુવાદક કર્યે ગયા છે. તેજ ઉક્તિમાં "દાક્ષિણ્ય" માટે "મીઠાશ કર્યું છે. રાજા: (મૂળ: આઠવલે પૃ. ५६) मा मैवम्.......

(૧) મિત્ર, એમ મા બોલ, ઉર્વશીમાં મારું મન લોભાયું છે, તેમ છતાં એ દેવી વિશે મારો આદરભાવ એનો એજ છે. પણ મારા પ્રણિપાતનો અનાદર કર્યો તે ઠીક થયું. મારાથી હવે અકડાઇ રાખવી બનશે.

(२::६) મિત્ર, એમ મા બોલ, ઉર્વશીમાં મારું મન રમી રહ્યું છે. ખરું, પણ દેવી ઉપર મારો ભાવ તેનો તેજ છે. પરંતુ તે દીઠું કે હું પગે પડયો છતાં તેમણે કંઇ લેખવ્યું નહિ. એટલે હવે મારે અકડાઇ રાખવી પડશે. बहुमान માટે "આદરભાવ" અને "ભાવ" કરે છે. उर्वशीगतमनसा पि માટે "મન લોભાયું છે", "રમી રહ્યું છે" એમ કરે છે. થોડો વિસ્તાર કર્યો છે, પણ તે મૂલને અવિરોધી, બલકે સંગત છે. ત્રીજા અંકના વિષ્કંભકમાં ભરતમુનિના શિષ્યોના સંવાદમાં, ઉતરતી કક્ષાનાં પાત્રો હોઇ તે મૂળ પ્રાકૃતમાં બોલે છે. તેને અનુરૂપ થવામાટે સામાન્ય લોકોની

ભાષા વાપરી છે. તે અંગે મતભેદને અવકાશ છે. સંગતતા કે સમાન કક્ષાનો અભાવ પણ સાંભવી શકે છે. પહેલી આવૃત્તિમાં તો ભાષા શિષ્ટજ રાખી છે.

(૨) અને (૬)માં પ્રસન્ન માટે "પરસન", "સારદેવી, ફત લખમી-સ્વયંવર, પરસંગોમાં, રમાતા, ઉરવશી, વેશધારી, તરણે, (ક. પ્રગ્રે) સત્તાધીશ, તઈ, ઓડનું ચોડ. વેતરાઈ ગયું, પરસોતમમાં, પરવામાં, શરાપ, પરથવીમાં, રાજરાણી, અસનાન, સગો, વગેરે શબ્દો વાપર્યા છે.

અંક ૩, શ્લોક ૨(૧)

સ્તંભે ધારણમાં કોતરેલ મયૂરો ઉત્કીર્ણ જાણે દીસે,
ગોટે ધુમ :૫: તણા અને કબુતરે જમાય દૃષ્ટિ છજે,
બાઈ ન્હાઈ પવિત્ર વસ્ત્ર સજીને અંતઃપુર સ્થાનકે
પૂજા પુષ્પ સમેત મંગલ વળી દીવા દીપંતા મૂકે.

(૨:) બીજી પંક્તિમાં "ગોટે" ને બદલે "ધૂમે" કર્યું છે.

(૬) સ્તંભે ધારણમાં મયૂર ઢચિળા કોર્યા જ તે તો દીસે,
ધુમ્ર કપોત જાય ન લહયા, નેણા ગવાક્ષો વિષે,
ન્હાઈ સાળુ સજેલ વૃદ્ધ વનિતા અંતઃપુરે સ્થાનકે
......................દીપંત દીવા મૂકે.

સારા અનુવાદનો નમૂનો છે. થોડાક ફેરફાર કર્યા છે. (૬)માં રેખાંકિત મૂળમાં નથી. (૧:)નું વધારે મૂલાનુસારી છે. તો છેલ્લું વધુ પ્રાસાદિક અને સુંદર છે.

શ્લોક ૬ उदयगूढशशांक०

:૧::૨: અગાઉતા શશીનાં ઉદયાચળે,
પ્રસરતાં કિરણે તમ સૌ ટળ્યે,
લટ છૂટી ઢાંક ઢાંક શકે થવે,
મધુર પૂર્વ દિશા મુખ સોહવે.

(૬)માં રેખાંકિતને બદલે "મોહવે" કર્યું છે. મૂળ "નયનો હરે છે" એમ છે. બાકી સારો અનુવાદ છે.

શ્લોક ૮ :૧:

આડી અવળી શિલામાં ખળાઈ વ્હેતા વહેણ સમ મમહા,
શતગુણ વેગ મદનનો વાધે વિઘ્ને સમાગમમાં.

:૨: પ્રૌઢી ટેઢી શિલાએ, ગંધાઈ વર્ધંત ધોધવંત વાધે,
મનમથ મમ મન મથતો શતધા સંયોગ ના વાંધે

:૬: માં રેખાંકિત ને બદલે "પ્રૌઢા ટેઢા ખડકે રૂંધાઈ" કરે છે. विघ्नित: માટે "વાંધો" શબ્દ વાપરે છે. બાકી અનુવાદ સારો છે.

અભિસારિકા વેશે ઉર્વશી અને સાથે ચિત્રલેખા આવે છે ત્યાં તેમના સંવાદમાં નાના નાના ફેરફારો અને તળપદા શબ્દોનો પ્રયોગ કર્યો છે. તેથી અનુવાદ સુંદર અને મૂળને સંગત બને છે. संदिग्ध માટે "મભમ" અને अग्रताऽपि गतायाः માટે "મ્હોડા મ્હોડા ઊભી છું" જેવા પ્રયોગો પણ ત્યાં છે. શ્લોક ૧૦ના અનુવાદમાં તેવા ફેરફારો કરે છે. તેમાં અનુવાદને વધારે સુંદર બનાવવાનો હેતુ દેખાય છે.

:૧: નવલ ફૂલનીના શય્યાએ, ન ચંદ્ર તણા કરે,
નવમલય જેના માળાએ, ન મોતી સરે, સરે,
મદનની મહાપીડા કાંતો પ્રિયામુજ સંહરે,
સુતનુ તણી કે એકાંતે કૈં કથાજ વ્યથા હરે.

:૨: નવલકમલની સેજે સ્હેજે, ન ચંદ્રતણા કરે,
....
મનમથ તણી વ્યાધિ આતો પ્રિયા મમ સંહરે,
ઉરવશીની કે એકાંતે કૈં કથાજ વ્યથા હરે.

:૭: પં. ૧માં કમળદળની શય્યાએ ન ચંદ્રતણા કરે" કર્યું છે. બાકી (૨) પ્રમાણે રાખ્યો છે.

वाचं यमोभव   માટે "મુનિવ્રત ધારણ કરો". अतित्वरिते માટે "ધાઇધલી", संवृत्ताकार   માટે ઠાવકો, અને कल्याणि માટે "વ્હાલીડી" કર્યું છે.

विदूषक: न युवतम् सुभाषितम् प्रत्याचरितुम्. માટે (૧:) "બસ કરો મહારાજા! ધર્મકાર્યમાં અંતરાય કરવો ન ઘટે"

(૨:)   મહારાજ "..........................

(૩:)   બસકરો, મહારાજ, ધર્મનાકાર્યમાં <u>આડી જીભ ઘાલવી ન ઘટે</u>. છેલ્લે રેખાંકિત લોકબોલીનો વિશિષ્ટ રૂઢ પ્રયોગ છે. તે તે તરફ અનુવાદકનું વલણ કેવું તો વધતું ગયું છે તેનું તે ઉદાહરણ છે.   विदूषक; छिन्न हस्ते मत्स्ये पलादिते ।

માટે (૧) (૨) (૩) ઠીક ઠીક, મચ્છ હાથ ભેદી છટકી જાય છે તે માછલી ત્યાગી વૈરાગી બની પુકારે છે. "આ, ભા, આ, મને ધ્રમ થાહે!" ઉક્તિઓમાં આવા ફેરફાર તો ઘણા સ્થાને કર્યા છે.

મૂળ પૃ. ૭૮ રાજા: अपिनामोर्वशी -

ઉર્વશી: अद्यकृतार्था भवेत्   માટે (૧:)

રાજા: તો મન એમ ઇચ્છે કે ઉર્વશી —

ઉર્વશી: આજે કૃતાર્થ થાય.

(૨:) રાજા: અહા! હવે ઉર્વશી—

ઉર્વશી: મનનું માગ્યું પામી કૃતાર્થ થાય!

(૩:) રાજા: અહા! ઉર્વશી હવે <u>આવો</u> અને —

ઉર્વશી: (સ્વગત) મનના તાપ <u>શમાવો</u>.

એમ કર્યું છે. ત્યાં રેખાંકિત પદોનો પ્રાસ મેળવવાનો પ્રયત્ન સારો છે.

શ્લોક ૧૫નો અનુવાદ (૧:)માં વધારે મૂલાનુસારી છે. તો (૨:) (૩)માં વધારે કુશળતાથી થયો છે. ઉર્વશી: हला इमं तावदस्य मनोरथं संपादयामि   માટે (૧) ચિત્ર: પૂર

પૂર બ્હેન! એમનો આ મનોરથ. ઉર્વશી :ડરતી ડરતી: ત્યારે એ જે ખેલ કરું છું.
:(૨) (૬) ચિત્ર લેખા: આપ્યો, બ્હેન, નાથનો આ મનોરથ? ચાલ પૂરીયે એ.
ઉ૦ (૧:) પ્રમાણે - અહીં મૂળની ઉર્વશીની ઉક્તિને બે ભાગમાં વહેંચી નાંખી મૂકી છે. તે માટે કોઇ વાચનાનો આધાર હોય તો તેનો ઉલ્લેખ નથી. મૂળ चित्रलेखा: अपि सुखम् वयस्यस्य ।
રાજા: नन्वेतदु पपन्नम् ।
માટે :(૧) (૨) મિત્ર, સુખીતો ખરા?
રાજા: હા, હવે સુખી થયો ખરો.
(૬:) ચિત્રલેખા - (૧:) પ્રમાણે
રાજા: "હા, હવે હું સુખી થયો" એવા નાના નાના ફેરફારો યે કર્યા છે.
પૃ. ૮૨ મૂળ: वयस्येन संगता त्वमेव तन्मया याचितव्या ।
માટે ચિત્રલેખા (૧:) તનેજ માટે એવું વીનવવાનું હોય, બ્હેન, કેમકે <u>મહારાજના સમાગમ સુખમાં તું મને ભૂલી જાય ખરી.</u>
(૨:) રેખાંકિતને બદલે "શાથી જે"................
(૬) અહો સમાગમ સુખમાં ઝીલનારી" તને જ એ માટે વિનવવાનું છે.
શ્લોક ૧૮ - ૧૯ - ૨૦ ના અનુવાદો સારા છે.
શ્લોક ૨૧ મૂળ: "જે વસ્તુ કે સુખ કષ્ટથી મળી આવે છે તે વધારે રસવત્ હોય છે. તાપે તપેલાને તરુની છાયા વિશેષ ~~રસવ~~ સુખદાયક થાય છે" તેને માટે (૧) દુ:ખ જૈ સુખ જે આવે, લાગે છે બહુ મિષ્ટ તે, સંતપ્ત જનને છાયા, તરુની પૂરી ઇષ્ટ છે.
(૨) (૬) દુ:ખ જૈ સુખ આવ્યું તે લાગે છે વધુ મીઠડું
હોય શીળું વડું તાપે, તપ્તને, વડ ઝૂથડું.

અનુવાદ છૂટા હાથનો છે. છેલ્લામાં "વડનૂંથડું" કહેવાની જરૂર મૂળ જોતાં ન હતી.

અંક ચોથામાં આવતી પ્રા. અપભ્રંશ ગાથા ઓનો અનુવાદ પહેલી આવૃત્તિમાં કર્યો નથી. બીજીમાં તેને પૂરવણીરૂપે જુદો આપ્યો છે. તો (૬)માં તેને જુદો રાખવાને બદલે મૂળ સાથે જ લીધો છે. તે અનુવાદમાં, તેમનું છંદોનું જ્ઞાન, ઔચિત્યબુદ્ધિ, પક્વ અને ઓપવતી શૈલી, બરાબર ખીલી ઉઠયાં છે. મૂળ સંસ્કૃતનો અનુવાદ પણ સારો છે. પછીની આવૃત્તિઓમાં અનુવાદક ફેરફાર પણ સારા પ્રમાણમાં કરતા ગયા છે. શ્લોકો અને ગાથાઓનો અનુવાદ કરવાની અનુવાદકની શક્તિની પરાકાષ્ટા પણ અહીં દેખાય છે. ગાથાઓના અનુવાદમાં વર્ણરચનાના માધુર્યને ખ્યાલમાં રાખવાનું કૌશલ પણ પ્રશસ્ય છે.

રજીથી છઠ્ઠી આવૃત્તિ સુધી અપભ્રંશ ગાથાઓનો અનુવાદગુજરાતી કાવ્યમાં આપ્યો છે. તેમાં વિષ્કંભક: પડદા પાછળ ગાથા:

સરવર કેરા પટમાં રવિનાં કિરણો રહયાં કમળ ખીલી,
તહીં વિરહે ઝૂરી તટમાં હંસી સહી શું વહે વ્હોલી.

તો (૬:) પં. રમાં

હંસી સહી શું તટમાં તહીં વિરહે ઉરઝુલે વ્હીલી. – કર્યું છે

તેજ રીતે સૂચનાઓને પણ લાઘવ યુક્ત બનાવી છે. જેમ કે

(: ૨) એવે ચિંતાતુર ચિત્રલેખા અને તેની સાથે સહજન્યા પ્રવેશ કરે છે. ચિત્રલેખા બે ડગલાં ભરી શૂન્યદૃષ્ટિથી ચારે તરફ જુએ છે. તે બદલે (૬:) માં ચિત્રલેખા અને સહજન્યા પ્રવેશ કરે છે.

(૨:) પડદા પાછળ જંભાલિકા.

~~અવલંબક~~ : અવલંબક

નેહે નમણી બેલડી હંસલીની અલબેલડી,
આંખીના દુઃખે રાંકડી સરે ઝૂરે ભરી આંખડી.

તે (૬) માં નથી.

:૬: માં પૃ. ૬૦ પર ચિત્રલેખાની ઉક્તિ પછી :પડદા પાછળ જંભાલિકા: અવલંબક:

હંસીનો આ લ બેલડી વ્હાલે ઘેલી બેલડી,

સહીના દુ:ખે રાંકડી સારે ઝુરે ભરે આંખડી

મૂકે છે. તેને :૨: માં આગળના સ્થાને મૂકી છે. બેઉ સખીઓની વાતચીત પરથી સખીનું દુ:ખ શું છે તે જણાય છે, ત્યાર પછી તે મૂકી છે. તેમાં ઔચિત્ય હોઇ ફેરફાર સુભગ બને છે.

છેલ્લે પડદા પાછળ ખંડધારા :ગંધોદકધારા:

હંસી સરસિજ સરણિયે, ડૂબેલી દુ:ખના દરિયે,

તરસી સહીના દરશનની અવ વલવલે વિકામનની,

માં આખી કડીમાં વર્ણરચના વિષયક -- શબ્દ રચના વિષયક અનુવાદની જાગ્રતિ અને ચોટનાં દર્શન થાય છે. તેવું જ "કેવું વ્હાલને કેવા હાલ" માં પણ બને છે.

રંગમંચ પરની સૂચનાઓમાં પણ કરેલા ઉમેરા ઔચિત્યયુક્ત લાગે છે.

પૃ. ૫૫ (૧) "નાણીજોઇ"

(૨:) શરીરે ફોરાં ચડતાં – એમ કર્યું છે.

તે બરાબર છે. રાજા પહેલાં તો મેઘને રાક્ષસ અને વિદ્યુતને ઉર્વશી સમજે છે. તે તેની ઉન્માદાવસ્થા છે. વર્ષાનાં બિન્દુનો તેને સ્પર્શ થાય છે, કે તરત તેને સાચીવાત સમજાય છે. ઉન્મત્તવેશ હોવા છતાં તે પૂરો ઉન્મત્ત નથી. અમુક વસ્તુઓ પ્રાણીઓ વગેરેને જોઇને તેનું મન તરત તો તેમને ઉર્વશી સાથે જોડે છે, પણ તે ભ્રમ તરત જ ભાગે છે, તે આથી.

શ્લોકોના અનુવાદમાંયે અનુવાદકનું કૌશલ તરત જ દેખાઇ આવે છે. વારંવાર અનુવાદને ચકાસવા, મઠારવા, ફેરવવાની પ્રવૃત્તિને કારણે અનુવાદ ઉત્તરોત્તર વધારે ને વધારે સારા થતા ગયા છે. જોકે ક્યારેક આ વૃત્તિનો, વર્ણસગાઇના મોહનો, કે

સ્વાભાવિક લક્ષણ લાવવાનો પ્રયત્ન અતિરેકમાં પરિણમે છે.
પણ તેવાં સ્થાનો સો ગણતર છે.
અંક ૪ શ્લોક ૨ :૧:

હોયે અંતર ધાન રીસથી થઇ, ના રીસનો તે ટકે,
સ્વર્ગે હોય ગઇ પરંતુ મુજમાં, તેનું રમે ચિત્ત છે.
ઇત્યે હોય હરી, બને નહિજ એ, ઉભેલ હું આ છતે
ગોરી ગૂમથઇ ગઇ સમૂળગી, ક્યાં એ તથાપિ શું હશે?

(૨:) અને (૬) માં:

રૂઠી અંતર ધાન હોય થઇ આ રોષ તો એ ટકે,
હોયે સ્વર્ગ ગઇ પરંતુ મુજમાં એનું રમે ચિત્ત છે,
દૈત્યોએ હરી હોય તે ન બને.............
............ક્હોંક એ, કેવું કહું કર્મને.

આ ફેરફાર અનુવાદને સારો બનાવે છે. તેવુંજ શ્લોક ૩-૪ માં
શ્લોક ૪ પછી परिच्छदश्लाघया માટે :(૧)(૨)(૬) માં
"માટે એ રાજવૈભવની ભુંગળ વગાડયે વળે શું?"
શ્લોક ૫ (૧) (૨) (૬)
જળકણ ભીના અરૂણા કદળીના દોડલા સ્મરાવે આ,
આંસુએ ઉભરાતાં રોષે રાતાં નયન એનાં.
અનુવાદ સુંદર છે. તેવું જ શ્લોક ૮નું

:૧: પૂરવના અવપવને પ્રકંપી પીંછે શિખી વિપુલનયને,
કેકાગર્ભિતકંઠે, ઊંચી ડોકે જુએ ઘનને.
:૨: કરી ડોક ઊંચી ટહુકે ફુલાવી ગયું વિકાસી લોચનને,
સનમુખ પવનથી થન થન થતાં પીંછે જુએ ઘનને.
:૬: પં. ૨ સજ્જન સનમુખ પવને, થરહર પરથી જુએ ઘનને

રેખાંકિત શબ્દ હિંદી ભાષાનો છે. અનુવાદકે કરેલા ફેરફારોને
કારણે શબ્દ સમૃદ્ધિની દ્રષ્ટિએ વધારે સારો બન્યો છે. મૂળની
તુલનામાં તે કંઇક મુક્ત રીતે કર્યો છે, પણ રચના કૌશલ ને કારણે
એ વાત ભાગ્યેજ ધ્યાનમાં આવે છે.

શ્લોક ૧૦ (૧)

ગુમ સુતનું થવાથી, વાયુમાં વીખરાતાં
ધન નવલ પીંછાંની, ના રહી જોડી જતાં,
કરત પણ શું એ જે, હોત પુષ્પે ભરેલી,
રમણી તણી રતિમાં વેણી ઢીલી પડેલી?

(૨) મયૂરિયું મલકાયે ગૂમગોરી થવાથી,
ધન નવલ કલાની જોડનું ના રહયાથી,
પણ શું કરત એ જે હોત ~~++-રહયાથી~~, ફૂલે ભરેલી,
યુવતિની રતિરંગે, વેણી ઢીલી પડેલી?

:૬: મયુરિયૂ મલકાયે ગૂમ વામા થવાથી
મધુરી ભરી કળાની, જોડનું ના રહ્યા થી,
. . . .
છૂટી ગઇ વિખરાતી કેલિએ વેણી વેલી.

મૂળના અર્થને ઠીક ઠીક ઉતારે છે, "મલકાયે" શબ્દથી ક્ષુદ્ર હર્ષ અને "મયુરિયૂં"થી રાજાનો મોર માટેનો તિરસ્કાર નિરૂપાય છે. પ્રથમ આવૃત્તિમાં મૂલનું ચુસ્ત અનુસરણ છે. તો પછીની આવૃત્તિમાં તેને લલિત મધુર બનાવવાનો પ્રયત્ન દેખાય છે.

શ્લોક ૧૧ (૧:)

પ્રેમીજનોની આદિદૂતી મનાવનારી,
ને શક્તિ માન મૂળમાંથી જ તોડનારી,
તું તે શું લેઈ જઈ મેળવ વ્હેલી વ્હેલી,
કે તેડી લાવતત્ખેવ તું તે રૂઠેલી.

:૨: કામી જનો તણી હું કામિની દૂતિ દીઠી
તું માન મોડણ અમોઘજ અસ્ત્રી મીઠી!
તો તે શું લેઇ જઇ મેળવ વ્હેલી વ્હેલી
કે તેડી લાવ તત્ખેવ તું તે રૂઠેલી.

(६) १-२ તું દૂતિ પ્રેમિજનની અતિદક્ષ દીઠી
તું માન મોડણ અમોઘજ ~~મરમી~~ મીઠી.
કરે છે. कलभाषिणि માટે "મીઠી" શબ્દ વાપર્યો છે.
પોતાને સંતોષથાય ત્યાં સુધી ફેરફાર કર્યા કરવાની પ્રવૃત્તિનું,
આ પણ ઉદાહરણ છે – લેખકની સાધનાનો નમૂનો છે.
"તને કામીઓની મદન દૂતી કહે છે" એ અર્થ પૂરો ઉતરતો નથી.
શ્લોક २० પછી मदीयानां भागधेयानां विपर्ययेण प्रभाव प्रकाश:
માટે (१) "મારા દુર્દૈવનો જ પ્રતાપ આ" (२) "અફસોસ!
મારું દુર્દૈવજ પૂરે છે." એમ કરે છે.
શ્લોક २४ મૂળમાં ગાથા છે.
मदकलयुवती शशिकला, गजयूथ प यूथिकाशबलकेशी,
स्थियौवना स्थिता ते दूरालोके सुखालोका ।
તે સુંદર છે. તેનો અનુવાદ :१: માં
યૂથો ગૂંથી વેણી, યૂથપ મદકલ, કલભ કરતુલ્ય ઉરુવાળી,
ઝાંખી અમી સમી એવી ઝાંખી સ્થિરયૌવના નવલી?
:२: ગૂંથી જૂઇથી જેવી વેણી, તે નિત્ય યૌવનામીઠી,
તવકર સરીખી ઉરૂની દૂરદૃગે સુંદરી દીઠી?
:६: .... નિત્ય યૌવને...........
તવકર તુલ્ય ચરણની આ ધી મીટથી દીઠી?
પ્રથમ આવૃત્તિમાં દુર્બોધતા લાગે તેવું છે, પણ ઉત્તરોત્તર તેને
સરળ સુંદર બનાવવાનો પ્રયત્ન દેખાય છે. મૂળનું વર્ણસૌન્દર્ય પણ
સુંદર છે. તેને ઉતારવાનો પ્રયત્નપણ સારો છે, પણ પૂરો અર્થ
ભાગ્યેજ ઉતરે છે. તુલના કર્યા વિના આ વાત ધ્યાનમાં આવે
તેવી નથી.
શ્લોક २५ (१) (२): માં

તું રાજા ગજરાજનો, અવનિમાં હું ભુપનો ભુપ છું,
તું છે દાન ઉદાર અર્થી તરપે, તપું છું તદ્રૂપ હું,
યૂથે હસ્તિની મત્તતું સ્ત્રીવરમાં, હું ઉર્વશી લુબ્ધ છું,
તું હું તુલ્ય, વ્યથા અરે વિરહની, હું શીઘ્ર વેઠીશતું.

:૬: પં. ૨માં

પોખે છે પરિપૂર્ણતું અરથીને છે દાન સંતોષું હું,
યૂથે હાથણીમાં તું ઉરવશીમાં અંતઃ પુરે લુબ્ધ હું,
તું હું તુલ્ય વ્યથા અરે પણ હું શીઘ્રેની નવેઠીશ તું.

એમ ફેરફાર કરે છે. તેમાં રેખાંકિત અંશો તરત ધ્યાન ખેંચે છે. (૧)નો વધારે મુલાનુસારી છે તો (૬)નો વધારે સરળ–કુશળ છે. પં. ૩નો અર્થ મૂળ કરતાં કૈંક જુદો પડે છે તે નોંધવા જેવું છે.

શ્લોક ૨૬ – પહેલાં उपत्यका માટે "ફેરાવા" કરે છે. हन्त માટે "કિયાંકર્મની વાતઃ"

શ્લોક ૨૬ :૧:

તવ મનોભવના ભવને વને,
પૃથુનિતંબ ગિરી-નિતંબને,
ઉરજના ભરથી લચકાઈને
ભ્રમણી સંભ્રમથી દૃગ જોઈને?

:૨: કટિ તટે તવ કાનન દિવ્ય છે,
ભુવન ભુપ મનોજનું ભવ્ય જે,
સહીંવડા દુંચ ભારથી કોઈતે,
લચો લચી યુવતી જતી જોઈકે?

અ૬: પં. ૩ માં
તહીં કહીં લહીં તે લચી ચાલતી
સુતનુ યૌવનના ધનફાલથી?

અહીં મૂળના

अपि वनान्तर म्रल्प कुचान्तरा
श्रयति पर्वत पर्वसु संनता।
कुदमनङ्ग परिग्रह मङ्गला
पृथु नितम्ब नितम्बवती तव ।

નો અર્થ (૧)માં પૂરી રીતે ઊતરતો નથી. ફેરફારને કારણે તે પછીની આવૃત્તિઓમાં વધારે છુટ્ટા હાથનો થતો ગયો છે.

શ્લોક ૨૭ મૂળમાં અનુષ્ટુપ છે:

सर्वक्षितिभृतां नाथ त्वयासर्वांग सुंदरी ।
रामा रम्यवनोद्देशे मया विरहिता त्वया ।।

તેને બદલે અનુવાદક તેને ગાથા માનીને આ પાઠ કલ્પે છે:

सर्वांग सुंदरी सा सर्वेषां क्षितिभृतां क्षितीनाथ
रामा रम्येऽरण्ये मयाविरहिता त्वया दृष्टा ।।

અનુવાદ કરે છે (:૧:)

સર્વ ભૂધરના નાથ! દીઠી છે વિખૂટી પડી?
અરણ્યે રમ્ય રામા એ અંગે અંગે રૂપે રૂડી?

:૨: ભૂપરના ભૂધરના પતિ હે! ભમતી ભવ્યવનમાંહી?
સર્વે અંગે સુંદર રામા મેં ખોઇ તેં જોઇ?

:૬: ભૂપરના ભૂભૃતના ભડભૂપ ભમંત ભવ્ય વનમાંહી
સર્વે અંગે સુંદર રામા મેં ખોઇ તેં જોઇ?

અનુવાદ સુંદર છે. રાજાની ત્યારપછીની ઉક્તિ થી જણાય છે કે તે પોતાના પ્રશ્નનો પડઘો જ સાંભળે છે. તેનો છેલ્લો શબ્દ दृष्टा "જોઇ" હોય તે વધારે શક્ય અને યોગ્ય લાગે છે. આથી મૂળમાં કૈંક અવ્યવસ્થા થઇ હોવાનું કલ્પી અનુવાદક નવો પાઠ કલ્પે છે તે તેમની દલીલ જોતાં તો બરાબર લાગે છે.

:(૬)માં પ્રથમ પંક્તમાં અનુવાદક "ભ" વર્ણની પુનરાવૃત્તિની લીલાકરવામાં પડી ગયા છે. તેની અતિશયતા કેવું પરિણામ લાવે છે તેનો એ સારો નમૂનો છે. શ્લોક ૧૨ના

અનુવાદમાં પણ એવુંજ અશુભગ પરિણામ જોવા મળે છે. મૂળ છે:
"તે ક્રોધે ભરાઇ છે, પણ ક્રોધનું એક પણ કારણ મારા
તરફથી મળ્યું હોય એમ યાદ આવતું નથી. સ્ત્રીઓની
(પ્રિયતમપરની પ્રભુતા ભાવના સ્ખલનની અપેક્ષા રાખતી નથી.
તે માટે

(૧) નથી કારણ ક્રોધનું કંઇ
વણવાંકે વચકાઇ એ ગઇ,
ધણિયાણી ધણીની એધાણી
ન જુએ વાટ રિસાવણાં તણી

(૨) પં. ૪ વદવી વાત તહીં શી વાંકની?

:૬: મૂળ સાથે સરખાવતાં "ક" "વ" અને "ધ"ની લીલા
કરવામાં જે ત્રીજી પંક્તિનો ધધણાટ પ્રગટે છે તે રાજાની મનોદશા
સાથે મેળખાતો નથી.

શ્લોક ૨૮ (૧)

તરંગો ભ્રૂશા છે કુટિલ, રસના શા ખગરસે
પ્રકોપે વીંખાતા પટવત તણાતું ફીણ દીસે
પળે વાંકી ચૂંકી, બદલાઇ ગઇ આકળી અરે,
નદીરૂપે આ એ સ્ખલિત મુજ લાગી નિજઉરે.

(૨:) તરંગો ભ્રૂશા છે, કટિની રસના, કાંખગા, રચે.
પ્રકોપે વીંખાતું પટજ પથરાતું ફીણ દીસે,
અરે આતો વાંકે, કંઇક મમ વંકાતી અતિશે,
નદી રૂપે ચંડીરૂપપટ પલટાઇ ગઇ હશે.

(૬) તરંગો ભ્રૂભંગો, ભણું વિહગની હાર રસના,
પ્રકોપે વીંખાતું, પટલહું ફીસોટા ફીણતણા,
હાં હાં આતો વાંકે કંઇક મમ વંકાઇ અહીં!

નદી રૂપે

જેમ જેમ આવૃત્તિઓ થતી ગઇ તેમ તેમ અનુવાદકનું ધ્યાન રચના કૌશલપર કેવું કેન્દ્રિત થયું છે તેનો આ પણ નમૂનો છે. :મૂળ પૃષ્ઠ૧૦૨: यूथपते -"છિકારાંના સરદાર" અને नितान्त रवैतम् માટે "નવતર" કરે છે.

(:૧) અરે આ શિલાનો ફાટ્યાં નવતર શું દેખાય છે?

(:૨:) અહો પેલું પથરાએલું શું દેખાય છે?

:(૩) અહો પણે પથરાયેલુ નવતર શું દેખાય છે?

અહીં નવતર શબ્દ બરાબર નથી. મૂળમાં તો "ખૂબલાલ" શબ્દો છે. તે લાલજ છે. તે રાજાના પછીના શબ્દોથી પણ સમજાય છે. શ્લોક ૩૪નો અનુવાદ પણ સારો છે.

શ્લોક ૩૬ પછી, "અરે કોઇ મૃગચારી મુનિ ભગવાન મારા પર અનુકમ્પા કરે છે" એમ છે. ત્યાં પાઠકલ્પે છે. 'અહો ગજચર્મધારી ભગવાન શંકર પોતે દયા કરે છે.' ભગવન, અનુગ્રહકરી તમે મને પ્રબોધ્યો માટે હું આભારી છું" (:૨) "અહો ગર્જચર્મધારી ભગવાન શંકર પોતેજ છે. મહારાજ! મોટો અનુગ્રહ કર્યો કે આપે મને ચેતવ્યો. (૩:) અહો ગર્જચર્મધારી ભગવાન શંકર પોતે જ છે ને! મહારાજ! આપનો મોટો અનુગ્રહ માનું છું. નમો ભગવતે!"

આ નવોજ પાઠ કલ્પવાનાં કારણો આપ્યાં નથી.

પૃ. ૧૦૪ મૂળ: અહો! આ પુષ્પો વિનાની લતાને પણ જોઇને મને કેમ આનંદ ઉપજે છે! અથવા તે મને આનંદ આપે છે, તે યોગ્ય જ છે!" અને (૧::૨::૩) અહા! આ વેલને ફૂલ બેઠાં નથી તો પણ મને એ કેમ પ્રિય લાગતી હશે? હાં હાં, એમાં મારું મન રમે તે યોગ્ય જ છે.

પૃ. ૧૦૬ પર, મૂળ: "તો આ મારી પ્રિયાનું મનુકરણ કરતી તેને ભેટું" માટે (૧:) ચાલ ત્યારે, મારી પ્રિયાની આબેહૂબ નકલ કરનારી આ લતાને નેહભેર આલિંગન દઉં. (૨) આ મારી પ્રિયાની નકલ કરતી વેલને આલિંગવા મારું મન આકર્ષાય છે.

:(६) વીણીને ચૂંટી મારી પ્રિયાની મૂર્તિજ છે આ,
તેથી તેને ભેટવાની ઉલટ થાય છે.
શ્લોક ૩૮નો અનુવાદ સરસ થયો છે. પણ ત્યાંય આવૃત્તિએ
આવૃત્તિએ કંઈક તફાવત છે. અંતના સંવાદોમાં પણ એવું જ કરેલું
છે. તે મૂળના ભાવાર્થને રજૂ કરે છે, પણ રચના ફેરવી છે. વાક્યો
ટૂંકાં અને સ્વાભાવિક બન્યાં છે. "ખેલગમને" – "લલિતગતિએ
જનારી" ને બદલે "ગજગામિની" અર્થ કર્યો છે.

અંક પાંચમામાં વિદૂષકની ઉક્તિ પછી કિરાતીનાં
કથન આવે છે. તેનો અનુવાદ પોતાના ખ્યાલ પ્રમાણે ભીલી ભાષામાં
કર્યો છે. પણ તે ચરોતર પ્રદેશના ઠાકરડાઓની બોલી જેવી લાગે
છે. મૂળ નાટકના સમયમાં અને આજેય કિરાત શું બોલતા હશે તે
તો જુદીજ વાત છે. શિષ્ટ લોકોની ભાષા કરતાં તે સાદી,
અપરિમાર્જિત તો હશે જ, પણ તેને માટે અનુવાદકે જે ભાષા
મૂકી છે તેમાં તો મતભેદને અવકાશ છે જ. કુમાર આયુના બાણ
ઉપરના નામાક્ષરો રાજા વાંચે છે. ત્યાં મૂળમાં તો એક શ્લોક
છે. અહીં તે માટે અનુવાદક "ઐલોર્વશેય" પાઠ કલ્પે છે. તે તદ્દન
ઉચિત લાગે છે. અને આવી બાબતમાં તેમની સૂઝનો પણ ખ્યાલ
આપે છે. બાણ પર આખો શ્લોક લખ્યો કે કોતર્યો હોય તે
બહુ શક્ય નથી જ.
પૃ. ૧૨૦ તાપસીની ઉક્તિમાં ઉર્વશીએ " केनापि कारणेन "
આયુને આશ્રમમાં મૂકવાની વાત છે. પણ અહીં અનુવાદક તેનેમાટે
"ભણીગણીને હોંશિયાર થાયમાટે" એમ પાઠ કલ્પે છે. ઉર્વશીએ
સત્યવતીને એમ કહ્યું હોય તે સંભવે છે. પણ ભાવક-પાઠક
તો જાણે જ છે કે પુત્રદર્શન સુધીજ ઉર્વશી રાજા સાથે રહી શકે,
એવો સમય હદે કરેલો છે. પુત્રને પાસેજ રાખે તો તેને સ્વર્ગમાં
ચાલ્યા જવું પડે અને પતિ તથા પુત્ર બેઉનો વિયોગ સહન કરવો
પડે. "કોઇક કારણે" પાઠ બરાબર છે, કેમકે આ કારણ

ઉર્વશીએ સત્યવતીને કહ્યું ન પણ હોય. પણ કોઇ માતા, સદ્યોજાત શિશુને, ભલેને પોતાની સખીના હાથમાં પણ, ભણીગણીને હોંશિયાર થવામાટે થાપણ તરીકે, માતૃહૃદયનો ખ્યાલ કરતાં, મૂકે તે શક્ય લાગતું નથી. તેથી ઉર્વશી આમ કહે, તોય સત્યવતીને કોઇક વધારે મોટું કારણ હોવાનો વ્હેમ પણ જાય. આમ આયુને ત્યાગવામાં ઉર્વશીમાં વાત્સલ્યની ખામી હોવાની ટીકા પણ થઇ છે. પણ પુત્રનો ત્યાગ, અથવા પતિ અને પુત્ર બેઉનો ત્યાગ કે વિયોગનો પ્રસંગ – આ બે સંભાવ્ય અનિષ્ટમાંથી ઉર્વશીએ નાના અનિષ્ટનો સ્વીકાર કર્યો, તેમાં તેની માનવતા અને સમજ, તેનું પ્રેમાળ હૈયું દેખાય છે. મૂળની કઠોર હૃદયા અપ્સરાની યાદ કરતાં તો કાલિદાસે કરેલ આ ફેરફાર માનવસ્વભાવની ઉંડી સમજ બતાવે છે. આયુને આશ્રમમાં મૂકતાં ઉર્વશીના હૃદયમાં કેવો સંઘર્ષ જન્મ્યો હશે તેની કલ્પના સંયમ ધન કવિ ભાવક – વાચક પરજ છોડી દે છે. આયુને જોતાં અને ઓળખતાંજ તેને પાનો છૂટે છે. એમ રાજાદ્વારા કહાવીને કવિએ ઘણું સૂચવી દીધું છે.

શ્લોક ૧૫ :૧: :૨:

આ વંશ વૃદ્ધિકર સત્કુલ તંતુ પામી,
આનંદમાં હું રમું અંતર શલ્ય વામી,
ત્યાં ઉચ્ચપીન કુચ ઉપર એક ધારે,
કાં અશ્રુમોતી સરરૂપ રસીલી આરે.

:૬: હું હર્ષ સાગર વિશે રહું ઝિલી એવે,
આ પાલવેલ(ફુલવેલ વિલોકી તેવે,
આંસુ ઉરે ઉપસતે અતિ એક વહારે,
એકાવળી અવરશાં અરપે કશાં રે!

અહીં (૧) (૨) માં મૂલાનુસરણ છે. તો (૬)માં સરળતા અને કૌશલ વધારે છે.

શ્લોક ૧૬ :(૧) (૨)

સંતાનના સુખનું ભાન અનુભવ્યું મેં,
તેવુંજ દુર્વિરહ દુ:ખ નવું લહ્યું એ,
ગ્રીષ્માંત શાંતિ ઘન નૂતનથી વળીને,
વૃક્ષે પડી કકકડી કૂડી વીજળીએ.
પરવશ પડ્યું પાનું વ્રેહનું એહ બાનું
તહીં સુખ મન માન્યું માણવાનુંજ શાનું?
અવ હું કરી હવાલે વત્સને રાજ્ય વ્હાલે,
જઉં વનમૃગ મ્હાલે સ્વચ્છ જ્યાં સર્વકાળે.

અહીં મૂળના શ્લોક ૧૬ અને ૧૭ ભેગા થઇ જાય છે. ૧૬માની પંક્ત ૩-૪ છોડી દીધી છે. તો

સંતાનના સુખનું ભાન ભૂલું લહ્યું મે
તેવુંજ દુ:ખ વસમું વ્રહનું લહ્યું મે
ગ્રીષ્માંત નૂતન ઘને, વળી શાંતિ ત્યાં તો
તુટી પડી તરૂતણે શિરવીજ સાતો -

માં પણ એજ સ્થિતિ છે. આ શ્લોકનો આંક મૂક્યો નથી. તેથી ૧૭માને ૧૬મો કર્યો છે. ૧૭માના અનુવાદમાંયે ઉપર્યુક્ત પરિસ્થિતિ જ દેખાય છે.

૧૮માં માટે "અચળ દળતી ફૂંકે" કરે છે. પણ નાના વિષધરની ફૂંક પર્વતને દળી નાંખે છે, એમ ન કહેવાય. ઝેરથી પર્વત ફાટી પડે છે. એમ કહેવું તેય અસુભગ અત્યુક્તિ જ છે.

આમ આ નાટકના ગુજરાતી અનુવાદોમાં મોખરાનું સ્થાન ધરાવતો આ વિશિષ્ટ અનુવાદ વહ્યે જાય છે. ૧૯૦૬ થી ૧૯૨૩ના તેની છ આવૃત્તિઓ થઇ છે. તે તેની લોકપ્રિયતા બતાવે છે. તે ઉપરાંત તેના અનુવાદકનું રસિક વ્યુત્પન્ન પાંડિત્ય, સતત જાગ્રતિ, અનુવાદને સંતોષકારક બનાવવા માટે નિષ્ઠાભરી સતત સુધારા અને ફેરફાર કર્યા કરવાની પ્રવૃત્તિ, પણ તેને તે લોકપ્રિયતા

માટે યોગ્ય ઠરાવે છે. પહેલી આવૃત્તિ વધારે મુલાનુસારી છે, પણ કેંક કઠિન અનુવાદનો નમૂનો છે. તેને સ્પષ્ટ કરવા માટે શબ્દાર્થને વ્યક્ત કરતી પાદટીપો મોટી સંખ્યામાં મૂકવી પડી છે. જેમ જેમ આ રસિક અને સમર્થ વિદ્વાનનો અનુવાદવિષયક આદર્શ કે ખ્યાલ ફરતો ગયો તેમ તેમ અનુવાદ રચનાકૌશલમાં ચડિયાતો, સરળ, લોકબોલીના પ્રયોગોવાળો પણ મુક્ત બનતો ગયો લાગે છે. ઘણાક ફેરફારો ઉચિત લાગે છે.

પાઠાંતરો કલ્પવામાં અનુવાદકે ભારે કલ્પનાશીલતા અને હિંમતથી કામ લીધું છે. પણ આને પરિણામે ક્યાંક યોગ્ય તો ક્યાંક અયોગ્ય ફેરફાર થયા દેખાય છે. એ ફેરફારો કે કલ્પના સર્વત્ર ઉચિત છે એમ ભાગ્યેજ કહી શકાશે. શરૂઆતની આવૃત્તિઓ કરતાં છેલ્લી આવૃત્તિની પ્રસ્તાવના વધારે વિદ્વત્તાયુક્ત છે. તેમાં તેમના છંદોજ્ઞાનનો પણ સુંદર પરિચય મળે છે. તેજ રીતે તેમને વારંવાર ફેરફાર કરવાની ઇચ્છા થયા કરી તે તેમનો અનુવાદવિષયક આદર્શ કેવો તો ઉચ્ચ હતો તે બતાવે છે. આવૃત્તિ આવૃત્તિએ રચનાકૌશલ વિકસતું જ જાય છે. તેમાં તે માત્ર શબ્દરચનાકૌશલના જ પક્ષપાતી રહ્યા છે, એમ પણ નથી. ભાવભંગી અને સુષમાને ઉતારવાનો સતત પ્રયત્ન પણ દેખાય તેમાં તેમને સફળતા પણ મોટા પ્રમાણમાં મળી છે. તેમ છતાં શબ્દરચનાનું કૌશલ આ પ્રવૃત્તિનું મહત્ત્વનું પાસું રહે છે. ચુસ્ત શાબ્દિક અનુવાદને ધોરણે જોઈએ તો તે ઘણે સ્થળે મૂળથી જુદા પડે છે. તે પાઠ કલ્પે છે, બદલે છે, ને બધે સ્થળે તેનું પરિણામ સુભગ જ આવ્યું છે કે કેમ તે વિશે મતભેદને સ્થાન હોઈ શકે છે, છતાં અનુવાદકની દૃષ્ટિ તો મૂળનો પ્રસંગગત રસ વધારેમાં વધારે પ્રમાણમાં ગુજરાતી વાચકને શીરીતે મળે તે જોવાની છે.

ઉચ્ચ કક્ષાની રસિકતા, ગુજરાતી ભાષા અને ભાષાશાસ્ત્રનો સારો અભ્યાસ, રૂઢિપ્રયોગોનું જ્ઞાન, તેને માટેનો પક્ષપાત, છંદો-રચનામાંથી પ્રગટતું છંદજ્ઞ તરીકેનું તેમનું સ્વરૂપ – આ બધાં તેમને માનાર્હ અને ધ્યાનાર્હ બનાવે છે.

પ્રાચીન કવિઓની કાવ્ય ને નાટકાદિ રચનાઓમાં લહિયાઓને લીધે વચગાળાના સૈકડો વર્ષના ગાળામાં ગરબડ થઇ હોવાનું તો સંભવે છે જ, પણ તે વિષેનાં વિધાનહેવટે તો વ્યક્તિગત માન્યતાજ બની રહેવાનાં. તેને અંગેનું કોઇપણ વિધાન તેને બીજે કશેકથી કશો વિશ્વસનીય પુરાવો ન મળે ત્યાં સુધી સંદેહથી પર નહીં રહેવાનું. તેવુંજ સંવાદો કે ગદ્યાંશમાં ફેરફાર કે પાઠકલ્પના કરી હોય તે વિશે પણ કહી શકાય, જોકે તેમણે કરેલા ફેરફારો બહુધા મૂળ સાથે સંવાદી છે તે સ્વીકારવું રહ્યું. ક્યાંક અર્થ બદલાઇ પણ જાય છે. આ પદ્ધતિને જેમ તેના લાભ છે તેમ જોખમ પણ છે, એટલું ધ્યાનમાં રહે તો બસ છે. અનુવાદક મૂળને વફાદાર રહે છે ને તેને સ્વભાષામાં ઉતારે છે, સ્વતંત્ર સર્જન કરતો નથી. તેથી મૂળને અનુસરવું તે એની ફરજ છે. કોઇ ખાસ કારણ હોય – જેમકે મૂળને વિરોધી હોય તેવી વાચના – તો ફેરફાર સુભગ બને છે.

સમગ્ર રીતે જોતાં આ નાટકના અનુવાદોમાં આ સારામાં સારો અનુવાદ લાગે છે.

કેશવરાવ કાશીરામ શાસ્ત્રી

૧૯૪૮

આ અનુવાદ તે વર્ષના "નાટક" ના અંકોમાં પૃ. ૬૫ થી ૧૧૫ સુધી અને ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયના પ્રકાશન "મહાકવિ કાલિદાસકૃત ત્રણ નાટકો"માં પૃ. ૯૧થી – એમ બે રીતે પ્રગટ થયો છે. પ્રસ્તાવનામાં અનુવાદક જણાવે છે–

"આ અનુવાદમાં પણ સળંગ અંકોને પ્રવેશો – દૃશ્યોમાં વિભક્ત કરવાનો, સ્થળ અને સમયનો પ્રમાણિક નિર્દેશ કરવાનો અને સંસ્કૃત નાટકોમાંના શ્લોકો – એ કંઇ રાગડા તાણીને રંગમંચપર ગાવાનું આજની રંગભૂમિને બંધબેસતું ન હોઇ, એ બધા જ શ્લોકોનો અનુવાદ સરળ ગદ્યમાંજ આપવાનો આ પ્રકાર સ્વીકારવામાં આવ્યો છે. શ્લોકો ગદ્યમાં આપવાથી મહેનત ખૂબ ઓછી થઇ છે. સમશ્લોકી કે પદ્યમય અનુવાદ જરૂર કષ્ટમય છે, અને માલવિકાનો મારો અને ૧૯૨૪માં ૧૯ વર્ષની વયે કરેલો "પ્રેમની પ્રસાદી" નામે અનુવાદ હતો પણ, એને પણ તદ્દન નવેસરથી નવીન રીતે આપી ત્રણે નાટકો આ નવી પ્રકારે રજૂ કરવામાં આવ્યાં છે. ખાસ ઉપયોગી જણાયાં છે – ત્યાં જ ગેય પદો આપવાનો પ્રયત્ન કરેલો છે..........

"આજની રંગભૂમિ ઉપર રજૂકરવાને કેટલોક ફેરફાર હજીપણ આવશ્યક બને, જેવા કે :૧: શ્લોકોને વધારે ટૂંકાવી સાદી ગદ્યોક્તિમાં જ રજૂ કરવા :૨: પ્રાચીન પદ્ધતિએ જરૂરી પણ આજે નકામી એવી जयतु महाराजः, यथा ज्ञापयति महाराजः, अनुगृहीताऽस्मि, आज्ञापयतु महाराजः જેવી ઉક્તિઓ જતી કરવી કે આજની રીતે યોજવી, :૩: કેટલુંક લંબાણ પૂર્વે જરૂરી હોય છતાં આજે અનુકૂળ ન હોય તો ટૂંકું કરવું યા દૂર કરવું, :૪: જરૂરી પ્રસંગ, કથાવસ્તુને (અનુકૂળ) સંગત હોય તે

रीते उमेरवा. आ स्वतंत्र कलम मागी ले छे, एवी कलमने साहाय्य थाय ए पण आ अनुवादनो एक उद्देश्य छे.[19]

આવા ફેરફારો મૂળ કૃતિમાં કરવાનો અનુવાદકને હક્ક છે કે કેમ એ પ્રશ્ન ચિંત્ય છે, તેને બાજુએ રાખીને જોઈએ તો પરિણામ એ આવ્યું છે કે, તેમ કરવા જતાં મૂળનું સૌન્દર્ય, વર્ણશબ્દ અને અર્થનું માધુર્ય અને ધ્વનિ ગંભીર હાનિ પામ્યાં છે. સમશ્લોકી અનુવાદ કષ્ટકર હોય તોયે, તે અનુવાદનો સારામાં સારો માર્ગ છે એમ લાગે છે. આ કારણે આ અનુવાદ શુષ્ક અને કઢંગો બની ગયો છે.

પૃ. ૯૧થી અનુવાદ શરૂ થાય છે. સૂત્રધારની अलमतिविस्तरेण ઉક્તિ છોડી છે " भाव "નું "મહાશય" કર્યું છે. असंमूढैः भवितव्यम् માટે "સાવધાન થઈને રહે", અને यावत् માટે "તો" અનુવાદ યોગ્ય નથી.

શ્લોક ૨ આ અમો તમારા મિત્રો તેમના તરફની લાગણીને લઈ અથવા આ નાટકના નાયક તરફના બહુમાનને સારા સમાદરને લઈ ધ્યાનપૂર્વક કાલિદાસની આ કૃતિનું શ્રવણ કરો.

રેખાંકિત ભાગ प्रणयिषु दाक्षिण्यात् અને सद् वस्तु पुरुष बहुमानात् ના અનુવાદ તરીકે શુષ્ક અને અપૂર્ણ છે.

પૃ. ૯૨-૯૩ ઉપર शब्द માટે "ચીસો", ज्ञातम् માટે "સમજમાં આવ્યું" उरुद्भवा नरसखस्य मुनेः માટે "નારાયણની સાથળમાંથી જન્મેલી..............." કર્યું છે. कैलासनाथमुपसृत्य માટે "કૈલાસનાથ શિવની આરાધના કરીને" ખોટું છે. ઉર્વશી શિવની આરાધના કરવા ગઈ નહતી. પૃ. ૯ પર અનુવાદક કહે છે "ઉર્વશી કુબેરભવનથી પાછી ફરતી'તી" ત્યાં એ વાતએ પોતે જ સ્વીકારે છે –

१९: પ્રસ્તાવના પૃ. ૭-૮

પાસેપાસેજ જુદાં જુદાં અને અર્થ વિરોધી વિધાનો અસાવધાનતાનું પરિણામ છે. कुतो भवत्य: परित्रातवृया: માટે "કોની ભીંસમાંથી" આપનું રક્ષણ કરવાનું છે?" એ અનુવાદ એવોજ છે. अवलेपात् માટે "ઉત્પાત" અને दिग् માટે "આકાશની દિશા પણ". ત્યાં માત્ર "દિશા" બરાબર છે. પૃ. ૯૪ तेन हि मुच्यतां विषाद: માટે "મુંઝવણ કાઢી નાંખો." अेतस्मिन्हेमकूट शिखरे "માટે હિમાલયના આ શિખરપર", પણ એવી અસાવધાનીનાં પરિણામ છે. વિષાદ અને મુંઝવણ વચ્ચેનો તફાવત અનુવાદકના ધ્યાનમાં રહયો નથી.

શ્લોક ૪ પૈડાં એવાં ઝૂસ લઇ ગયાં છે......... કે આરાઓમાં જાણે બીજા આરાની હાર ઉભી કરે છે" માં રેખાંકિત પ્રયોગ પ્રાંતીય અને અપરિચિત લાગે છે. तथा માટે "જી, ભલે", समाश्वसित માટે "નિરાંત રાખો" उन्मीलय માટે "ઉઘાડી નાખ", प्रिय सखी માટે "વહાલી બ્હેન", પણ કોઇને કોઇ રીતે અસુભગ છે. શ્લોક ૬માં "છાતી ઉપરનું હાંફે ભર્યું આ ચંદન કહે છે. ફુલડાં શું એનું હૈયું ધબક છોડતું નથી" પણ વિપરિવર્તિત અને શુષ્ક છે.

શ્લોક ૭ "ચંદ્રનો ઉદય થતાં અંધકાર દૂર થાય અને રાત્રિજેવી ખીલે, ધુમાડાના ગોટ ચાલ્યા જતાં રાતે અગ્નિની જ્યોત જેવી દીપે, કાંઠાની માટીનો સ્ત્રાવ દૂર થતાં ગંગાજેવી આછરી રહે, તેવી રીતે મૂર્છા વળી જવાથી આ સુંદરી શોભી રહી છે. "રેખાંકિત ખંડો મૂળનું યોગ્ય પ્રતિબિંબ પાડતા નથી. લાલિત્યને તો ઘણું નુકશાન પહોંચ્યું જ છે. મૂળના मुच्यमानेव तमसा કે छिन्नभूयिष्ठधूमा માટે કેવો શુષ્ક અનુવાદ! સાદાઇ અને લોકબોલીના પ્રયોગની આ અતિશયતા અનુવાદને શુષ્ક બનાવે છે.

~~શ્લોક-૯૬~~

પૃ. ૯૬ પર हताशाः માટે "આશા ફુટયાં" કર્યું છે.

શ્લોક ૮- "આને ઉત્પન્ન કરવાના કામમાં કમનીય કાંતિવાળો ચંદ્ર વિધાતા થયો હશે કે રસતરીકે માત્ર શૃંગારને સાચવતો કામદેવ વિધાતા થયો હશે? (કે) યા પુષ્પની માળા સમો વસંતમાસ વિધાતા ~~થઇ~~ થયો હશે? માત્ર વેદોના અભ્યાસથી જડ થઇ ચૂકેલો અને વિષયમાં સ્હેજપણ રૂચિ ન ધરાવતો બુઢ્ઢો મુનિ શી રીતે આવું રૂપ ઉત્પન્ન કરી શકે?

શિથિલ છે. બિનજરૂરી પદો પંક્તિએ પંક્તિએ ઉમેર્યાં છે. સાદગીજ અહીં અનુવાદને હાનિકારક થઇ પડી છે. રેખાંકિત પદો વિશેષ તેવાં છે.

પૃ. ૯૭ પર प्रत्यागतप्रसादम् વગેરેનો "જે ગ્રાહમાંથી છૂટે ને જેવો હતો તેવો ખીલી ઉઠે એવા ચંદ્રને જુએ એમ હે શોભનાંગી!" આ અનુવાદ ખોટો છે. કાવ્યમાં ઉપમા છે. મુખ ઉપમેય અને ચંદ્રમા ઉપમાન છે" "હે સુમુખિ, હેમકૂટ પર રહેલી તારી સખીઓ ગ્રહણથી છૂટેલા અને પુનઃ પ્રસાદને પામેલા ચંદ્રને જુએ તેવા તારા મુખને જુએ છે" એમ કહી શકાત. साकूतम् માં "આશ્ચર્ય નહીં, પણ રહસ્યને પામી ગયાનો અને તે છૂપાવતી હોવાથી" ગમ્મત"નો ભાવ છે. "હું કોણ?" ને બદલે "સખી કોણ?" વધારે સારો અનુવાદ થાત. તેજ રીતે द्वे प्रिये न उपनते । માટે "આપણને બેઉ ગમતાં આવી મળયાં" સાવ શુષ્ક લાગે છે.

सुभ्रू - સુંદર ~~આંખ~~ભવાંવાળી - ભવાં માટે" ભમાં" નો આ પ્રયોગ અનુવાદકના બધા અનુવાદોમાં સાર્વત્રિક જેવો છે. ભવાં શબ્દ પ્રચલિત જ છે, તો આનાથી શું સ્વારસ્ય આવી જાય છે તે સમજાતું નથી.

याति संपर्क માટે "મેળાપકરે" पीडितं मां परिष्वजस्व માટે :સાંઇડાંલો", त्वरिता: માટે "ઝડપ ઝડપથી" अहो चित्ररथः માટે "આતો ચિત્રરથજી!" પણ એવાજ છે. તેને માટે અનુક્રમે મળો, ગાઢ ભેટો, જલદીથી, અહો! ચિત્રરથ! વધારે સારા અનુવાદ થાત.

પૃ. ૧૦૦ શ્લોક ૧૦ "એ વ્રજધારીનું જ પરાક્રમ છે, જેને લીધે એમના પક્ષના અમે શત્રુઓને હરાવીએ છીએ. સિંહની ગર્જનાનો, પર્વતોની ગુફામાં ફેલાઇ જતો પડઘો પણ હાથીઓનાં હાંજાં ગગડાવી નાંખે છે. માં રેખાંકિત -૧ વધારાનું છે. ૨. भिनत्ति नागान् નો અનુવાદ છે. અનુવાદક લોકોક્તિનો પ્રયોગ કરવાનો લોભ રોકી શકતા નથી, પણ તેમ કરતાં અર્થચ્છાયા બદલાઇ જાય છે, તેનું ધ્યાન રહેતું નથી.

અંક ૨માં परमान्न માટે "લાડવા", परिसर માટે "આંગણું" तूष्णीभूत: માટે "ચૂપચૂપ", दुष्टचेटिकाम् માટે "દુષ્ટદાસી" जिव्हा नियन्त्रणेन માટે "ઉપર કડી મારી રાખવી", શ્લોક ૧માં आलोकान्तात् માટે "દુનિયાના એક છેડાથી બીજા છેડાસુધી". विरूपतया માટે "કૂબડાઇથી" वर्धितं कौतुहलम् માટે "કુતૂહલ વધારે થાય છે." निसिञ्चन् માટે "છંટકારતો" પણ એવાજ શુષ્ક પ્રયોગ છે.

પૃ. ૧૦૭ શ્લોક ૬ "ટોચે સ્ત્રીના નખશાં બે ભાગમાં કુરબક એક સરખાંનામાં અને કાળાં છે, ઘેરારંગ થયાં નાનાં અશોકપુષ્પ ફૂટું ફૂટું થઇ રહયાં છે. કાંઇ કાંઇ બંધાતા પરાગને કણે પીળચટ્ટો, આંબામોર આવ્યો છે, હે મિત્ર, વસંત શ્રી મુગ્ધાપણાનો અને જુવાનીની બરાબર વચમાં આવી રહી છે. રેખાંકિત ખંડોમાં શુષ્ક અને અસંતોષકારક અનુવાદ છે.

अतिस्नेह: खलु कार्यदर्शी માટે "સ્નેહ એ વધતેરો હોય તો એ એમાંથી રસ્તો કરી આપે". अेकपदे માટે "એક સડાકે", अनिर्दिष्टकारणं માટે "કારણ જ જાણ્યા વિના," પણ એવાજ કઠે તેવા અનુવાદ છે.

પૃ. ૧૦૮માં "સખિ હિમાલયના શિખરપર વેલની ડાંખળીમાં મારી મોહન માળા ભરાઇ ગઇ'તી ને આજે શું પૂછે છે?" એ અનુવાદ માટે મૂળ છે: "સખિ ત્યારે હેમકૂટ શિખરે લતાવિટપથી આકાશ ગમનમાં જરાવાર વિઘ્ન થયું ત્યારે મનેહસીને હવે શા માટે પૂછે છે?" રેખાંકિત પદો છોડવાથી ઉર્વશીના કથનનો મર્મ અને પૂર્વાપર સંબંધ જળવાતા નથી. किमत्र संप्रधार्यते માટે "ત્યાં હવે વિચાર બિચાર શા કરવાના હોય?" રેખાંકિત પ્રયોગ અશુભગ છે. अहो विस्मृतं માટે "ઓત્તારીની" ઉમેરો છે. आपन्नानुकम्पी માટે "દુ:ખિયાને દિલાસો દેનાર" અર્થ કર્યો છે. તેમના પર અનુકમ્પાનો ભાવ છે, દિલાસો દેવાનો નથી.

પૃ. ૧૧૦ का नु खल्वेषा सी अनेन प्राथ्यं मानात्मानं विकत्थते માટે "એવી તે કઇ સ્ત્રી હશે કે મહારાજ એને ચાહી રહ્યાં હોવા છતાં યે કોઠું આપે નહિ અને મનમાં ગર્વ કરી રહી હોય?"

અનુવાદ શિથિલ અને પ્રસ્તારી છે.

પૃ. ૧૧૧, શ્લોક ૧૦: "કામદેવનાં બાણોએ અંતર સાવ ભેદાઇ ગયું છે તો સ્વપ્નમાં સમાગમ કરાવનારી નિદ્રા ક્યાંથી આવવાની? પ્રિયાને મેળવું નહીં અને એ સુમુખીને છબીમાં નિહાળ્યા કરું તો મારાં આંસુ આંખમાં સુકાઇ જશે એમ ન ધારતો" એ માટે મૂળ છે આ:

"હે મિત્ર, કામદેવનાં બાણો સદાયે હૃદયમાં સાલે છે. સ્વપ્નમાં સમાગમ કરાવનારી નિદ્રા શી રીતે પામું?

ચિત્રમાં એ સુમુખી પ્રિયાને પૂરી આલેખતાં પહેલાં જ મારી આંખોમાં આંસુ ન આવે એમ નથી."ઉત્તરાર્ધનો અનુવાદ વિચિત્ર ગોટાળો કરે છે. મૂળ ભાગનું તો પ્રતિબિંબ પડતું જ નથી. એ ભાગનો અનુવાદ ખોટો છે.

પૃ. ૧૧૨ પર प्रेमपत्र માટે "ચિઠ્ઠી", अक्षराणि विसृष्टानिस्युः માટે "અક્ષર ટપકાવી મોકલ્યા હોય" सखु आर्य नागरकोऽसि માટે "હું હું ભૂદેવ ચતુર છોતમો". અનુવાદ છે. તેમાં પહેલો પ્રયોગ અત્યંત અયોગ્ય છે. બીજો શુષ્ક છે. ત્રીજો नागरकः "દક્ષિણ" કે "દાક્ષિણ્ય યુક્ત" માટે છે. તેમાંનો અર્થ ચતુર શબ્દ બરાબર વ્યક્ત કરી શકતો નથી. શ્લોક ૧૨-૧૩ નો અનુવાદ રાગ સોરઠમાં ગેયપદમાં કરે છે તે સારો છે. હે પ્રભુ! હું તલપું તુજ કાજ,
સ્થિતિ મુજ દિલની જાણે નહિ તું, ધારે કૈં કૈં આજ,
પારિજાતની શય્યામાં હું આળોટું દિનરાત,
ત્યાં નંદનવનના શોભા મુજ પવન પ્રજાળે ગાત.હે૦

अंगुलिस्वेदेन માટે અનુવાદક લખે છે:
"પસીનો ટપકતી આંગળી અડકતાં દસ્કત ભૂંસાઈ જશે". ત્યાં પસીનો ટપકવાની તો વાત જ નથી. "દસ્કત"પણ એવુંજ અસુભગ છે. તેવું જ फले विसंवदति "ફળ આપવામાં આનાકાની કરે છે", भद्रे માટે અનેક સ્થળે "ભલીબાઈ" એવો શુષ્ક અનુવાદ કરે છે.

પૃ. ૧૧૬ પર શ્લોક ૧૬ ચોથી પંક્તિનો "તપ્ત લોહને તપ્ત લોહ સાથે જોડવું યોગ્ય છે" એવો અનુવાદ થાય. તેને બદલે "લોખંડ ગરમ થઈ રાતું ચોળ થાય ત્યારે જોડી શકાય" એવો અનુવાદ કરે છે. उत्क्षिप्तास्मि માટે "છોડી ગઈ કે?" પણ એવુંજ ખરાબ છે.

શ્લોક ૧૭નો અર્થ છે " ઈંદ્ર સિવાય અન્યને માટે નાઠ પ્રયો જાયેલો "જય" શબ્દ તું આમ વાપરે છે, માટે હે સુંદરિ! હું ખરેખર જય પામ્યો છું," ને માટે "હે સુંદરી, તું મને સંબોધીને જય થાઓ એમ કહી રહી છે. પરંતુ જય શબ્દ મહેન્દ્રને છોડીને બીજા પુરૂષમાં ગયો નથી", તેજ રીતે શ્લોક ૧૮નો મૂળ "ભરતમુનિએ આઠ રસના આશ્રયવાળો જે લલિત અભિનયવાળો પ્રયોગ તમને શીખવ્યો છે તે દેવરાજ ઇન્દ્ર સાજે લોકપાલો સાથે જોવા ઇચ્છે છે" ને બદલે "ભરતમુનિએ તમને બધીને આઠ રસથી ભરેલો જે પ્રયોગ શિખવાડયો છે તે લલિત અભિનય લોકપાલો સાથે રહી જોવાની મહેન્દ્રની ઇચ્છા છે!એમ કરે છે. विषादं नाट्यति માટે, "ખેદ બતાવવાનો અભિનય કરે છે",मा भवानङ्गानि मुञ्चतु માટે, "અરે તમે આમ સાવ હેઠા કાં બેસી જાઓ", न शिथिलयति માટે "ઢીલો નહિ કરી નાંખો," सर्वत्र प्रमादी वैधेय: માટે "મૂર્ખાના બધ રેઢિયાળવેડા," देवी काशिराजपुत्री માટે "કાશીવાળાં રાણી" सपरिवारि માટે "દાસદાસીઓ સાથે भूर्जपत्रम् માટે "પતાકડું", कौलीनम् માટે "કાળાચાળા, प्रमादेन માટે "ગબરગંડાઇએ", अप्सरस: कार्मुकम् ~~માટે "રમતિયો પહાડ", क्रीडापर्वत~~ માટે અપ્સરાના રસિયા વાલમને, ~~कन्दिमनन्मने~~ क्रीडापर्वतमाटे "રમતિયો પહાડ" दक्षिणवायो માટે "દક્ષણી પવન", सर्वथा हतोऽस्मि માટે "બાજી બધી જ રીતે બગડી", कुम्भीरिक માટે "ઘરફોડું", शोभनं खलु ब्राह्मणेन आश्वासितो वयस्य: માટે "મિત્રજીની વહારે આવતાં ભામટાને આવડયું ખરું", रंभोरु માટે "પુષ્ટાંગી", सेव्ययोजन: માટે "શ્રેષ્ઠ માણસ", अनुनय: માટે "કાલાવાલા", अदाक्षिण्य માટે "અજડાઇ", नेदमुपपन्नम् માટે "આ બરોબર નથી" આ બધા અનુવાદો અનુવાદકની મર્યાદા પર સારો પ્રકાશ પાડે છે.

પૃ. ૧૨૦ શ્લોક ૨૩ ઘામથી ગભરાતો મોર, ઝાડના ઠંડા ક્યારામાં બેસે છે, ઉપરથી કર્ણિ પાડી ભમરો કણેરની કળીમાં લપાય છે, તપેલું ઊકળેલું પાણી છોડી જળકુકડી કાંઠાની કમલિનીમાં જઇ રહી છે, ને વિલાસભવનમાં તરસ્યો પોપટ " "પાણી, પાણી" કરી રહયો છે. રેખાંકિત પદો અનુક્રમે ऊष्णालु, तरोर्मूलालवाले, निर्भय:, तप्त, कारंडव:, क्रीडावेशानि, पञ्जरशुक: અને जलं याचते માટે છે. મૂળનો શ્લોક, લલિતરીતે સુંદર ચિત્ર રજૂ કરે છે, તેનો અહીં અભાવ છે.

પૃ. ૧૨૧ પર सरस्वती कृत काव्यबन्धे માટે "સરસ્વતીએ ગીતો બાંધી આપેલા, અને उर्वश्या वचनम् प्रमादस्खलितमासीत् માટે ઉર્વશીની "ઉક્તિઓમાં ભૂલ પડયા કરતી હતી" રેખાંકિતમાં જે વારંવાર ભુલ પડવાનો ભાવ છે તે મૂળમાં નથી. "ઓડનું ચોડ કહીમાર્યું" એ ઉમેરો મૂળની ખૂબીમાં કંઇ ઉમેરતો નથી.
પૃ. ૧૨૨ પર यावत् दृष्टसंतानो भवति માં "સંતાનનું સુખ જુએ ત્યાં સુધી" એમ કરે છે. તેમાં રેખાંકિત વધારાનું છે. सादयन्ती માટે "ધૈર્યથી નાંખતી", सेवाकाश परिणतिरहो० "માટે ધૂળપડી અમને મળેલા રાણીવાસ પરના અમલમાં", અસંતોષકારક છે.

છેલ્લામાં તો મૂળનો અર્થ પણ બદલાય છે. अविनोददीर्घयामा માટે"વિનોદનું સાધન નથી એટલે પહોળાલાંબા થઇ પડવાના" એમ કરે છે. પણ આ પદ તો રાત્રિનું વિશેષણ છે. व्रतारम्भ: માટે " આ વ્રત લેવાનું કરી રહયાં છે", अवधूतप्रणिपाता માટે "નમી પડે એનો "તરછોડ" કરે", इत इतो भवान् માટે આ બાજુ, આબાજુ, તમે"स्म सश्रीक: માટે "સરસો" मुग्धे માટે "અલી ગમાર", ઉ. ની. ઉક્તમાં "લેતું જા મનડા! મને છોડીને અમનામાં ભરાયું – જઇ રહયું તેનું આ ફળ!" જે માટે મૂળ છે"હૃદય! મને છોડીને અહીંથી ત્યાં ગયાનું ફળ તેને મળ્યું છે."

શ્લોક ૧૧માં निपीड़ित: માટે "ભીંસાયેલો, अनुक्षिप्ततिरस्करिणिकासि ને બદલે "તે તારી ગુપ્તતા હજી ક્યાં દૂર કરી છે?", संवृत्ताकार: માટે "ઠીકઠાક થઇ બેસજે", अंतर्हित માટે "ગુપ્તતામાંજ", अंतर्हित औपहारिक માટે "ભેટ સોગાદ," मंगलमात्र भूषण માટે "મંગળનાં ચૂંક ચાંદલો અને કંકણવાળી", પૃ. ૧૩૦ પર प्रियानुप्रसादनंनाम् માટે "પ્રીતમ પ્રીતિ પ્રાપ્તિ", विश्वास विशदम् हृदयं संवृत्तम् માટે "મારા હ્રદયમાં હવે પૂરી પતીજ પડે છે" मूढ ને માટે "મૂર્ખાજી", आर्यपुत्र, अनुल्लंघितपूर्वो मया नियम: માટે "વ્રતના નિયમનો ભંગ થાય જ નહીં", मनोरथं संपादयामि માટે "મનોરથ પૂરો કરી આપું", नन्वेतं दुपपन्नम् ને બદલે "હાસ્તો, બધુંય બરાબર છે.", मा खलु मां पुरोभागिनीम् समर्थय માટે "હું મારે આપમેળે આવી ભરાઇ છું એમ નહિ".

આ બધા ખંડોનો અનુવાદ કાંતો નિર્બળ, અણુભગ કે શુષ્ક છે.

અંક ૪ના અનુવાદમાં, અપભ્રંશ ગાથાઓ કાલિદાસની જ છે કે કેમ તે અંગે હજી કોઇ આખરી નિર્ણય થયો નથી. તેમ છતાં અનુવાદક તેનો અનુવાદ કરે છે. તેનો કહે છે કે કાલિદાસ ગમે તે સમયમાં થઇ ગયા હોય તોયે તે વખતે અપભ્રંશનું અસ્તિત્વ તો હતું જ". વિક્રમોર્વશીયની અત્યારે મળતી વાંચનાઓમાં એક પ્રકાર એવો છે કે તેમાં આ ચોથાઅંકમાં વિરહ વર્ણન પાછળ રાજાના અભિનયનો ખ્યાલ આપવા પ્રાકૃત અપભ્રંશ ધ્રુવાઓ મળે છે. કવિનું હાર્દ પડદા પાછળ રહી આ ધ્રુવાઓ જુદા જુદા રાગમાં ગાવાનું જણાય છે. હંસ, સુવાહાથી, કુક્કર, વગેરેની અન્યોક્તિથી રાજાના જુદા જુદા ભાવ વ્યક્ત કરવામાં આવ્યા છે. બીજા પ્રકારની વાંચનાઓમાં આ ધ્રુવાઓ મળતી નથી. અને

તેથી તે પાછળથી થયેલા ઉમેરા મનાય છે...............
ધ્રુવાઓ પાછળથી દાખલ થઈ હોય તો યે તે એક વિશિષ્ટ સંયોજન છે અને રંગભૂમિને પ્રસંગ પરત્વે દીપાવનારી છે."[२०]

એટલે જુદા જુદા ગેય ઢાળોમાં તેનો અનુવાદ કર્યો છે તેમાં દૂહો, ચોપાયા, જંભાલિકા, ધ્રુવા, ખંડધારા ધ્રુવા, ધ્રુવાચોપાયા, દ્વિપદી, ચરચરી, પ્લવંગમ, ચર્ચરી, રોળા, નિયન્તકધ્રુવા, ચોપાયા, દ્વિપદી, ખંડકધ્રુવા, ખુરકધ્રુવા, ચર્ચરી, ચરગાકુળ, કુકુભધ્રુવા, અર્ધો ચોરસ, રોળાનું અર્ધ, કુટિલિક, મલ્લઘટી, ચર્ચરી, વીરછંદ, ગલિતકધ્રુવા, પ્લવંગમ આદિ ૩૧ કડીઓ છે. પ્રાચીન છંદોનું સારું જ્ઞાન હોવાને લીધે આ છંદોનો પરિચય હોવાથી તે આવાં નામ આપે છે. તે છંદો ગેય છે. તેમણે એ શ્લોકોના સમશ્લોકી અનુવાદ કર્યો હોય તો અનુવાદ છે તેના કરતાં વધારે સમૃદ્ધ અને સારો થાત એમ પણ આ ઉપરથી લાગે છે. અંક ૪થાના અંકવસ્તુના સર્વમાન્ય પાઠનો અનુવાદ કર્યો છે. તે ઉપરાંત મૂળમાંથી એની વધારાની સૂચનાઓ પણ આપી છે.

જેમ કે પૃ. ૧૩૮ પર :માટીનું ઢેફું ઉપાડી મારવા દોડતો, ત્યાં દ્વિપદીથી દિશાઓમાં જોઈને: (ફરી વિચાર કરી, (એમ મુર્છાખાઈને પડે છે) દ્વિપદીથી ઉઠી નીસાસો નાંખી), (દ્વિપદીથી પરિભ્રમણ કરી) (કાન માંડી........ એમ કકુભરાગથી ૯ પ્રકારના સંગ.)(પછી દ્વિપદીથી દિશાઓ તરફ જોઈ..........,) (ચર્ચરીથી નજીક જઈ હાથ જોડી....:) વગેરે. આ અમુક છંદ "થી" નો પ્રયોગ કઢંગો લાગે છે.

રણછોડભાઈ ઉદયરામે પણ આ ધ્રુવાઓનો અનુવાદ તો કર્યો છે. પણ ત્યાં આવી સૂચનાઓ નથી. ક્રમ ભેદેય છે. દિ. બ. કેશવ હ. ધ્રુવે પણ ૩૧ ધ્રુવાઓનો અનુવાદ આપ્યો છે. ત્યાંય સૂચનાઓ તો નથી. ધ્રુવાઓનો અનુવાદ સારો છે. નમૂના તરીકે ધ્રુવ લલિતક ધારા :

હંસી સરસિજ સરવરિયે, ડૂબેલી દુઃખના દરિયે,

२०: પ્રસ્તાવના પૃ. २७–२८

ત્યાં પ્રિય સખો વિરહે વ્યાકુળહંસી વિલપે મુખ વીલાં.

એમ અનુવાદ કરે છે. બાકી, ઉક્તિઓના ગદ્યાનુવાદમાંતો એજ લોકોક્તિ કે સરળ પ્રયોગોની ઇચ્છા નીરસતા વહાવ્યે જાય છે. જેમકે પૃ. ૧૩૯ પર **दुराकृष्टम्** માટે "ખૂબ લાંબું ખેંચેલું", **कनकनिकषस्निग्धम्** માટે "સોનાની રેખાથીયે રસાળતું", **राजोपचारः संप्रति** માટે મને "રાજાનો આજ મળે છે." **संदीपनम् संवृत्तम्** માટે ઉલટો દાવાનળ સળગ્યો, **प्रिय** માટે "ગમતો": પૃ. ૧૪૬-૪૭: **नवाम्बु कलुषा** માટે "પાલખપાણીએ ડખોળાયેલી", પૃ. ૧૪૯ **अस्त्रोपहतं करोति** માટે, અને આને આંસુ લાવી શા માટે ભીનો કર્યું?" પૃ. ૧૫૪ પર **मौलि रत्नयोग्यो** માટે "મોઢામાં રાખવાને યોગ્ય ગણાય્યો હોઈ", **सावेग** માટે "હાંફળી ફાંફળી", **अलमत्र घृणया** માટે "દયા બયા લાવવાનું કારણ ન હોય", **विहगदस्युः** માટે "ચોરટો પક્ષી" **प्रहर्तुः** માટે "ખૂરશી કરનાર", **दिष्टया संतानेन वर्धते भवान्** માટે "ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી, તમને પુત્ર સંતતિનો લાભ મળ્યો", **देवता रहस्यानि** માટે "અપ્સરાઓની રહસ્ય વાત", **पादपीठ** માટે "બાજેઠ" **तात** માટે "અદા", **कः तिष्ठति** માટે "આ વળી કોણ બેઠો છે?" **स्तनांशुकम्** માટે "ચોળી", **उपरुध्यते** માટે "મોડું થાય છે", "લૂહે" માટે "લુહે" **अहो सुख प्रत्यर्थिता दैवस्य** માટે, "જ્યાં જુઓ ત્યાં નસીબનો, સુખની સામેજ મોરચો હોય છે." **कृशोदरि** માટે "પતલી કમરવાળી," **जात्या** માટે "જન્મથી" ઝળકારને બદલે "ચમકાર", જય થાઓ ને બદલે "જય જાઓ", **साधारण: अेषो अभ्युदयः** માટે "બધાયને સરખો છે આનંદ" - આ પ્રયોગો પણ કોઈને કોઈ રીતે અસુભગ કે ભૂલ ભરેલા છે.

પૃ. ૧૩૯ શ્લોક ૫ પાણી ભર્યાં કિનારીએ રતુમડાં ફૂલોએ આ નવી કેળ (કંદલી) કોપે અંદર આંસુ સારતાં પ્રિયાનાં

નયનોનો યાદ આપે છે." મૂળ છે: "લાલરંગની હારોમાં ખીલેલા અને પાણીથી ભરેલાં આ પુષ્પોવડે કંદલીઓ કોપાશ્રુવાળી તેનું સ્મરણ કરાવે છે."

પૃ. ૧૪૨ શ્લોક ૧૨ 'એ ગુસ્સે થઇ પણ મારામાં ક્યાંય એના ગુસ્સાનું કારણ મને યાદ આવતું નથી. પ્રિયતમના ઉપરના સ્ત્રીઓના વર્ચસને પ્રેમમાં કાંઇ ભૂલ પડી છે કે નહિ એની દરકાર હોતી નથી.' રેખાંકિત અંશ

प्रभुता रमणेषु योषितां
नहि भावस्खलितान्यपेक्षते

નો અનુવાદ છે. જે બરાબર નથી લાગતો.

શ્લોક ૧૯ સૂર્ય જેના નાના દાદા છે અને ચંદ્ર જેના દાદાજી છે........ રેખાંકિતમાં માત્ર નાના જોઇએ. અહીં તો નાના શબ્દ દાદાનું વિશેષણ બની જાય છે. સમજૂતિ આપવી જ હોય તો તે પાદટીપમાં શોભે.

પૃ. ૧૫૯ અંક પાંચમો શ્લોક ૧૦ "આ મારા પિતાજી છે અને હું એમનો પુત્ર છું એટલી વાત સાંભળતાં જ મારા મનમાં ગલગલીઆં થાય છે." રેખાંકિત પ્રયોગ લોકવાણીનો છે. પણ તેથી અહીં કોઇ વિશેષ સ્વારસ્ય સધાતું નથી.

શ્લોક ૧૫ "ગાઢ, ઉરસ્થળ પર ફેલાતાં આંસુ એ બીજી મુક્તાવળી રચી આપતી હે સુંદરી, વંશ રહેશે એમ જાણી મને ખૂબ આનંદ થયો છે, ત્યારે તું કેમ રડો રહી છે?" મૂળનો અર્થ આછો જ ઉતરે છે, શૈલી શુષ્ક જ છે, રેખાંકિત પ્રયોગ તો ખરાબ છે.

આમાં અનુવાદકે રંગભૂમિને ધ્યાનમાં રાખીને અનુવાદ કર્યાની, અને તે તે ફેરફારો તે માટે કર્યાની વાત તો કરી છે, પણ તેમાં કાવ્યાંશ, શબ્દ, વર્ણ, અર્થ અને ધ્વનિના ગૌરવ કે લાલિત્યની અવગણના થઇ છે. શ્લોકના ગદ્યાનુવાદને કારણે

મૂળનું કવિત્વ, સૌન્દર્ય ઓછું થયું જ છે. તે તો જાણે ઠીક, પણ એમના કેટલાક વિશિષ્ટ, ક્યાંક અપરિચિત અને વિચિત્ર પ્રયોગોના શોખને ઔચિત્યની મર્યાદામાં રાખી શક્યા નથી. તેથી પ્રસાદ અને માધુર્ય પણ સચવાતાં નથી. એવા અનેક પ્રયોગો નોંધ્યા છે. છતાં તે યાદી સંપૂર્ણ હોવાનો દાવો કરી શકાય તેમ નથી. તેવો હેતુ પણ ન હતો.

તેમનો અનુવાદ વિષયક ખ્યાલ ગમે તે હોય, પણ તેથી મૂળનું કાવ્યત્વ કે ગૌરવ ઝાંખુ તો ન જ પડવું જોઈએ. અહીં તો વિચાર બિચાર, ચોલી, પતલી કમરવાળી, લુહે છે, ગમાર, જેવા પ્રયોગો હાસ્યાસ્પદ લાગે તેમ છે. અર્થ પણ ક્યાંક અધુરો છે, તો ક્યાંક અર્થ વિપર્યય પણ થયો છે. ઉમેરા પણ છે. લોકોક્તિઓના પ્રયોગથી સ્વાભાવિકતા કે ઝમક લાવવાનો હેતુ હોય તો તે સફળ થયો નથી, ઉલટું અવળી અસર ઉપજે છે. પ્રાંતીય અસરના અણસાર પણ મળે છે. શાસ્ત્રીજીની વિદ્વત્તાને ખ્યાલમાં રાખતાં પ્રયોગશોખને કાબૂમાં રાખ્યો હોત તો અનુવાદ વધારે સારો થાત એમ લાગે છે. એકંદરે અનુવાદ શુષ્ક, કઢંગો અને અસંતોષકારક લાગે છે.

બળવંતરાય ક. ઠાકોર – ૧૯૫૮

આ વિદ્વાન, અભિનિવેશી, કવિસાહિત્યકારે જુદી જુદી અનેક હસ્તપ્રતો યા આવૃત્તિઓ ભેગી કરી તુલના દ્વારા પાઠ નિર્ણય કરવામાં ભારે શ્રમ, કાલિદાસના નાટકોનો અનુવાદ કરવામાં કર્યો છે. " મહાકવિ કાલિદાસના નાટકો" 'The text of Shakuntala ' જેવા લેખો કે નિબંધો

લખ્યા છે. મનનિકા નામક ટીકામાં નાટકોના પાઠના સ્વારસ્યાદિ માટે પહેલી જ વખત મૌલિક વિચારણા પણ કરી છે. શૈલીકાર, કવિ, કવિતાગુરુ, વિવિધબાબતોનો ખ્યાલ રાખનાર વિવેચક, ઇતિહાસજ્ઞ તરીકે તે ભારે પ્રતિષ્ઠા ધરાવે છે. તેમને કેટલીક એવી વિશેષતાઓ પણ છે, જે સર્જનમાં મર્યાદાઓ યે બની જાય.

નાન્દી, શ્લોક ૧

દ્યૌ ભૂ વ્યાપિ વધે કહે ઉપનિષત્ તે એક તે સ્થાણુ ને
સંબોધાય યથાર્થ ઇશ્વર પદે : કો અન્યના યોગ્ય જે:
યોગધ્યાન વડે મુમુક્ષુ નિજમાં, અન્વેષતા તેહને,
ને છે ભક્તિ દૃઢે સુલભ્ય, ખટવો તે શ્રેય સૌ આપને.

રેખાંકિત પદો અનુક્રમે व्याप्यस्थितं रोदसी, वेदान्तेषु, વધારાનું, यस्मिन्नीश्वर इत्यनन्यविषयः शब्दो यथार्थाक्षरः, स्थिरभक्तियोग/सुलभः ના અનુવાદ છે. આમાં ક્યાંક તેમણે જુદો પાઠ સ્વીકાર્યો છે, તો ક્યાંક ઉમેરો અને પંક્તિ – ૨માં થોડો અર્થ બદલ્યો છે. "ખટવો" જેવો વિચિત્ર શબ્દ આ શૈલીમાં જુદો પડી આવે છે તે સભાનપણે મૂક્યો છે. અશક્તિને કારણે નહીં, આગ્રહને કારણે મૂક્યો છે. ઉક્તિઓ – ભાષણોની ક્રમસંખ્યા આપી છે. તેનો અહીં તુલનામાં ઉપયોગ કર્યો છે. તે રીતે ઉક્તિ –૪માં उच्यताम् માટે 'ચેતવો' – ૬માં प्रणयिषु માટે "દાસગણે" शब्दः માટે "કિલકિલાટ" અનુવાદ કરે છે. પહેલા બે નવીન લાગે તેવા છે. તો છેલ્લો પ્રયોગ બરાબર લાગતો નથી. "અવાજ" વધારે યોગ્ય થાત.

ઉક્તિ ૮, શ્લોક

નારાયણોરુ જનમેલ વરાપ્સરા જે,
સેવી ધનેશ વસતી અલકાથકી જે,
તેને હરી અધવચ્ચેથી સુરશત્રુ કોએ
આક્રંદિ રક્ષણ ચહે સખિસાથ તેનો.

રેખાંકિત પદો ૧. सुरस्त्री   २. कैलासनाथमुपसृत्य निवर्त्यमाना, कन्दन्त्यर्ते: शरणमप्सरसांगणो ऽयम्   માટે છે. અનુવાદમાં ફેરફાર અને સંક્ષેપ પણ છે. મૂળનું લાલિત્ય આછું જ ઊતરે છે. અનુવાદકે મૂળનાં પદોનો અર્થ ક્યાંક સંક્ષેપમાં આપ્યો છે તો ક્યાંક વિસ્તારે કરે છે. ઉક્ત ૯માં सुरपक्षपाती   માટે "દેવોના પક્ષનાં" અને यस्य वाम्बरतलेगतिरस्ति   માટે "ગગનચારી" કરે છે. કોઇ કોઇ સ્થળે શૈલી સમાસપ્રચૂર અને અસરળ બને છે. માટે "ઉદ્ધત અત્યાચાર"થી માં પ્રસ્તાર છે, તો बन्दीग्राहं ग्रहीता માં "બળજેરે જકડી લઇને નાઠો" માં વિલક્ષણતા છે. हला गतो राजर्षि માટે राजर्षि   તો અદૃશ્ય પણ થઇ ગયા" માં વિસ્તાર પણ છે. તો अपकारिणं मघोन: માટે "ઇંદ્રતસ્કર" અને बलवद् भीता   માટે भवति   પ્રાકૃતી તો છે/ અવધિ" – એમ છે. આવા શબ્દો અર્થ તો રજૂ કરે છે પણ ક્યાંક સંકોચ તો ક્યાંક વિલક્ષણ પ્રયોગ હોય છે, તેમાં ઉદાહરણ છે. ઓચિંતા આવી પડી તે ચિત્તને ચમકાવે છે.

શ્લોક ૪ ગોટે ગોટ ઉડી રહયા રથમુખે, રેણું થતા મેઘના,
આરામધ્ય રચાય આવલિનવી, ચક્રો ઘૂમે એહવાં,
ઉંચાં ચામર ચિત્રશાં અચલ આ શોભંત વાજીશિરે,
ને આણો સ્થિરદંડથી અણિલેગી સોહાય ખુલ્લો ધ્વજ.

સરળ, પ્રાસાદિક, સારા અનુવાદની શક્તિનો નમૂનો છે. મનનિકામાં "(પૃ. ૧૧૮ થી) તેને વિશે સૂક્ષ્મ ઉચિત વિચાર વિસ્તારપૂર્વક કર્યો છે. તે તેમની ઝીણવટભરી વિચારશક્તિ બતાવે છે.

શ્લોક ૭ અંધારાથી શશિઉગમતાં રાત્રિ માંડે મૂકાવા,
રાત્રે જ્વાળા હુતવહતણી જેમ નિર્ધૂમ થાવા,
ગંગા કાંઠા પતનમળ કાંપી ફરીને સુહાવા,
ગાઢાં મૂર્છા તમ થકિ ત્યમે રૂપસી મુક્ત થાવા.

માં રેખાંકિત ૩ લાંબો સમાસ છે. બાકી "રૂપની" વિશિષ્ટ શબ્દ પ્રયોગ છે. મૂળમાં लक्ष्यते એકજ ક્રિયાપદને ચારે પંક્તિ સાથે સંબંધ છે, તે અહીં જુદાં પદોથી બતાવ્યો છે. મૂકાતો દેખાય છે, થતી દેખાય છે, ચોડતી દેખાય છે. એનો મૂળ અર્થ ઉડી જાય છે. અર્થ પૂરો થયાનો સંતોષ થતો નથી. કેમકે અર્થ પૂરો કરે તેવું ક્રિયાપદ જાણે દેખાતું નથી. "મળકાણી" માં અર્થ ખરાબ રીતે રજૂ થયો છે. कलुषा નો અર્થ "મેલી" છે પણ તેથી પાણી "કાળું" જ દેખાય, – જો જમીન કાળી ન હોય તો, એમ કહી ન શકાય. આ સ્થાનો કે વિશેષતાઓ અનુવાદકની શૈલીને લાલિત્યમાં ઉણી અને અપ્રાસાદિક બનાવવામાં ઘણો ફાળો આપે છે.

શ્લોક ૯

આનો સર્જક તો સ્વયં સુપ્રફુલ જ્યોત્સ્નેશ હો, ચંદ્રમા
શૃંગારપ્રતિમા થ પુષ્પશર હો, વા પુષ્પધાતા મધુ,
ડુબ્યો વેદ મહીં નિરંતાર મહીં રૂપે ડઘાતો મુનિ
આ રૂપાકર મોહમૂર્તિ છબિલી એ જૈફ ક્યાંથી સર્જે.

છોડયું છે. રેખાંકિત પદો અનુક્રમે कान्तप्रभः शृंगारैकरसः, पुष्पाकरः, वेदाभ्यासजडः, विषयव्यावृत्तकौतूहलः, मनोहरमिदं वपुः, पुराणः માટે છે. મૂળના લાલિત્યની પરવા નથી કરી. તે બાદ કરતાં યે સૂક્ષ્મ ફેરફારો કર્યાં છે, તે ધ્યાન ખેંચે છે. કેટલાક અંશો બરાબર નથી. પુરૂરવાને નારાયણ માટે જે માન છે તે "એ જૈફ"માં ઘવાય છે. "રૂપે ડઘાતો મુનિ" માં અર્થ બદલાય પણ છે.

ઉ. ૪૩માં ફારસી મૂળનો શબ્દ अभिजातं નો અર્થ આપે છે, છતાં અશોભન છે. ઉ. ૫૭ માં संभावयामः માં "આવકાર દઈએ" કરે છે. તેમાં માનકે અભિનન્દનનો અર્થ આવતો નથી. ઉ. ૫૮માં "લતા ટોળી" સુભગ નથી. "ભેટિયેં" માં અનુસ્વાર શા માટે? ઉ. ૬૨માં મૂળને અસરળ બનાવી દે છે.

શ્લોક ૧૫

મહિમા સહિએ મહેન્દ્ર કેરો,
અરિથી જે નિજ કિંકરે જતાડે:
પડધી ગડુડન્ત સિંહનો શો,
તગડે નાગ નગાગ્ર ગહ્વરોથી.

પં. ૨ અર્થને કંઇક બદલે છે. ૩-૪માં લેખકની શૈલીની વિલક્ષણતા દેખાય છે, ખાસ તો "તગડે" જેવા ખરબચડા પ્રયોગમાં.

શ્લોક ૧૮;

ઉડી જતી મધ્યમ વિષ્ણુ ધામે,
શરીરથી અંતર અપ્સરા આ,
ખેંચત વાધે - નભ રાજહંસી,
મૃણાલ છેદી બિસ શું પુરાણે.

રેખાંકિત पितुः पदम् मध्यमम् નો અનુવાદ છે. ૨માં क्षंडिता ग्रात् मृणालात् નો અર્થ બાઝ્યે જ પૂરો ઉતરે છે. જાણે રાજહંસી મૃણાલને છેદે છે, એવો અર્થ ભાસ થાય છે. તે મૂળમાં નથી. सूत्रम् છોડ્યું છે.

અંક ૨ વિદુષકની શરૂઆતની ઉક્તિને નાનાં નાનાં વાક્યોમાં વહેંચી નાંખી છે. अभिसंधेयः માટે "પહોંચી વળાય" विरलतृणलग्नम् इव अवश्याय सलिलम् માટે "મુડદાલ ખડપર ઓસાિંટર્યાં ટકે" એમ કરે છે. देवी માટે "બા સાહેબ" रहस्यभेद કરી દીધો, માટે "ભડ વેરી દીધી" અને જીહ્વા માટે "હુલીબાઇ" પ્રયોગો કરે છે. તેમાં લોકવાણીનો રણકો આવે છે, પણ વિરલ માટે "મુડદાલ" અનુવાદ બરાબર નથી. "આછાં" બરાબર લાગે છે. તેવો જ વિશિષ્ટ પ્રયોગ "આરાં - જીભને" માં અને कागतिः માટે "અરે નગીબમાં" છે.

શ્લોક ૬ અસુલભ જનકાજે જંખતું ના વિરામે,
હૃદય મુજ રહયો ને તાવી આ પંચબાણ,

ત્યાંહિં મલય જ ડહામે જીર્ણ પત્રાદિ એને
મધુ ઉધ્ડત તાજી કુંપળો આમ્ર આમ્રે.

क्षिणोति, उन्मूलितपाण्डुपत्रैः सहकारैः માટે છે. મૂળનું લાલિત્ય ઓછું ઉતર્યું લાગે છે. શ્લોક ૭નો અનુવાદ સારો છે. अग्रे છોડયું છે. સહકારનું સ્હેકાર, "બાળાશોકનું રક્તાશોક", અને स्थिता નું "ઝૂલે" કર્યું છે.

एष चिन्तयामि માટે"વારું એવું છું", साधु-संप्रधार्यताम् तावत् "ઠંડે કલેજે વિચાર તો ખરો", मंत्रप्रमाण "ગોઠડી કરી રહયા", ઉક્તિ ૭૪માં विकत्थते માટે "એવી વળી કઇ સ્ત્રી હશે જે આવાનો પ્રણય તો લેખામાં નહીં એટલી બધી ગુમાનો." ઉ. ૮૭માં प्रभावनिर्मितेन માટે "સુર સુલભ શક્તિએ ઉપજાવીને" "ઉક્તિ ૯૨માં "માનવીના મનોરથ! તેને અસંભવની મર્યાદા નહીં" અને "તારી કલ્પના તો સાચી ને શું" આદિ પ્રયોગો ધ્યાન ખેંચે છે. છેલ્લા બે તો સારા પ્રયોગોના નમૂના છે.

શ્લોક ૧૫ નું વર્ણવે મયિ સમુત્સુક ઉર્વશીને
પર્યુત્સકે કમિશું આજન એક માટે,
વ્યાપી રહયો મદનતાપ અતીવ બેમાં
સંતપ્ત એક ઉભયાર્થ યથાલુહાર.

રેખાંકિત અસુભગ ઉમેરા છે. तप्तेन तप्तमय सा घटनाययोगुयम् માટેનો અનુવાદ તે ચોથી પંક્ત - મૂળથી જુદી પડે છે. ઉ. ૧૧૭માં પહેલું વાક્ય વધારાનું છે. त्वरय માટે "કહિયે" સત્વર", વિચિત્ર લાગે છે. શ્લોક ૧૮માં सलोकपाल: નો "સભાસમક્ષ" કર્યું છે. कौर्त्तीनाम् માટે "ઉડતી વાયકા" પ્રયોજે છે. स्वागतम् માટે "પધારો" અને दुरागमन માટે "આ પધરામણી તો ભારે આકરી" કરવામાં કુશળતા દેખાય છે. कुंभीरक માટે ચાલુ બોલીનો પ્રયોગ "ગઠિયો" યોજ્યો છે. बिभेमि માટે "સાલવાનું જ!" प्रियवचनशतोऽपि માટે "ચટુલ ચટુલ બોલ જુઠડા" છે - પહેલો બરાબર નથી તો બીજો

५

પ્રસ્તારી છે.

અંક ૩ શ્લોક ૧, ૪ માં साद्भयन्ती शरीरम् માટે "દેહે શક્તિધર" કરે છે. "ત્યમ અરે હયાં વધારે પ્રતિષ્ઠા". ઉમેરો છે.

શ્લોક ૬૦ ઉદય શૈલ નિગૂઢ શશાંકનાં,
તિમિર જાળ વિખેરી દિયે કરો,
અલક જાળ સમેટ્ત ઈંદની
હરત લોચન દીપ્તમુખી નિશા.

માં "ઇવ"નો અર્થ આવતો નથી. "દીપ્તમુખી" વધારાનું છે. हरिवाहन માટે ઈંદ્ર કરે છે. સતિસપ્તમી માટે વર્તમાનકાળ વાપર્યો છે. શબ્દ-માધુર્ય બહુધા આવ્યું છે. છતાં, આ કારણે પૂરો સંતોષ થતો નથી.

ઉ:૫૪માં शिखरिणीं च रसालं માટે "હરિણીનું સ્વાદિષ્ટ માંસ" -- આમિષાન્ન" કરે છે. કદાચ બીજો કોઇ પાઠ સ્વીકાર્યો હોય. ઉ.૫૮માં असंतुष्टे માટે "લોભિષ્ણ" અને ઉ.૭૦માં "શોભે છે." માટે "શોભેજ" કરે છે.

શ્લોક ૧૨માં मंगलमात्रभूषणा માટે "વિરલાં જ ભૂષણો" માં અર્થ માટે અનુમાન કરવું પડે છે. गर्ववृत्ति માટે "ષડ્રિપુમાત્ર" વધારે પડતું ગણાય. તેનો ષડ્રિપુમાંનો એક જ છે. वाचंयमोभव માટે "બોલે બોલ સંભાળજે", संवृत्ताकार: માટે "તુંપણ આસન ચેષ્ટાદિએ શલ્ય બની જા" માં પણ પ્રસ્તાર છે. आर्यपुत्र अनुल्लंघितपूर्वो मम नियमः માં "આ જાત કહી વ્રતભંગના દોષમાં આવી નથી" માં અર્થ કંઇક બદલાય છે. શ્લોક ૯માનું ભાષાન્તર અર્થાનુસારી પણ કંક અલલિત છે.

અંક ૪ ઉક્તિ ૯માં "અને તેમાં વળી ઉર્વશીની પ્રકૃતિ" ઉમેરો છે. પંડિત કે કાલેમાં નથી. બીજાકોઇ પાઠમાંથી લીધું છે, કે સ્થિતિને સ્પષ્ટ કરવા માટે મુક્યું છે, તે સ્પષ્ટ કર્યું નથી.

શ્લોક ૧-(પંક્તિ. ૪)

નવજલધર નવો ધીંગો આતો ન રાક્ષસ ઉદ્ધત,
નથિ ધનુ ચડાવેલું આ તો મહાધનુ ઇન્દ્રનું,
અગાહ પડતી આતો વૃષ્ટિ ન બાણપરંપરા,
અહ કનકરેખા આ, વિદ્યુત ન રે, મુજ ઉર્વશી

માં **संनद्धः** છોડયું છે. **सुरधेनुः** માટે રેખાંકિત ભાગ પ્રસ્તારી છે. શ્લોક ૨માં પણ મુળનો ભાવાર્થ થોડા ફેરફાર સાથે આવે છે. શ્લોક ૪ પંક્ત ૩માં **धर्मच्छेदात्पटुतरगिरा** નું "વર્ષાં ખીલ્યાં ગલ ગજવતા" માં વર્ણસગાઇ છે પણ અર્થ બદલાય છે. **निगमाः** માટે "સંઘવીઓ" કરે છે.

શ્લોક ૮ :

એઇરહયો ધનવૃન્દો લાંબો બાંકમપ્રસારતો કંઠ
મ્હલપત શિખા ગાઠીમાં ગજવત કેકાવળ કલાપી.

કાવ્ય તરીકે સુંદર હોવા છતાં અર્થમાં ફેરફાર થાય છે. શ્લોક ૧૩માં **सम्यग्** શબ્દ છોડયો છે. **यातुम् प्रवृत्ता** માટે "ચરચરો છે" કરે છે. **विरौषि** માટે "પ્રતાર તું આરડે" માં માં રેખાંકિત શબ્દ અસુભગ છે.

શ્લોક ૨૪ મયગળ જુથ પ્રવર

પ્રમદા જુથે કલેન્દુ શી મ્હારી,
કેશ પાશ જુઇ શોભિત,
અમર જેબને મંડિત,
સુદર્શના દુર સ્થિત,
પણ દીઠી તેં !નવા મીઠી?

માં વિસ્તાર છતાં અનુવાદકે પોતાનું છંદપ્રભુત્વ અને છંદકરામત સુંદર રીતે બતાવ્યાં છે.

શ્લોક ૨૬ વન અનંગ વિભાવન તાહરાં
મહો મહાન નિર્તળ, નિર્તંબની
મુજ અનંગ નિકેતન અંગના
કંઇ પડે તુજ દર્શ સુદર્શના?

અનુવાદક ધારે ત્યારે લલિતસુંદર અનવદ્ય રચના કરી શકે છે. તેનો પ્રમાણ છે. અનુવાદકમાં જે બરછટપણું છે તે અશક્તિને લીધે નથી, વિલક્ષણ વૃત્તિનું પરિણામ છે એ આથી સ્પષ્ટ થાય છે. કેટલાક શ્લોકોનો અનુવાદ ખરેખર સારો છે. ધારે છે ત્યારે ખૂબ ઝીણવટ અને વિચાર શીલતાયે બતાવી શકે છે. અંક-૨ શ્લોક ૧૦, ૧૧, ૧૨, અંક -૩ શ્લોક ૧ થી ૪ અંક ૪ શ્લોક ૧૧ એવા સુંદર નમૂના છે. તો શ્લોક ૨૮ तरंग भ्रूभं गार्णो અનુવાદ કઠોર લાગે છે. શ્લોક ૨૯માં રતિકસૂરવિરોધિ જેવો બે જુદી જુદી ભાષાના શબ્દોનો સંકર કરતો સમાસ છે તે વિલક્ષણતા કઠે તેવી છે.

શ્લોક ૩૪માં "ગગન વરસ્યું" છે મનમૂકી" જેવી લોકોક્તિ સફળ રીતે વાપરે છે. ઉ. ૧૬માં अनुकम्पते છોડયું છે. અનુવાદ મુલાનુસારી ન ગણાય. ललाट માટે "ભોરસ્થાને" પણ એવું જ.

શ્લોક ૪૩

ઝબકંત વિજ વિલસંત કેતુઓ
ધનૂઇંદ્રનું અજબ જેવું લાંછન,
ઉડતું રમન્તું ગગને વિમાન શું?
પઇઠાણ ચાલ્યું ધનયાન નૂતને.

માં રેખાંકિત પ્રયોગ એવોજ. खेलगमने છોડયું છે. પહેલી બે પંક્તિઓનો સંક્ષેપ કર્યો છે.

અંક ૫, ઉક્તિ ૧૧ "આ ....વાર પડદાંખાઉ

દક્ષિણતઈ" વિશિષ્ટ વિલક્ષણ શૈલીનો નમૂનો છે. ઉ. ૨૧માં સૂચનો "હેમદોરી વાળો" સંગમનીય લઈને જાય છે. " માં રેખાંકિત વધારાનું છે. अलसेक्षणं માટે "અચંચળાં જરિલોચન" અને आविलपयोधराग्रम् માટે "ચંચુક શ્યામલ" કરે છે. તેમાં કંઈક ફેરફાર દેખાય છે. को तर्कमिष्यति માટે "કોઈનો તર્ક શા કામનો" અને ઉક્ત પાઠમાં "ગોરકાકા, વંદન" કરે છે. આયુ વિદુષકને "ગોર" કહે છે. તે ખોટું છે. તે રાજાનો ગોર તો નથીજ. તે યુગમાં પુરોહિતને ગોર તરીકે ઓળખવાનું ચાલુ થયું નથી. તે શબ્દ હવે સામાન્ય તેમ કંઈક હીન અર્થમાં યે વપરાય છે. અહીં તો અનુચિત જ છે.

શ્લોક ૧૫:હું ને મહાહરણ વંશટકાવ પામી,

ત્યાં કેમ સુંદરિ દૃગે તમ આંસુ ધારા?

એકાવલી રહી દૃઢો અ કુચે સુશોભી

મુક્તાફલા શ્રુસૃગ ત્યાં રચતાં નવી શી?

રેખાંકિત वंशस्थितेरधिगमात् નો અનુવાદ યોગ્ય કે સંતોષકારક નથી. બીજા ખંડમાં પુનરુક્તિ માટે હોવા છતાં તે નિવાર્ય છે "માથે પડે છે કકડી વિજળીની ઝાળ" પણ એવું જ.

શ્લોક ૧૭માં (ખગમૃગ કુલવાસ્યાં) જેવો લાંબો સમાસ યોજ્યો છે તે અસરળ છે. बलिवर्द माटे પુંગવ અને तृण्य માટે "વાછડો" - મુળ અર્થ તો સુચવે છે. પણ વધુ સારા શબ્દોની અપેક્ષા રહે છે.

શ્લોક ૨૨

મહિપતિ મહિમામાં શ્રેષ્ઠ તારો પિતા છે,

અડગ દૃઢ તું યે છે વિક્રમાદિત્ય પ્રૌઢ

યુગલકર વિશે આ રાજતી રાજલક્ષ્મી

હિમગિરિ ઉદધિમાં ગંગશી સંવિભક્તા.

રેખાંકિત ૧   उन्नतानां पुरस्तात्स्थिते   નો અર્થ કૈંક બદલાય છે. ૨. વધારાનો છે. તેમાં પુનરુક્તિ પણ છે. પં. ૨–૩ મિશ્રિત થઇ ગઇ છે. આથી અનુવાદ દુર્બોધ બને છે.

આમ આ નાટકના અનુવાદોમાં આ અનુવાદ જુદી જ ભાત પાડે છે. કેમકે :૧: તેમાં ~~કરતાં~~ કર્તા નિષ્ઠા અને દૃષ્ટિવંત સમર્થ સાહિત્યકાર છે. એ કવિતાગુરુ ગણાય છે. ગાંધી યુગના કાવ્ય દેહના બાહ્ય રૂપપર તેમણે ભારે અસર કરી છે. સુચિંતિત અને સુદૃઢ સિદ્ધાન્તોને સ્થાપિત કરવાનો સબળ – સફળ પ્રયત્ન કર્યો છે. છતાં ગુજરાતની ઊર્મિકાવ્યને અનુકૂળ પ્રકૃતિને કારણે આ દુર્બોધ ખરબચડી અને વિલક્ષણ કાવ્યશૈલી ભાગ્યે જ કાયમ માટે માફક આવી છે. તેમની ગદ્યશૈલી સાજન માજન સાથે રાજ્ય દરબાર પ્રતિ ગમન કરતી હાથણી જેવી ધીર ગંભીર છે, થોડામાં પણ નિઃશેષરીતે વક્તવ્ય રજૂ કરવાના પ્રયત્નને કારણે સંકુલ છે. તેમાં પ્રવાહ અને પ્રાસાદિકતા ઓછાં છે. વિલક્ષણ પ્રયોગ શોખ, સંસ્કૃત, ફારસી, અરબી, તળપદા વગેરે શબ્દોને જોડા જોડ અને ક્યારેક તો એકજ સમાસમાં પ્રેરવા યોજે છે. તે શૈલીને કો બહુરંગી ભરેલી જાજમ જેવી બનાવે છે. તેમાં એક પ્રકારની **design** કે લયપણ ક્યારેક હોય છે. છતાં તે નારિકેલપાક સમી છે. તેનું પોત ભારે દૃઢ છે. તેમાં ઘણાક શબ્દો અપરિચિત કે અપ્રસિદ્ધ લાગે છે. તેને મુલાયમ ભાગ્યે જ કહી શકાય.

:૨: અનુવાદમાં તેમણે ક્યારેક :૧: જુદો પાઠ સ્વીકાર્યો છે., :૨: થોડા ઉમેરા કર્યા છે., :૩: થોડોક અર્થ પણ બદલ્યો છે, તો :૪: ક્યાંક અલલિત શબ્દો જાણી બૂઝીને વાપર્યા છે.

આથી નિષ્ઠાવાન મૂલાનુસારી અનુવાદ તરીકે તે સારો ગણાય તેવો છે. છતાં પ્રવાહિતા, લાલિત્ય અને પ્રાસાદિકતાની ઓછી આછી માત્રા આડી કઠે છે.

શ્રી ઈંદુલાલ ગાંધી – ૧૯૬૨

વિક્રમોર્વશીયમનો આ મૂળને નિષ્ઠાપૂર્વક અનુસરીને કરેલો અનુવાદ નથી, સંક્ષેપ છે, પણ કાલિદાસની કૃતિઓને ગુજરાતીમાં ઉતારવાના એક પ્રયોગ તરીકે તેને અહીં સ્થાન આપ્યું છે. પશ્ચિમમાં આવા સંક્ષેપો યથાસંભવ મૂળની ભાષાને સાચવી રાખીને અપાય છે, તેવું પણ અહીં તો નથી.

શરૂઆતના ૪૦ પૃષ્ઠોમાં "સ્વાધ્યાય" નામક લેખમાં શ્રી ગાંધી "કાલિદાસને" પ્રતિભાનું મયૂરપિચ્છ" કહે છે. તેના જેવી જ સુંદરતા, મુલાયમપણું અને રંગછટા જેવું જ કંઈક કાલિદાસના સર્જનમાં છે તેવું સૂચવવાનો હેતુ દેખાય છે. પછી સમય ચર્ચા છે. તેમાં Allhabad Universities Studies Vol. (1926) માંના શ્રી ક્ષેમેશચંદ્ર ચટ્ટોપાધ્યાયના વિચારોનો આધાર લીધો છે. તે કાલિદાસને "શાંતિ, અમરતા અને સુંદરતા માટે સાધના કરનાર" કવિ કહે છે.

પૃ. ૪૬માં "હું કહું છું" માં વસ્તુપસંદગી, કવિના જીવન, સમય, નિવાસસ્થાન, જન્મસ્થાન અને હેતુ વિષે વિધાન કરતાં તે લાલસા યા વિલાસને આનંદમાં પરિવર્તિત કરે છે." એ વિધાન કરે છે. પાત્રચર્ચામાં કવિના સ્ત્રી વિષયક આદર્શની ચર્ચા કરતાં "તે કલ્પલતા જેવી છે" એમ કહે છે. સુદક્ષિણા, સીતા, પાર્વતી, ઉર્વશી અને શકુન્તલાના બાહ્ય સૌન્દર્યના અપૂર્વ સામર્થ્યથી કરેલા વર્ણન કરતાં યે તેમના અંતઃસૌન્દર્ય તરફ વધારે ધ્યાન આપ્યું છે, ઉર્વશી અને શકુન્તલાનો નંદનવનની ~~દિવ્યતા~~ દિવ્યલલિતલતાની જેમ હૃદયને સ્નેહાર્દ્ર કરી મૂકે છે, યક્ષપત્નીનું તે तन्वीश्यामा० શ્લોકમાંનું શબ્દચિત્ર દેહસૌન્દર્યનો આદર્શ

રજૂ કરે છે, તો કુમારસંભવમાં જાણે તપ અને રૂપનો સ્પર્ધાભાવ છે એમ કાલિદાસને બતાવવું છે એમ લાગે છે, વગેરે વિધાનો કરે છે. દિલીપ, રઘુ, અજ, દશરથ, રામ, ભગવાન શંકર, વગેરે પુરુષપાત્રો વિરાટ ભાવોવાળાં, જાણે ઐરાવત જેવાં પ્રચંડ અને સસાર છે.

નાટકના બધા વસ્તુને કાઉન ૧૬ પેજી ૪૪ પૃષ્ઠોમાં શમાવી લેતો સંક્ષેપ કર્યો છે, ~~૭૨-૭૩~~ પૃ. ૪૧થી પહેલો, ૫૧થી બીજો, ૬૫ થી ત્રીજો, ૭૧થી ચોથો અને ૭૬-૮૪માં પાંચમો અંક સમાઇ જાય છે. આધુનિક રંગમંચ, આધુનિક રુચિવાળા પ્રેક્ષકો કે રેડિયો નાટક તરીકે અનુકૂળ બનાવવાના હેતુથી જાણે સંવાદ વગેરેમાંયે આ જમાનાનાં લક્ષણ ઘૂસી ગયાં છે. તેથી કૃતિ સંક્ષેપયુક્ત ભાવાનુવાદ બને છે. સંવાદો અને પ્રસંગોમાં ક્યાંક ક્યાંક ભેળસેળ કરી છે તો ક્યાંક નવું ઉમેર્યું પણ છે. જેમ કે, પ્રથમ અંકમાં શ્લોક ૯ના રાજાના વચન સાંભળી ઉર્વશી: 'એમના બોલ ખરેખર ઉમદા છે, અથવા ચંદ્રમાંથી અમૃત :વરસે: એમાં શું આશ્ચર્ય?' એમ વિચારે છે તેને બદલે અહીં:

ઉર્વશી :મનમાં: પ્રિયતમ કેવાં મધુર વચન ઉચ્ચારી રહ્યા છે! પણ હું એમાં આશ્ચર્ય શા માટે પામું છું? ચંદ્રમાંથી તો અમૃત વરસે જ. :પ્રગટ: મારી પ્રિય સખીઓને મળવા હૈયું અધીરું બની ગયું છે. રાજન્! કહેશો એ બધી ક્યાં છે?" અંક ૧, શ્લોક ૧૫ અને પછીની રાજા અને ચિત્રરથ વચ્ચેની વાતચીતનો પ્રસંગ ભેળસેળ કરી આમ રજૂ કર્યો છે :

પુરૂરવા: <u>મહેન્દ્રના પણ મારા ઉપર ઘણા ઉપકારો છે, મિત્ર!</u>
હું, પણ ચિત્રરથ, ભગવાનને આ સમાચાર પહોંચાડયા કોણે?

ચિત્રરથ: આકાશની કેડીએ કેડીએ કિન્નરો તમારા વિજયની સ્તુતિ લલકારતા હતા – એ સ્તુતિમાંથી કેશીના પરાજયની, ઉર્વશીની મુક્તિની અને તમારા પરાક્રમની કિરણાવલી પ્રગટતી હતી. પૃ. ૪૭

ચિત્રરથ: પરાક્રમનો પુરસ્કાર લેવાની તમારાથી ના નહીં પાડી શકાય. :મૂળમાં તો अनुत्सेक: खलु विक्रमालंकार:

એ એટલુંજ છે.:

તો રાજા પુરૂરવા: :મૂળ અંક ૧, શ્લોક ૧૫: આ પરાક્રમ મારું નહીં પણ મહેન્દ્રનું હતું, મિત્ર ચિત્રરથ! વૃદ્ધજનની પ્રતિભાથી જ આપણે શત્રુઓ ઉપર વિજય મેળવીએ છીએ. સિંહ ભલે પર્વતની ગુફામાં બેસી ત્રાડ નાંખે પણ હાથીના ટોળાં એ ત્રાડથી નાચી જાય છે.

ચિત્રરથ: વીર પુરૂષોના મોંમાં આવા શબ્દો જ શોભે. નિરાભિમાની પણું તે આનું નામ.

ઉર્વશી: બહેન ચિત્રલેખા, જેના ઉપકારથી મારું હૈયું અને આંખો ઢળેલાં ને ઢળેલાં જ રહયાં છે એવા મહારાજ પુરૂરવાની મારી વતી તું રજા માગી લઇશ? મને સંકોચ થાય છે.

ચિત્રલેખા: તમારા બંનેની આંખો એટલું બધું બોલી છે કે આભારવિધિ માટે શબ્દોની લેવડ દેવડનો હું કશો જ અર્થ જોતી નથી. :પૃ. ૪૮:.

આ ખંડોમાં રેખાંકિત અંશો અને ઉર્વશી અને ચિત્રલેખાની આખી ઉક્તિ કાંતો ઉમેરો છે કે લેખકે જાણે ૨૦મી સદીની કોઇ સ્ત્રી યા સખીની વાણીનો રણકો તેમાં મૂક્યો છે. ભેળસેળ, ઉમેરા અને આધુનિકતાનું આખા સંક્ષેપમાં ઓછે વત્તે અંશે આવું જ સ્વરૂપ જોવા મળે છે. અહીં :૧: મૂળની નાન્દી છોડી દીધી છે. :૨: શ્લોકોનો અનુવાદ પદ્યમાં કર્યો નથી. તેમાંનો ભાવ ગદ્યમાં વણી લીધો છે ને તેય આખો અધૂરો આવે છે. :૩: ઘણા પ્રસંગો ટૂંકાવી

દીધો છે. :અ: અંક બે નો પ્રવેશક છોડયો છે.

:આ: પ્રમદવનનું કવિત્વમય વર્ણન પણ છોડયું છે.

:ઇ: ઉર્વશી અને ચિત્રલેખાનું બે વખતનું આગમન ઘણા સંક્ષેપે પતાવ્યું છે. તેવું જ રાણીના આગમન પ્રસંગનું પણ.

:ઈ: ત્રીજા અંકનાં મધ્યાહ્ન, સાયંકાળ તથા ચંદ્રોદયનાં મનોહર વર્ણનો તથા કંચુકી રાજાને રાણીનો સંદેશ પહોંચાડે છે તે ભાગ છોડયો છે.

:ઉ: ઉર્વશી અને રાજાના મિલનમાં પણ આછી રૂપરેખા છે. મૂળનો મોહક ભાવ આવતો નથી.

:ઊ: પાંચમા અંકનો પ્રવેશક છોડયો છે, ગીધનો પ્રસંગ ટૂંકાવી દીધો છે. તેવું જ આયુના આગમનથી અંત સુધીના ભાગ માટે પણ છે.

:ૠ: રાજાને સંગમનીય મણિનો પરિચય ભગવાન શંકર આપે છે એમ નિરૂપ્યું છે. પોતે ચોથા અંકની ધ્રુવાઓનો અનુવાદ કર્યો છે એમ નોંધ્યું છે. પણ તે આમાં છે નહીં. ચોથા અંકનો ઉપયોગ તો વાર્તાતંતુનો ખ્યાલ આપવા પૂરતો જ કર્યો છે. વિષ્કંભક ત્યાં પણ છોડયો છે.

આમ, આમાં મૂળના યોજના, અર્થગૌરવ, લાલિત્ય કે ધ્વનિનો પરિચય થાય તેવું ભાગ્યે જ કાંઇ જોવા મળે છે. તેથી સંક્ષેપ પણ મૂળના નાટકારને અસંતોષકારક લાગે તેવો છે.

નર્મદ યુગના ઉત્સાહી સાહિત્યકાર અને અનેક પરભાષાની કૃતિઓનો ભલે સારરૂપ કે માત્ર ભાવને વ્યક્ત કરતો સંક્ષેપ આપનાર શ્રી નારાયણ હેમચન્દ્રે પણ વિક્રમોર્વશીયની વાર્તા દરેક અંકનું એક પ્રકરણ કરીને પાંચ પ્રકરણ અને ૮૧ પૃષ્ઠોમાં રચી છે. તેની જે નકલ મળી તેનાં આગળનાં પૃષ્ઠો કાટેલાં હોઇ તેના રચના વર્ષની માહિતી મળી નથી. પણ ઇ. ૧૮૮૦ આસપાસ તે રચાયાનું અનુમાન થાય છે. તે દીવના વતની હતા. સ્વ. નરસિંહરાવ દિવેટિયાના મિત્ર હતા અને પરભાષાની કૃતિઓનો પરિચય આપીને ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવવાના ભારે અભિનિવેશવાળા હતા. પણ તેમની કૃતિઓમાં મોટે ભાગે તો સાર જ ઉતરી આવતો. અહીં પણ એમ જ થયું છે. થોડા નમૂના :

પૃ. ૧. "પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં પુરૂરવા નામે એક મહાપ્રતાપી રાજા હતો. તે એક દિવસ ગંગા તીરે ભગવાન સૂર્યદેવની ઉપાસના કરીને રાજમંદિર તરફ રથમાં બેસીને જતો હતો. થોડે દૂર પહોંચ્યો એટલામાં "હે આકાશ તળે વસનારાઓ, રક્ષા કરો, રક્ષા કરો, " આવાં વચનો સંભળાયાં તેથી રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે કોઇને શાંત પ્રકૃતિ સત્સ્વભાવશીલ મનુષ્ય ઉપર કોઇ જાતની વિપદ પડી છે, તેથી આવા કરૂણમય શબ્દથી કહે છે. એવા માણસને વિપદમાંથી છૂટો કરવો એ અવશ્ય કર્તવ્ય છે. એવું મનમાં નક્કી કરીને રથમાંથી ઉતરી જ્યાંથી અવાજ આવતો હતો તે તરફ ગયો. ત્યાં જઇને રાજા જુએ છે તો ત્રિભુવન રૂપ ગર્વને તોડનારી અનુપમ સુંદરીઓને મહાવ્યાકુળ ચિત્તથી રોતી જોઇ......

કોઇ કારણે તે કૈલાસ શિખર ઉપર ગઇ હતી. ત્યાંથી પાછા આવતાં કોઇ દુર્વૃત્ત દાનવ ચિત્રલેખા નામની અપ્સરા બીજી એક સખીની સાથે હરણ કરી ગયો છે..........

દુરાત્મા કેશીકૃત ઉર્વશીના નિગ્રહના......પૃ. ૧૨.

રાજા વિચારે છે: "ગમે તેમ હો. કંદર્પ અતિદુર્ગાકાંક્ષ ને સર્વ વિષયમાં કદી કોઇ રીતે કૃતકાર્ય થવાની સંભાવના નથી. તેવી વેળાએ એકાએક તેનો લોભ ઉત્પન્ન કરે છે. સુરાંગના શુન્ય માર્ગમાં પોતાને ઠેકાણે ગઇ. તથાપિ તેનાથી મારું મન નિવૃત્ત થતું નથી. જેમ રાજહંસી મૃણાલનો આગલો ભાગ તોડીને તેમાંનો સુત્ર ખેંચીને ગગનમંડળમાં ઉડે છે તેમ તે સુરસુંદરી મારા હૃદય કમળ ઉઘાડીને અંત:કરણમાં આકર્ષણ કરી જાય છે".

અંક ૨ પૃ. ૧૨ થી, ૩, પૃ. ૩૭થી, ૪ પૃ. ૪૮થી, અને અંક ૫ પૃ. ૬૬થી શરુ થાય છે. વાર્તામાં લેખક ક્યાંક ક્યાંક સંવાદોને ગૂંથી લે છે., ક્યાંક અમુક બનાવોને પોતે જ કહી નાંખે છે. તો ક્યાંક વિસ્તાર પણ કરે છે અને તેમાં પોતાના મનપર પડેલા અન્ય સંસ્કારો, કે જોયેલાં દૃશ્યોને ઉમેરે પણ છે. ઉપરના ખંડોને મૂળ સાથે સરખાવતાં લેખકની આ પ્રકારની સુધારા, વધારા, ઘટાડા કે ફેરફાર કરવાની પદ્ધતિ કેવા પ્રકારની છે તે સમજાય છે. પૃ. ૧૬ પર "વૈતાલિક મધ્યાહ્ન સૂચક સ્તુતિપાઠ કરે છે." એમ કહીને જે મધ્યાહ્ન નું વર્ણન કર્યું છે તે એક નોંધપાત્ર નમૂનો છે.

"મહારાજ, જગતપ્રમોદ પ્રસવિતા ભગવાન સૂર્યનારાયણની જોડે આપનું કંપન નથી. જુઓ દિવાકર પોતાના કિરણોથી અંધકારનો નાશ કરીને ભુમંડળમાંનાં સર્વ પ્રાણીઓને આનંદ આપે છે, મહારાજ, પણ યથા વિધિ શિક્ષણ આપી ને પ્રજામંડળીના ~~અંધકારરૂપી~~ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે. તે જેમ ગગનમંડળના મધ્યભાગ ઉપર રહીને પળમાત્ર વિશ્રામ કરે છે "તેમ" મહારાજ પણ મધ્યાહ્ન સમયે જરા વિશ્રામ કરે છે. મહારાજ, હમણા મધ્યાહ્ન થયો છે. દિનમણી ગગનની વચમાં આવીને પોતાના પ્રખર કિરણોથી દિગ્વલયદાહ કરે છે, ચાતકો ઘણા તાપથી

તાપિત થઇને ઉચ્ચસ્વરે પાણીની પ્રાર્થના કરે છે. પોપટ, મેના, કોકીલાદિ પક્ષિઓ સંતાપીત થઇને નિકુંજભવનમાં પ્રવેશ કરીને મધુર સ્વરથી પોતાના આંતરભાવ પ્રગટ કરે છે. હંસ સારસ બક વગેરે જળચરપક્ષીઓ સરોવરનું ગરમપાણી છોડીને કિનારાઉપરની કમલની સુશીતલ છાયામાં રહેલાં છે, મુસાફરો ઘણાજ થાકેલા તથા પરસેવાથી તર થયેલા સુશીતલ છાયામાં બેસીને થાક દૂર કરે છે, ખેડૂતો ઘણાજ થાકવાથી ખેડવાનું પડતું મૂકીને બળદોને છોડીને તેઓ તરસને માટે ઘરભણી દોડે છે, વરાહકુલ ગ્રીષ્મજ્વાલાથી ખાવાનું પડતું મૂકીને પલ્લવશાયી થયા છે, ભેંસો પ્રખર તડકાથી સંતાપિત થઇને ઉચ્ચુ મોઢું કરીને નદીકિનારે દોડે છે, હાથીઓનાં ટોળાં પાણીમાં પોતાનાં આખાં શરીર ડુબાડી સૂંઢ માત્ર ઉચ્ચી કરીને બેઠેલાં છે, હરિણી ખાવાનું છોડીને તરૂછાયામાં વિશ્રામ કરે છે અને હમણા મહારાજ નો વિશ્રામ કરવાનો સમય થયો છે."

અહીં નાટકનો વૈતાલિકની ઉક્તિવાળો શ્લોક ૧, તથા ૨૩ મૂળ તરીકે લઇને તેનો કેવો અર્થવિસ્તાર કર્યો છે તે જોઇ શકાય છે. તેમાં મૂળ ઉપરાંત પોતાના નિરીક્ષણ અને ઋતુસંહારના ગ્રીષ્મવર્ણનની વિગતો યથેચ્છ ઉમેરી છે, આમ મૂળને અનુસરવાની પરવા કર્યા વિના પોતાને જ્યાં જેટલું મૂકવા જેવું લાગ્યું ત્યાં તેટલું મૂકી દીધું છે.

તેથી લેખક નાટકની વાર્તા લખે છે પણ તેને ચુસ્તપણે અનુસરતા નથી. શૈલી જૂની છે. જોડણીમાં એકવાક્યતા નથી. છતાં તે સમયનો વિચાર કરતાં તે શિષ્ટ, સરળ, ગૌરવવતી અને સંસ્કૃતમય છે. સ્થળે સ્થળે મૂળની છાયા, શબ્દાવલિઓ આવે છે. છતાં તે અનુવાદને બદલે અર્ધસ્વતંત્ર અને નાટકને બદલે વાર્તારૂપ કૃતિ છે. તેજ રીતે તેમણે શાકુન્તલ નાટકની વાર્તા પણ શકુન્તલા નામથી લખી છે.

"વિક્રમોર્વશી – મહાકવિ કાલિદાસના સંસ્કૃત નાટકની ગદ્યાત્મક કથા" એ નામથી રા. કાશીરામ અંબાશંકર જાનીએ "સમાલોચક"ના ફેબ્રુઆરી અને માર્ચ – ૧૯૨૦ના અંકોમાં વાર્તા લખી છે. સ્વ. નારાયણ હેમચંદ્રની રચના કરતાં તે સંક્ષેપમાં છે. વાર્તાલેખકે મૂળની શબ્દાવલીને યથાસંભવ વાર્તામાં વણી લેવાનો પ્રયત્ન કર્યો છે. શ્લોકો અને ઉક્તિઓને સંક્ષેપમાં રજૂ કરી છે. ક્યાંક સંબંધ દર્શાવવા થોડો ઉમેરો કર્યો છે. તો ક્યાંક સ્વાભાવિકતાની લઢણ લાવવાનો પ્રયત્ન પણ છે. બેઉ અંકમાં મળી ૨૦–૨૫ પાનાં થાય તે રીતે રચના કરી છે. મૂળનાં પ્રકૃતિસૌંદર્યનાં વર્ણનોને મોટે ભાગે પડતાં મૂક્યાં છે. તે રીતે ઉર્વશીની મૂર્છાવસ્થા, તેમાંથી જાગ્રતિ, તે વખતે રાજાના મનમાં ચાલતા વિચાર, પ્રમદવનની શોભા, સાયંકાળની રાજમહેલની શોભા, મધ્યાહ્ન વર્ણન, ચંદ્રોદય વર્ણન, ચોથા અંકમાંનું મનોહર પ્રકૃતિવર્ણન – આદિને લગભગ છોડી દીધાં છે, પણ વસ્તુનો સાર એવી રીતે આપ્યો છે કે નાટકમાં શું બને છે તેનો ખ્યાલ વાચકને આવી જાય. નાન્દી છોડી છે. ને પછી "દોડો, રે! દોડો, દેવતાઓના પક્ષપાતી કોઇ છે કે? આકાશમાર્ગે ગતિ કરી શકે તેવા કોઇ અમારું રક્ષણ કરો, રે, રક્ષણ કરો!"

"ગમગીન માર્ગમાં પ્રવાસ કરનારી મેનકા, રંભા, સહજન્યા વિગેરે અપ્સરાઓએ આક્રંદ અને વિલાપની ચીસો પાડી કોઇ શૂરવીર પુરૂષની ~~સહાયની~~ સહાયની યાચના કરી. આજ વખતે દેવ થોડો ચંદ્રવંશી ચક્રવર્તી રાજા પુરૂરવા પોતાના સોમદત્ત નામના રથમાં બેસી સૂર્યદેવની વંદના કરી સૂર્યમંડળમાંથી પૃથ્વી તરફ પાછો ફરતો હતો. અબળાઓના આ શોકોદ્ગાર સાંભળીને આ ક્ષત્રિપુત્રે પોતાનો રથ ફેરવવા સારથિને આજ્ઞા આપી અને અપ્સરાઓ પાસે આવી તેમને આશ્વાસન આપવા માંડ્યું.

"શાંત થાઓ અને ભયથી કંપો નહીં. વિતેલી વાત સ્વસ્થપણે મને નિવેદન કરો. કયા અધમનરપશુથી તમારું રક્ષણ કરવાનું છે?"

આ નમૂનો, અથવા

પુરૂરવા વિનયપૂર્વક બોલ્યો, "મિત્ર, ઇંદ્રમહારાજના જ પ્રતાપથી મેં દૈત્ય ઉપર વિજય મેળવ્યો છે અને તેનું બહુમાન ઘટે છે પણ તેમને જ." ચિત્રરથે કહ્યું, "ખરેખર, વિનય એજ પરાક્રમનું ભૂષણ છે." પુરૂરવા બોલ્યો, "મિત્ર, મહેન્દ્રને મળવાનો આ યોગ્ય સમય નથી. તમે જ આ સુંદરીને એમની સમક્ષમાં લઇજાઓ. અન્યકોઇ પ્રસંગે હું મહેન્દ્ર ભગવાનને જરૂર મળીશ." ચિત્રરથની આજ્ઞા થતાં જ સર્વે અપ્સરાઓ ઇન્દ્રપુરી જવામાટે આકાશ માર્ગે પ્રયાણ કરવા મંડી. ઉંચે જતાં રસ્તામાં અચાનક અટકી પડી ઉર્વશી બોલી, "સખી, ઉભી રહે, ઉભી રહે. મારી વૈજયન્તીમાળા આ લતામાં કેવી ભરાઇ ગઇ છે! બ્હેન, જરા છોડાવતો!" ચિત્રલેખાએ ધીમે ધીમે માળાને લતાના બંધનમાંથી છોડાવી. તેટલો વખત રાજા અને ઉર્વશી એકેક તરફ અનિમેષ દ્રષ્ટિએ જોઇ રહયાં. રાજા મનમાં બોલ્યો, "અહો, લતા! તેં મારા પર અતુલ ઉપકાર કર્યો. તેં એ સ્વર્ગ સુંદરીને અટકાવી તેથી મને થોડીવાર નેત્રસુખ મળ્યું અને તેને પણ તેટલો વખત મને જોઇને શાંતિ થઇ."

આમ પહેલા અંકની વાર્તા આપે છે. તેની મૂળ સાથે તુલના કરવાથી ઉપર્યુક્ત વિધાનની સત્યતા સ્પષ્ટ થાય છે. ક્યાંક વાર્તાને બહલાવવાનો પ્રયત્ન પણ છે. જેમકે, રાણીએ ઔશીનરીએ રાજાના રહસ્યદુર્ગને ભેદવાનું કામ દાસી નિપુણિકાને સોંપ્યું છે તે પ્રસંગનું મૂળમાં તો માત્ર સૂચન જ છે, પણ વાર્તાલેખક તેને આ રીતે રજૂ કરે છે:

રાજાના મનની આવી અસ્વસ્થ સ્થિતિ જોઇ રાણી બહુ ઉદ્વેગ પામી. "પોતાના પતિનું મન શાથી ભ્રમિત થયું? રાજકીય બાબતો પર દુર્લક્ષ, પોતાના તરફ અપ્રીતિ, અને બીજી ચીજોપર અભાવ થવાનું કારણ શું હશે? બીજી કોઇ સ્વરૂપવતી યુવતીના પ્રેમપાશમાં તે બંધાયેલ હશે?" આ પ્રમાણે તર્કવિતર્ક કરતી રાણીઓ પોતાની વિશ્વાસુ દાસી ~~નિપુણ~~ નિપુણિકાને બોલાવી કહ્યું, "બ્હેન નિપુણિકા, સૂર્યલોકમાંથી આવ્યા ત્યારથી આર્યપુત્રનું મન અસ્વસ્થ જણાય છે. તેમને કોની લગની લાગી છે તે તેમના મિત્ર વિદૂષક માણવકને ખબર હશે. માટે ગમે તે યુક્તિ કરીને તે જાણી લાવશે કે?" નિપુણિકાએ જવાબ આપ્યો, "દેવિ! આવું સ્હેલું કામ પણ હું ન કરી શકું એમ ધારો છો? કમળપત્રપર ઝાકળનું બિંદુ કેટલીવાર સ્થિર રહે છે? કુતરાના પેટમાં ખીર કેટલીવાર ટકે છે? એજ પ્રમાણે એ લાડુભટના પેટમાં ગુપ્તવાત પણ વધારેવાર ટકવાની નથી........

o o o o o o o o o o o o

"અરે, વાહ, ચિત્રામણમાં આલેખેલા વાંદરજી જેવા જ જણાતા માણવક ભટજી તો આ મૌન ધારણ કરી અહીં બેઠા છે ને શું? અહો! બગલાની માફક કેવું ધ્યાન ધરીને બેઠો છે મૂવો!...........

આમ મૂળની શબ્દાવલીને રજૂ કરતાં કરતાં અને થોડો વિસ્તાર તો થોડો સંક્ષેપ કરતાં કરતાં આ વાર્તા વહયે જાય છે. તેમાં સુવાચ્યતા છે, સરળતા છે, તે જમાનાના વાચકોને મૂળનો સામાન્ય ખ્યાલ આપી દેવાની ક્ષમતાપણ છે. આ રીતે કાલિદાસને રજૂ કરવાના પ્રયત્નોનો ખ્યાલ આવે માટે સ્વ. નારાયણ હેમચંદ્ર અને આ લેખકની કૃતિમાંથી નમૂનારૂપ ઉદાહરણો આપીને વિચાર કર્યો છે.